णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# સદા મગન મેં રહના

આપ સ્વભાવ - સજ્ઝાયની

ચિંતન ધારા

સમાધિની ૧૦૦% ગેરંટી

## પ્રિયમ્

• પ્રેષક •

**શા. બાબુલાલ સરેમલજી**

"સિદ્ધાચલ", સેન્ટ એન્સ સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

E-mail : ahoshrut.bs@gmail.com

# આત્મસ્વભાવ-સ્વાધ્યાય

આપ સ્વભાવમાં રે, અવધૂ! સદા મગનમેં રહના।
જગત જીવ હેકર્માધીના, અચરિજ કછુઅ ન લીના ॥૧॥

તું નહિં કેરા કોઈ નહિં તેરા, ક્યાં કરે મેરા મેરા?।
તેરા હૈ સો તેરી પાસે, અવર સબ હી અનેરા ॥૨॥

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈન કા વિલાસી।
વપુ સંગ જબ દૂર નિકાશી, તબ તુમ શિવ કા વાસી ॥૩॥

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખ કા દીસા।
જબ તુમ ઉન કો દૂર કરીસા, તબ તુમ જગ કા ઈસા ॥૪॥

પર કી આશા સદા નિરાશા, એ હે જગ જન પાશા।
વો કાટન કું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા ॥૫॥

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી।
કબહીક જગ મેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલ કી બાજી ॥૬॥

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનોહારી।
કર્મ કલંક કું દૂર નિવારી, જીવ વરે શિવનારી ॥૭॥

## પરિશીલન

ધરતી જાણે જ્વાળાઓ ઓકી રહી છે ને આકાશ જાણે અંગારા વરસાવી રહ્યું છે... પંખીઓ કોઈ ને કોઈ વૃક્ષની ઓથમાં લપાઈ ગયા છે. પશુઓ છાયાની શોધ કરીને સ્થિર થઈ ગયા છે... માણસો અવનવા શીત - ઉપચારોનો આશરો લઈ રહ્યા છે... એ સમયે એક પોળના પથ્થરિયા રસ્તા પર બે ખુલ્લા પગો ઠંડક સાથે ધીમા ધીમા પગલા ભરી રહ્યા છે, જાણે એ રસ્તો તપેલા તવા જેવો નહીં, પણ મૃણાલ-નાલ જેવો શીતળ હોય.... નીચે ખુલ્લા પગ ને ઉપર ખુલ્લુ માથુ, જાણે સૂરજમાંથી અંગારા નહીં, પણ ચન્દ્રમાંથી ચાંદની વરસી રહી હોય....

અજાયબી... વિસ્મય.... આશ્ચર્ય..... અદ્ભુત.... બધાં જ શબ્દો મોળા પડી જાય, એવું સમૃદ્ધ છે એ વ્યક્તિત્વ. દુનિયા જેમાં કરમાઈ જાય છે, એમાં એ અનેકગણું ખીલી ઉઠે છે. અહીં પ્રત્યક્ષ થાય છે પરમર્ષિનું વચન -

**लोगधम्मेहिंतो लोगुत्तरधम्मगमणेण ।** (પંચસૂત્ર)

પ્રવ્રજ્યાનો અર્થ છે લોકધર્મથી લોકોત્તર ધર્મમાં પ્રયાણ.

અહીં જીવંત બને છે આગમનો ઉપદેશ -

**अणुसोओ संसारो पडिसोओ तस्स उत्तारो ।** (દશવૈકાલિકસૂત્ર)

અનુસ્રોત ગમન એ જ સંસાર,

પ્રતિસ્રોત ગમન (સામે પ્રવાહે તરવું) એ જ મોક્ષ.

અહીં સાક્ષાત્ બને છે ગીતાનું સંગીત -

**तास्ता आश्चर्यदशा - स्तादृशा एव जानते ।** (અષ્ટાવક્રગીતા)

તેમની તે તે આશ્ચર્ય દશાઓને તેમના જેવા જ સમજી શકે છે.

"ધર્મલાભ". મધુર અને ગંભીર સ્વરલહરી એક ઘરના ફળિયામાં ઘૂમી વળીયા. ભાવભીના આવકારે એ સંતનું સ્વાગત કર્યું. સંતના પગલે પગલે આંગણું પાવન થઈ ગયું... ઓસરી મહેંકી ઉઠી... ને ઘર... એની તો દેવોને ય ઇર્ષ્યા આવી ગઈ. અતિ આગ્રહ ને અલ્પ ગ્રહણ... સંત "ધર્મલાભ" કહીને આગળ વધ્યા. આખું ય ઘર એ અલગારી અસ્મિતા પર ઓવારી ગયું. એ ઓવારણાઓ અને એ વંદનાવલિઓથી તદ્દન નિર્લેપપણે આગળ વધ્યા છે એ સંત. આગળના ઘર પાસે "ધર્મલાભ" ના આશિષ સાથે એ સંત ઊભા રહ્યા. પગ સ્થિર થયા ને જાણે રસ્તાની ઉષ્ણતાના ગુણાકાર થઇ ગયા. ઘરમાંથી કોઈ જ પ્રતિભાવ નથી. પગ દાઝી રહ્યા છે, ને છતાં ય મુખમુદ્રા પર શીતળતાનું એકછત્રી સામ્રાજ્ય છવાયેલું છે. સંત હજી આગળ વધ્યા. 'ધર્મલાભ' નો મંગલ ઘોષ હજી તો ગુંજી રહ્યો હતો, ત્યાં તો અંદરથી મર્મવેધી અવાજ આવ્યો, "હરામખોર! આગળ જા." ને સંત આગળ વધ્યા. દ્રવ્યથી પણ અને ભાવથી પણ. જ્ઞાનની પરિણતિ અને પતન આ બંને એક સાથે હોવા શક્ય જ નથી. સંત પાસે જ્ઞાનનો ભાર નહીં, પણ જ્ઞાનની પરિણતિ હતી. આગમવાણી એમની રગ રગમાં વહેતી હતી -

**वंदिज्जमाणा न समुक्कसंति,**

**हीलिज्जमाणा न समुज्जलंति ।**

**दंतेण चित्तेण चरंति धीरा,**

मुणी समुग्घाइयरागरोसा ॥ (આવશ્યકનિર્યુક્તિ)

કોઈ વંદન કરે, તો ગર્વ પણ નહીં.

ને કોઈ અપમાન કરે, તો રોષ પણ નહીં.

રાગ અને દ્વેષનો જ્યાં કચ્ચરઘાણ વળી ગયો છે.

ચિત્તવૃત્તિ જ્યાં 'દમ' નું અતિક્રમણ કરવા અસમર્થ બની છે.

એનું નામ ધીર... એનું નામ મુનિ.

"ધર્મલાભ". આગળના ઘરમાં આ ધ્વનિતરંગો શાંત થયા, એની પહેલા તો 'પધારો પધારો' ના ભાવાવેશોનો ઘસારો એ અવધૂતને વીંટળાઈ વળ્યો. નાના-બાળકો સંતનો હાથ પકડીને એમને અંદર તાણી ગયા. ગણતરીની ક્ષણોમાં નાના-મોટા ત્રીશેક ભાજનો ખૂલી ગયા. દરેક વસ્તુ ઉંધુ વાળવાનો બધાનો મનોરથ અને કોઈક જ વસ્તુ થોડી લઈને સંતનું પ્રતિગમન... ધન ધન શાસન મંડન મુનિવરા.... જેમનું મૌન પણ પ્રભાવક પ્રવચન છે, જેમની અસ્મિતા ય અનવગણીય ઉપદેશ છે.

ક્યાંક પધારો... તો ક્યાંક જાકારો... ક્યાંક પક્વાન... તો ક્યાંક લૂક્ખા રોટલા... ક્યાંક ભાવભીની ભક્તિ... તો ક્યાંક આકરા શબ્દપ્રહારો... કેટલું સરસ મજાનું છે મુનિજીવન!... કેટલી વૈજ્ઞાનિક છે મુનિચર્યા! ... દિવસના પહેલા બે પ્રહરમાં સ્વાધ્યાય અને ધ્યાનના માધ્યમે જે સાધના કરી, જે આત્મપરિણતિ પ્રાપ્ત કરી, એની પરીક્ષા ત્રીજા પ્રહરમાં થઈ જાય છે. આ એક એવો અગ્નિ છે, જેમાં પરિપક્વ થઈને સાધના સિદ્ધિને આંબી જાય છે.

**लाभेऽप्यलाभे च सुखे च दुःखे,**

**ये जीवितव्ये मरणे च तुल्याः।**

**रत्याऽप्यरत्याऽपि निरस्तभावाः,**

**समाधिसिद्धा मुनयस्त एव ॥** (समाधिसाम्यद्वात्रिंशिका)

લાભ કે અલાભ... સુખ કે દુઃખ... જીવન કે મરણ... રતિ કે અરતિ... સર્વત્ર જેમનો સમભાવ અસ્ખલિત છે, તેઓ જ સમાધિસિદ્ધ મુનિવરો છે.

નિર્દોષ નિર્વાહ... તિતિક્ષા... સામ્યસિદ્ધિ... શાસન-પ્રભાવના.... કેટલું મોકળું છે માધુકરીનું હૃદય!... કેટલા યથાર્થ છે શાસ્ત્રવચનો!....

**जिणसासणस्स मूलं भिक्खायरिया जिणेहिं पण्णत्ता।**

ભિક્ષાચર્યા એ જિનશાસનનું મૂળ છે, એવું જિનેશ્વરોએ કહ્યું છે.

માટે જ માધુકરીનો મહિમા **ઉપનિષદો**માં ય ગવાયો છે -

**चरेन्माधुकरीं नित्यं, भिक्षुर्नीचकुलादपि।**

**एकान्नं नैव भुञ्जीत, बृहस्पतिसमादपि ॥**

ભિક્ષુ નીચ કુળથી પણ હંમેશા 'માધુકરી' ચર્યા કરે, પણ બૃહસ્પતિ જેવાના પણ એક ઘરેથી ન જમે.

સંત પોળના નાકા સુધી આવી ગયાં. છેલ્લા ઘર પાસે આવીને 'ધર્મલાભ' બોલ્યા, ત્યાં તો આંગણામાં પાણી ગરમ કરવાના ચૂલા પાસે ઊભેલી સ્ત્રી એક સળગતું લાકડું લઈને

આગળ ધસી આવી, તેની ભાષામાં તેણે જે કોલાહલ કર્યો, તે સાંભળીને ઘરમાંથી બે પુરુષો – એક પિતા ને એક પુત્ર-દોડીને બહાર આવ્યાં. હાથમાં કડિયાળી ડાંગ હતી, એક કારમો પ્રહાર થતાની સાથે સંત પડી ગયા. ભિક્ષાપાત્ર થોડું ભાંગી ગયું. ભિક્ષા થોડી બહાર વેરાઈ ગઈ. આજુ-બાજુના લોકો વચ્ચે પડે, એ પહેલા પેલા બંનેએ મળીને પાત્રનો ચૂરો કરી દીધો. બધી જ ભિક્ષા ધૂળમાં મેળવી દીધી. પેલી સ્ત્રીનો લવારો હજી ય ચાલુ છે. પડોશની બે-ત્રણ સ્ત્રીઓ અને ચાર-પાંચ પુરુષો જોર કરીને તેમને ચૂપ-ચાપ અંદર તાણી ગયા છે. બહાર જે બચ્યા, તેમની આંખોમાં ઝળહળિયા છે અને મુખ પર દિલગિરી છે.

અટ્ઠમનો તપ, બળતો બપોર, થોડું થોડું લઈને સંચિત કરેલી ભિક્ષા, નિરપરાધ વૃત્તિ.... ને આ કરુણ પ્રહાર, ભિક્ષાપાત્રનો ચૂરો ને બધી જ ભિક્ષા શબ્દશઃ ધૂળ ભેગી. લોકોની આંખમાંથી રીતસર અશ્રુધારા વહી રહી છે, જ્યારે એ તપકૃશ દેહના એક રુંવાડાને ય ઘટી ગયેલી ઘટનાની જાણે જાણ સુદ્ધા નથી. ચહેરાની શીતળતા ય સલામત છે, ને ચિત્તની પ્રસન્નતા પણ.

કદાચ સંતને દિલાસો આપવાનો આ અવસર હતો, પણ વાસ્તવમાં સંતની પ્રસન્નતા લોકોને દિલાસો આપી રહી હતી. પાત્રના ચૂરા અને રજમિશ્રિત ભિક્ષાનો ઉચિત સ્થાને જયણાથી ત્યાગ કરીને સંત વનનિકુંજની દિશામાં જઈ રહ્યા છે અને આંતરસંગ્રામમાં સ્વપ્ને ય પીઠ ન દેખાડનારા એમની પીઠને લોકો અશ્રુપૂર્ણ અર્ઘ્ય અર્પી રહ્યા છે. જે રીતે તેમણે ઘરનું આંગણું પાવન

કરેલ, બરાબર તે જ રીતે એ વનનિકુંજને પણ પાવન કરી રહ્યા છે. કારણ કે એ બંને અવસ્થામાં એમની મનઃસ્થિતિની તુલ્યતા અકબંધ હતી. ભક્ત ને શત્રુ આ બંને તેમના લોકોત્તર શબ્દકોષમાં પર્યાય શબ્દો હતા. **अपमत्तो पमत्तेहिं पिंडवायं गवेसए** આ ભગવદ્‌વચનની પરિણતિ એમને આત્મસાત્ હતી.

અંદર... હજી અંદર... વધુ અંદર... નિકુંજ વધુ ને વધુ નિબિડ બની રહ્યું છે, ને સંત આગળ વધી રહ્યા છે. લતાઓએ જ્યાં ગુફા જેવો ઘાટ આપ્યો છે, એવા એક સ્થાને સંત અટકી ગયા છે. કુદરતની કરામત જેવા એ સ્થાનને વિધિવત્ પ્રમાર્જીને સંત પર્યંકાસને બેસી ગયા છે. નેત્રો નિરાયાસપણે મિંચાઈ ગયા છે... ને ભીતરમાં પ્રતિષ્ઠિત સમભાવની રક્ષા માટે આત્માનુશાસનની વાડ નવરચના પામી રહી છે....

**આપ સ્વભાવમાં રે અવધૂ!**
**સદા મગન મેં રહના।**
**જગત જીવ હૈ કર્માધીના**
**અચરિજ કછુઅ ન લીના ॥૧॥**

**હે અવધૂત!**
**તું સદા ય આત્મસ્વભાવમાં મગ્ન રહેજે.**
**જગતના જીવો તો કર્માધીન છે.**
**તેમાની કોઈ ચેષ્ટા પર વિસ્મિત બનવા જેવું નથી.**

સંસ્કૃતમાં આત્મન્ શબ્દ... પ્રાકૃતમાં અપ્પ બને છે...

જેના પરથી ગુજરાતીમાં **આપ** શબ્દ ઉતરી આવ્યો છે. આપ સ્વભાવ એટલે આત્મસ્વભાવ. અવધુત સ્વયં પોતાના આત્માનું અનુશાસન કરે છે, કે તું હંમેશા આત્મસ્વભાવમાં મગ્ન રહેજે. કદાચ મન બળવો કરે કે 'શા માટે? કોઈ જ અપરાધ વિના આટલી હદના અપમાનો થાય, તો ય આત્મસ્વભાવમાં જ મગ્ન રહેવું? આખરે શા માટે?' તો એ મનનું સમાધાન અવધૂત! એવા આત્મસંબોધનમાં જ સમાઈ ગયું છે.

**अवधुनात्यखिलपरभावानित्यवधूतः**

જે બધાં જ પરભાવોને ખંખેરી નાખે, એનું નામ અવધૂત. હું અવધૂત છું. માટે આત્મસ્વભાવમાં મગ્નતા, એ જ મારી અસ્મિતા છે.

કોઈ પણ પરિસ્થિતિ.... કોઈ પણ વચન... કોઈ પણ વ્યક્તિ... કોઈ પણ વસ્તુ આપણા આત્મસ્વભાવની મગ્નતાને બાધિત ન કરે, તો જ્ઞાનીઓ આપણને 'અવધૂત' કહેવા માટે તૈયાર છે. આગમોનું આ એલાન છે -

**तो समणो जइ सुमणो**

**भावेण य जइ न होइ पावमणो ।**

**सयणे य जणे य समो**

**समो य माणावमाणेसु ॥** (આવશ્યકનિર્યુક્તિ)

સ્વજન ને જન જેને મન સમાન છે. માન ને અપમાનમાં જેને મન કોઈ ફેર જ નથી. પાપ જેના મનને સ્પર્શી શકતું નથી, તે 'શ્રમણ' છે. 'શ્રમણ' ના પદને પામવાની યોગ્યતા છે 'સુમન'.

જેનું તાત્પર્ય છે આત્મસ્વભાવમાં મગ્ન મન.

**આપ સ્વભાવમાં રે અવધૂ !**

**સદા મગન મેં રહના**

આર્થિક અનુકૂળતા થયા પછી નવું નિવાસસ્થાન પસંદ કરવામાં આવે, ત્યારે એ પસંદગીનું માપદંડ શું હોય ? હવા-ઉજાસ-મોકળાશ-અનુકૂળતા-શાંતિ-સ્વચ્છતા... બરાબર છે. પણ એ બધા માપદંડોનું પણ માપદંડ શું છે? સુખ. જો નિવાસસ્થાનની પસંદગી મને સ્વાધીન હોય, તો મારે ત્યાં જ રહેવું જોઈએ, કે જ્યાં મને સુખ મળે.

સરસ ગણિત છે. હવે જરા કલ્પનાની કસરત કરીએ. આપણી ધારણા મુજબના ઉત્કૃષ્ટ નિવાસસ્થાનની કલ્પના કરીએ. સાત માળની હવેલી હોય, રમણીય પરિસર હોય, ધારાગૃહ અને શીતગૃહ હોય, વાવડીઓ અને બગીચા હોય, ક્રીડાગૃહ અને મનોરંજનગૃહ હોય, નાટ્યગૃહ અને નૃત્યગૃહ હોય, કદાચ દુનિયાભરના સુખસાધનો ઠલવાયા હોય, છતાં પણ શું એવું સંભવિત નથી, કે એ નિવાસસ્થાનમાં રહેનારી વ્યક્તિ દુઃખી હોય? શું એ શક્ય નથી કે એ વ્યક્તિ બોર બોર જેટલા આંસુ પાડતી હોય ? એ સંભવિત છે, શક્ય છે અને પ્રત્યક્ષ જોવાતી વાસ્તવિકતા છે.

શાસ્ત્રની આંખે જોઈએ તો અહીંના સર્વોપરિ શ્રીમંત કરતાં ય એક વ્યંતરદેવના સુખ સાધનો વધુ શ્રેષ્ઠ હોય છે, તેના કરતા પણ એક ભવનપતિ દેવના સુખ સાધનો વધુ શ્રેષ્ઠ હોય છે. તેના કરતા પણ વૈમાનિક દેવના સુખ સાધનો વધુ શ્રેષ્ઠ હોય છે. આ

રીતે આગમમાં તેઓના સુખ સાધનો ઉત્તરોત્તર અનંત અનંત ગણા શ્રેષ્ઠ હોય છે, એમ કહ્યું છે. દુન્યવી દૃષ્ટિએ તેમનું સુખ શ્રેષ્ઠ કક્ષાનું હોવું જોઈએ, કારણ કે તેમનું નિવાસસ્થાન શ્રેષ્ઠ કક્ષાનું છે. દુનિયા જેની કલ્પના પણ ન કરી શકે એવો વૈભવ અને એવા સુખસાધનો તેમના નિવાસસ્થાનમાં સુલભ છે. પણ શું તેઓ સુખી છે?

**ઉપદેશમાલા** ગ્રંથમાં દેવલોકના સુખોનો ય પર્દાફાશ કર્યો છે -

**इसा - विसाय - मय - कोह - मायालोभेहि एवमाईहिं।**

**देवा वि समभिभूआ तेसिं कत्तो सुहं नाम ?॥**

ઈર્ષ્યા, વિષાદ, મદ, ક્રોધ, માયા, લોભ-આવા અનેકાનેક દોષો જેમના જીવતરને ઝેર બનાવી રહ્યા છે, એ દેવોને સુખ ક્યાંથી હોઈ શકે?

**મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મસાર** મહાગ્રંથમાં દેવોની આ કરુણ સ્થિતિનો ચિતાર રજુ કર્યો છે. **विषमिश्रितपायसान्नवत्** આ શબ્દો દ્વારા દિવ્ય સુખ પણ ઝેરી દૂધપાક જેવું છે. ખરેખર એ દૂધપાક નહીં પણ ઝેર જ છે.... સુખ નહીં પણ દુઃખ જ છે, આ વાસ્તવિકતાને સ્પષ્ટ કરી છે. દેવીના ચ્યવન સમયે માથુ પછાડી પછાડીને રડતા દેવો... પ્રિય રત્નોની ચોરીથી સાન-ભાન ગુમાવી બેઠેલા દેવો.... આયુષ્યના અંતને સમીપ જાણીને બહાવરા બની ગયેલા દેવો... આગામી ભવના ગર્ભાવાસને જોઈને હૃદયસ્ફોટક વિલાપ કરતા દેવો....

**घटते तत्र कथं सुखस्थितिः ?** ના... દેવલોકમાં ય સુખનું નામોનિશાન નથી....

ફરી પેલા 'સરસ ગણિત'ને દૃષ્ટિગોચર કરીએ - મારે ત્યાં જ રહેવું જોઈએ, જ્યાં મને સુખ મળે. લાખોપતિ, કરોડોપતિ, અબજોપતિ, રાજા, મહારાજા, ચક્રવર્તી, દેવો, દેવેન્દ્રો બધાં જ દુઃખી છે, એનો અર્થ એ જ છે, કે તેમના નિવાસસ્થાનો સુખદાયક નથી. ચાલીનું સાંકડુ ઘર, એપાર્ટમેન્ટમાં ફ્લેટ, ડ્યુપલેક્સ ફ્લેટ, વૈભવી બંગલો કે દેવલોક - આ બધા જ નિવાસસ્થાનો સુખ આપવા માટે તદ્દન અસમર્થ છે. તો ક્યાં રહેવું? અવધૂતનું અનુશાસન એમને પણ પ્રત્યુત્તર આપી રહ્યું છે, અને આપણને પણ...

**આપ સ્વભાવમાં રે અવધૂ!**

**સદા મગન મેં રહના**

આત્મસ્વભાવ એ વિશ્વનું સર્વ શ્રેષ્ઠ નિવાસસ્થાન છે. જે એમાં સદામગન - સ્થાયી થઈ જાય છે, એ પરમ સુખી બને છે.

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासो अनात्मदर्शिनाम् ।**

**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ॥** (સમાધિતંત્ર)

આત્મસ્વભાવનું સૌન્દર્ય જેમણે જોયું નથી, તેમનો નિવાસ ગામમાં કે વગડામાં હોય છે, પણ જેમણે એક વાર એ સૌન્દર્યનું દર્શન કરી લીધું છે, તેમનો નિવાસ માત્ર ને માત્ર આત્મસ્વભાવમાં જ હોય છે.

વિષ્ટાની આસક્તિ ત્યાં સુધી જ ટકી શકે, જ્યાં સુધી

અમૃતભોજનનો આસ્વાદ માણ્યો નથી. અહીં - તહીંની રઝળપાટ ત્યાં સુધી જ થઈ શકે, જ્યાં સુધી આત્મસ્વભાવમાં મગ્નતાનો મહાનંદ માણ્યો નથી. એક વાર આ મગ્નતાને માણ્યા પછી તો એ પોતાને પણ આ જ અનુશાસન કરે, અને બીજાને પણ આ જ અનુશાસન કરે.

## આપ સ્વભાવમાં રે અવધૂ!
## સદા મગન મેં રહના

સારામાં સારી ગણાતી હોટલો પણ પોતાની જાહેરાતોમાં 'ઘર જેવી સગવડ' આપવાનો દાવો કરતી હોય છે. અને મજાની વાત એ છે કે આ દાવા દ્વારા તેઓ ખુદ એ વાતની કબૂલાત કરે છે, કે પંચતારક હોટલ કરતાં પણ ઘર એ રહેવાનું વધુ સારું સ્થાન છે. પણ ખરો પ્રશ્ન એ છે કે ઘરનો અર્થ શું? ઘર કોને કહેવાય? જે પોતાનું હોય, જ્યાં કોઈની પરવશતા કે લાચારી ન હોય. જ્યાં પ્રવેશ કરવા માત્રથી હૂંફનો અનુભવ થાય. મનોરંજનના કે હરવા-ફરવાના સ્થાનોમાં પણ જેની યાદ આવે, ને સહજપણે જ્યાં જવા માટે પગ વળી જાય, એનું નામ ઘર.

હવે આ પરિભાષાથી વિચાર કરીએ, તો જેને લોકો ઘર કહે છે, એ ખરેખર 'ઘર' હોય છે ખરું? આત્મીયતા, હૂંફ ને સ્મરણીયતાનો ત્રિવેણી સંગમ એમાં ખરેખર હોય છે ખરો?

રસ્તા ઉપર એક માણસ લોહી લુહાણ દશામાં પડ્યો હતો. લોકોને દયા આવી ગઈ. એને દવાખાને લઈ ગયા. ઉપચારો કર્યા, પાટાપિંડી કરી, એને થોડો નાસ્તો કરાવ્યો, એ માણસ સ્વસ્થ થઈ

ગયો. દવાખાનાની બહાર આવીને ત્યાં જ રસ્તાની એક બાજુ પ્રસન્નતાથી બેસી ગયો. લોકોને આશ્ચર્ય થયું, એને કહ્યું, "તું હવે ઘરે જા." એણે નારાજગી સાથે કહ્યું, "ઘરે તો મારી આ હાલત થઈ છે, હવે પાછો ઘરે મોકલીને તમારે મને મારી નખાવવો છે કે શું?"

સ્થૂલ મારપીટ કદાચ કોઈની જ થતી હશે, પણ સૂક્ષ્મ મારપીટ તો કોની નહીં થતી હોય, એ પ્રશ્ન છે. કોઈએ માર્મિક વાત કરી છે -

**જીવનની સમી સાંજે મારે જખમોની યાદી જોવી હતી,**
**બહુ ઓછા પાના જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતા.**

આત્મીયતા.... હુંફ.... સ્મરણીયતા.... કશું જ નથી, અર્થાત્ એ 'ઘર' નથી. લૌકિક શાસ્ત્રોમાં ઘરની વ્યાખ્યા આ રીતે કરેલ છે -

**न गृहं गृहमित्याहु - गृहिणी गृहमुच्यते**

ઘર એ ઘર નથી, ગૃહિણી - પત્ની એ ઘર છે. ઠીક, આ ઘરનું પણ પર્યેક્ષણ કરી લઈએ.... કેટલી આત્મીયતા.... કેટલી હૂંફ.... કેટલી સ્મરણીયતા...

નાનકડો પિન્ટુ.... સમાનાર્થી કોષના પાના ઉથલાવતો હતો. પપ્પા એની જિજ્ઞાસાભરી દૃષ્ટિને જોઈ જ રહ્યા છે. ત્યાં તો એણે પ્રશ્ન કર્યો, "પપ્પા! આ ભાર્યા, પત્ની, અર્ધાંગિની, વિવોઢા, મહિલા - આ બધું શું હોય?" આજુ-બાજુમાં જોઈને પપ્પાએ ધીમેથી જવાબ આપ્યો, "મુસીબત એક, નામ અનેક."

એક સમયે શૃંગારરસમાં ગળાડૂબ રહેતા ભર્તૃહરિને ય એક દિવસ કબૂલાત કરવી પડી છે -

**दुःखैकहेतुर्न हि कश्चिदन्यः**

દુઃખોનું અનન્ય કારણ કોઈ હોય, તો એ સ્ત્રી છે. ('સ્ત્રી' શબ્દથી અહીં કામપૂર્તિ માટે અભિમત પાત્ર સમજવાનું છે. માટે સ્ત્રીનો અર્થ વિજાતીય સમજી શકાય. અર્થાત્ જે વાત પુરુષને સ્ત્રી માટે કહી છે એ જ વાત સ્ત્રી 'પુરુષ' માટે સમજી શકે).

બાળપણમાં માતા-પિતા પ્રત્યે જે પ્રેમ હોય છે, એ યૌવનમાં પત્ની પર ઢળે છે, ને આગળ જતાં એ જ પ્રેમ સંતાન પર ઉતરે છે. **ઉપદેશમાલામાં** કહ્યું છે -

**गुरु गुरुयरो य अइगुरु**

**पियमाइ - अवच्च - पियजणसिणेहो ।**

માતા-પિતા કરતાં પણ સંતાન પ્રત્યે વધુ સ્નેહ હોય છે. ને સંતાન કરતાં પણ પ્રિયજન પ્રત્યે વધુ સ્નેહ હોય છે.

વય, મમત્વ, અપેક્ષા આદિના કારણે જ્યારે સંતાન જ પ્રિયજન બની જાય, ત્યારે સંતાન જ સમસ્ત ઘર બની જાય છે. પણ એ ય ખરેખર 'ઘર' ખરું? **અધ્યાત્મકલ્પદ્રુમમાં** કહ્યું છે -

**आजीवितं जीव! भवान्तरेऽपि वा,**

**शल्यान्यपत्यानि न वेत्सि किं हृदि?।**

**चलाचलैर्यैर्विविधार्त्तिदानतो -**

**ऽनिशं निहन्येत समाधिरात्मनः ॥**

જીવ! શું તું આટલું સમજી નથી શકતો? કે આ ભવમાં કે પરભવમાં પણ 'સંતાનો' એ બીજું કશું જ નથી, સિવાય તારા હૃદયમાં ભોંકાતા કાંટા. ચંચળ સંતાનો જ તો તારી આત્મસમાધિના વિઘાતક છે, જેઓ તને હંમેશા અવનવી પીડા આપતા રહે છે.

દુશ્મન કરી કરીને શું કરી શકવાનો હતો? જે દુઃખ સગો દીકરો આપી શકે, તેના લાખમાં ભાગનું દુઃખ પણ દુશ્મન આપી શકે તેમ નથી. દુશ્મન ચાહે ગમે તેટલો ખૂંખાર હોય, પણ એ એ જ છે, ને આપણે આપણે જ છીએ. જ્યારે પ્રેમપાત્રમાં તો આપણે આપણાપણું લૂંટાવી દીધું હોય છે. જેના પર આપણને મમત્વ છે, તેમને એક રીતે આપણે આપણી જાત વેંચી દીધી હોય છે. માટે આપણું જીવન નરક બનાવી દેવું, એ એના માટે રમત વાત હોય છે. સંસારની કેવી વિચિત્રતા! માણસને જેનામાં સ્વર્ગ દેખાતું હોય છે, એ જ એના માટે નરકનો રસ્તો હોય છે. **સમાધિતંત્રના** શબ્દો સ્પષ્ટ છે -

**मूढात्मा यत्र विश्वस्त-**

**स्ततो नान्यद् भयास्पदम् ।**

મૂઢ આત્મા જેનામાં આત્મીયતાનો અનુભવ કરે છે, એનાથી વધુ ભયંકર બીજું કશું જ હોતુ નથી.

'ઘર' ક્યાં છે? ઈંટ સિમેન્ટના ગોઠવણી કરેલ ઢગલામાં? પત્નીમાં? પુત્રમાં? પરિવારમાં? મૃત્યુ બાદ વ્યક્તિ હાજર રહી શકતી હોય, તો પોક મૂકીને રડતા સ્વજનોના અશ્રુઓનું શું

મુલ્યાંકન કરે ? કવિ 'બેફામે' આ સંદર્ભમાં ખરેખર બેફામ રજૂઆત કરી છે

**આ બધા બેફામ જે આજે રડે મુજ મોત પર,**

**એ બધાએ જિંદગી આખી રડાવ્યો છે મને.**

કો'કે આ જ ભાવ બીજા શબ્દોમાં વ્યક્ત કર્યો છે -

**આખી જિંદગી જેમણે પગ તળે કચડ્યો મને,**

**અંત વેળા એમની જ કાંધે ચડવાનું બન્યું.**

ના, પરિવાર - સ્વજનોને પણ 'ઘર' ન કહી શકાય. તો પછી 'ઘર' કોને કહેવું? હૂંફ ક્યાં પામવી? પોતાનું કોને માનવું? ક્યાં જઈને રહેવું? સજ્ઝાયકારે માત્ર એક વાક્યમાં હજારો સમસ્યાઓનું સમાધાન આપી દીધું છે -

**આપ સ્વભાવમાં રે અવધૂ!**

**સદા મગનમેં રહના**

તારું ઘર છે એક માત્ર આત્મસ્વભાવ.

તારા સુખનો એક માત્ર સ્રોત છે આત્મસ્વભાવ.

આ જ છે તારું શ્રેષ્ઠ નિવાસસ્થાન.

એક પળ માટે પણ એમાંથી બહાર ના નીકળતો.

એન્ટાર્ટિકાના પેંગ્વિનને રેગિસ્તાનમાં મૂકી દેવામાં આવે અને રેગિસ્તાનના ઊંટને એન્ટાર્ટિકામાં મુકી દેવામાં આવે, તો એમની શી દશા થાય ? તેઓ કેટલું જીવી શકે ? આત્મસ્વભાવમાંથી નીકળીને પરભાવમાં પ્રવેશેલા આત્માની

સ્થિતિ આવી છે. માટે જ એ જીવતો નથી... શું અખંડ આનંદમય આત્મસ્વરૂપનું જીવન દુઃખમય હોઈ શકે? શું પરમ સમાધિસ્વરૂપ આત્માનું જીવન સંક્લેશસભર હોઈ શકે? શું શાશ્વત સુખમય આત્માનું જીવન ક્ષણિક સુખોની શોધરૂપ હોઈ શકે? પેંગ્વિન એન્ટાર્ટિકામાં જીવે છે, રેગિસ્તાનમાં મૃત્યુ પામે છે. આત્મા આત્મસ્વભાવમાં જીવે છે, પરભાવમાં મૃત્યુ પામે છે. સ્વભાવમાં અંતર્ભાવ એ જ જીવન. પરભાવમાં પ્રવેશ એ જ મૃત્યુ. માટે જ ઉપદેશસર્વસ્વ છે –

**આપ સ્વભાવમાં રે અવધૂ!**

**સદા મગન મેં રહના**

બાહ્યદૃષ્ટિએ અવધૂત લતાગૃહમાં છે, પણ આંતરદૃષ્ટિએ એ આત્મગૃહમાં છે. આત્માનુશાસન દ્વારા એ પોતાની આત્મસ્વભાવનિવાસિતાને સુરક્ષિત કરી રહ્યા છે. અવધૂતનો આત્મા આત્મનિલીન છે. પણ 'મન' ની વાત થોડી ન્યારી છે. એ હજી ય સમસ્યાઓમાં અટવાય છે.... કેમ? શા માટે? કયાં ગુનાની આ સજા? એ પરિવારનું શું બગાડ્યું હતું, કે આટલી હદનો દુર્વ્યવહાર કર્યો? અવધૂત એક નાના બાળકને સમજાવતા હોય, એ રીતે મનનું સમાધાન કરે છે –

**જગત જીવ હૈ કર્માધીના**

**અચરિજ કછુઅ ન લીના**

આશ્ચર્ય માત્ર અસામાન્ય ઘટનાનું હોવું જોઈએ. જગતના જીવો કર્માધીન છે, અને તેમનામાં આવી ઘટના સામાન્ય છે. સૂર્ય

ચાંદની પ્રસરાવે, તો એ અસામાન્ય ઘટના ગણાય. અગ્નિ ઠંડક આપે, તો એ અસામાન્ય ઘટના ગણાય. પાણી જો ઊંચાણ તરફ ગતિ કરે, તો એ અસામાન્ય ઘટના ગણાય. એમાં આશ્ચર્ય થાય, એ ઉચિત ગણાય. પણ સૂરજ જો તાપ જ ફેલાવે, અગ્નિ જો ગરમી જ આપે અને પાણી જો નીચાણ તરફ જ ગતિ કરે, તો એમાં શું આશ્ચર્ય? એ તો સામાન્ય ઘટના છે. કર્માધીન જીવો ચિત્ર-વિચિત્ર વર્તન કરે એમાં કોઈ જ આશ્ચર્ય નથી. **विचित्रा कर्मणां गतिः** - કર્મોની ગતિ વિચિત્ર છે. વિચિત્રતા એ કર્મ-સ્વભાવ છે. કર્મના સંદર્ભમાં એ એક સહજ-સામાન્ય ઘટના છે. માટે કર્માધીન જીવો બુદ્ધિમાં બિલ્કુલ ન બેસે ને મગજ બહેર મારી જાય, એવું વર્તન કરે, એ એક સામાન્ય ઘટના જ છે, જેમાં આશ્ચર્ય કરવાનું કોઈ જ કારણ નથી.

**જગત જીવ હૈ કર્માધીના**

**અચરિજ કછુઅ ન લીના**

અચરિજ, આશ્ચર્ય, વિસ્મય, પ્રશ્ન, સમસ્યા.... આ બધું જ એમના ફાળે છે, જેમને કર્મસિદ્ધાન્તનો ખ્યાલ નથી. 'પણ કેમ? સૂરજ કેમ તાપ ફેલાવે છે?' આવો પ્રશ્ન કોને થાય?

**અચરિજ કછુઅ ન લીના**

That's but natural. એમાં આશ્ચર્યનો કોઈ અવકાશ નથી. એમાં પ્રશ્નનું કોઈ સ્થાન નથી. **स्वभावोऽपर्यनुयोज्यः**:- એવું ન્યાયશાસ્ત્રનું પ્રતિપાદન છે. 'સ્વભાવ' ની આગળ કોઈ જ પ્રશ્ન ન થઈ શકે. કર્મનો એ સ્વભાવ છે, કે એ પોતાને આધીન

જીવો પાસે નિમ્નથી ય નિમ્ન ચેષ્ટા પણ કરાવી શકે છે. તો પછી એમાં શું આશ્ચર્ય? અજ્ઞાની આશ્ચર્ય કરે છે, જ્ઞાની સ્થિતપ્રજ્ઞ રહે છે. અજ્ઞાની પ્રશ્નોની ઝડી વરસાવે છે, જ્ઞાનીને ઉત્તર સિવાય બીજું કાંઈ જ દેખાતું નથી. અજ્ઞાની સમસ્યાઓમાં જ ડુબેલો રહે છે. જ્ઞાનીના શબ્દકોષમાં સમાધાન સિવાય કોઈ શબ્દ જ નથી.

કર્મ એ એક જાતનો ક્ષેત્રરોગ છે. **યોગબિન્દુ**માં કહ્યું છે -

**क्षेत्ररोगाभिभूतस्य यथा अत्यन्तं विपर्ययः।**

બીજા અનેક રોગોનો આશ્રય હોય, એવા રોગને ક્ષેત્રરોગ કહેવાય છે. આ રોગમાં તીવ્ર પ્રકૃતિવિપર્યાસ જોવા મળે છે. રોગી તીવ્ર ગાંડપણનો ભોગ બને છે. સહજ રીતે અનુચિત પ્રવૃત્તિ કરે છે. હિત-અહિતનો વિવેક ગુમાવી બેસે છે. ન્યાય-અન્યાયની ભેદરેખાને ભૂલી જાય છે. ક્ષેત્રરોગ, જ્વર, શ્વાસ, ખાજ વગેરે રોગો તો એમાં હોય, પણ એના કરતાં અનેક ગણા ભયંકર એવા સ્મૃતિભ્રંશ, ઉન્માદ, અસંબદ્ધ ચેષ્ટા વગેરે વિકારો પણ એમાં હોય. **અધ્યાત્મસાર**માં કહ્યું છે -

**हसन्ति क्रीडन्ति क्षणमथ च खिद्यन्ति बहुधा,**

**रुदन्ति क्रन्दन्ति क्षणमथ विवादं विदधते।**

**पलायन्ते मोदं दधति परिनृत्यन्ति विवशा,**

**भवे मोहोन्मादं कमपि तनुभाजः परिगताः॥**

સંસારમાં જીવો કેવો મોહોન્માદ પામ્યા છે... હસે છે, રમે છે, જાત જાતનો ખેદ પામે છે, રડે છે, આક્રંદ કરે છે, તો ઘડીમાં વિવાદ કરે છે, નાસી જાય છે, આનંદ અનુભવે છે... કેવી

વિવશતા.... કેવો ઉન્માદ.... કેવી કર્માધીનતા!...

**જગત જીવ હૈ કર્માધીના**

**અચરિજ કછુઅ ન લીના**

**प्राणप्रिया प्रिया यत्र सद्यः प्राणापहारिणी** (શમોપનિષદ્)

પ્રાણપ્રિય પત્ની પણ ક્ષણવારમાં પ્રાણ હરી લે છે. સગો દીકરો પિતાને ગાળો ભાંડીને ઘરમાંથી કાઢી મુકે છે. સગી દીકરી તિજોરી સાફ કરીને કોઈને સાથે ભાગી જાય છે. સગો ભાઈ હોંશિયારી કરીને ભાઈને ફૂટપાથ પર મુકી દે છે. સ્નેહપાત્ર મિત્ર પીઠ પાછળ ખંજર ભોંકી દે છે. સગી મા દીકરાને કાંટા તરીકે જુએ છે, ને એ કાંટો કાઢી પણ નાખે છે.

**જગત જીવ હૈ કર્માધીના**

**અચરિજ કછુઅ ન લીના**

જે સહજ છે, સ્વાભાવિક છે, એમાં અચરિજનો અવકાશ પણ નથી, અને અચરિજનું ઔચિત્ય પણ નથી. આપણને અત્યંત પ્રતિકૂળ વર્તતો જીવ પણ જે કરે છે, એ એને અનુરૂપ જ કરે છે, આટલી સમ્યક્ સમજ જો કેળવી શકીએ.... જે થઈ રહ્યું છે, એ એમ જ હોય... આટલી વાસ્તવિકતાને જો સમજી શકીએ, તો અચરિજ - સમસ્યા - સંક્લેશ - આ બધું જ વિલીન થઈ જાય, અને સમાધિનું એકછત્રી સામ્રાજ્ય પ્રસરી જાય. **જ્ઞાનસાર**માં કહ્યું છે -

**दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः।**

**मुनिः कर्मविपाकस्य जानन् परवशं जगत्॥**

મુનિ દુઃખ પામીને દીન પણ નથી થતો અને સુખ પામીને વિસ્મિત પણ નથી થતો, કારણ કે એ જાણે છે, કે જગતના જીવો કર્માધીન છે.

**કર્મ નચાવે તિમ હી નાચત.** કઠપૂતળીનો 'રોલ' ચાહે ગમે તેટલો વિસંસ્થુલ હોય, એનું ચરિત્ર ભલે બેહદ બેહુદું હોય, પણ એમાં ન તો એમનો દોષ જોવામાં આવે છે, કે ન તો એમના કોઈ પણ વર્તનથી અભિભૂત થવામાં આવે છે. કારણ કે પ્રેક્ષક સારી રીતે સમજે છે, કે તે માત્ર કઠપૂતળી છે. બીજું કશું જ નહીં. દોષ હોય તો એક માત્ર સૂત્રધારનો, કઠપૂતળીનો શો દોષ? કઠપૂતળી સાથે શો વિવાદ? કઠપૂતળી સાથે શો કલહ? કઠપૂતળીએ આમ જ કરવું જોઈએ, આવું તો ન જ કરાય, આમ તો ન જ ચાલે, એવો શો આગ્રહ? છતાં ય આમ કર્યું હોત તો સારું હતું, આવો શો અનુતાપ? 'પણ શા માટે?' આવો શો પ્રશ્ન? 'હાય હાય આ શું કરી દીધું?' આવો શો વિલાપ? આ બધું એને થાય છે, જેણે કઠપૂતળીને જ સૂત્રધાર સમજી લીધી છે. કઠપૂતળીને જેણે કઠપૂતળીરૂપે જાણી લીધી છે, એને ન તો દોષદર્શન છે, ન વિવાદ, ન કલહ, ન આગ્રહ, ન અનુતાપ, ન પ્રશ્ન ને ન વિલાપ. એની સહજ દશાને કઠપૂતળીની કોઈ ચેષ્ટા આંચ આપી શકતી નથી. એની સમાધિ સર્વ પરિસ્થિતિમાં અકબંધ રહે છે, કારણ કે એની દૃષ્ટિ કઠપૂતળી પર નહીં, સૂત્રધાર પર હોય છે. એની પાસે સમ્યક્ સમજ છે કે ઘટી ગયેલી ઘટના પર કઠપૂતળીનું કોઈ જ આધિપત્ય નથી. કઠપૂતળી એટલે જગતના જીવો અને સૂત્રધાર એટલે કર્મ.

## જગત જીવ હૈ કર્માધીના

## અચરિજ કછુઅ ન લીના

સુરતમાં લારી પર સેવખમણી ખાતા ખાતા બે યુવાનો વાત કરતા હતા - "યાર! સોનિયાએ આમ કરવું જોઈએ હું...." ભલા માણસ! તું તારી સેવખમણી ખાઈ લે ને.... તારો અભિપ્રાય કોઈ માંગતું નથી. તારા અભિપ્રાયનો કોઈ અમલ થવાનો નથી. એની કોઈ નોંધ પણ લેવાનું નથી. જેના ઉપર આપણો કોઈ અધિકાર નથી, એના માટે અભિપ્રાય આપવો, ધારણા બાંધવી, અમુક આગ્રહ રાખવો, એ હાસ્યાસ્પદ નથી?

મનમાં એક વાત જડબેસલાક રીતે બેસાડી દેવી જોઈએ કે જેમ સોનિયા ઉપર મારો કોઈ અધિકાર નથી, જેમ ભારતના વડાપ્રધાન કે અમેરિકાના પ્રમુખ પર મારો કોઈ અધિકાર નથી, એ જ રીતે દુનિયાની કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે ઘટના પર મારો અધિકાર નથી. એમના માટેની મારી ધારણા સાચી જ પડવી જોઈએ, હું ધારું છું એમ જ થવું જોઈએ, એવો મારો આગ્રહ તો ખોટો છે જ, પણ એમના માટે હું કંઈક ધારું છું, એ પણ ખોટું છે.

માથાનો દુઃખાવો ઉપડ્યો છે. એક બાજુ આપણે બામ, હાઈ-પાવર ગોળીઓ, મસાજ વગેરે ઉપચારો કરી રહ્યા છીએ, ને બીજી બાજુ એ દુઃખાવો વધુ ને વધુ અસહ્ય બની રહ્યો છે. કલાકો વીતતા જાય છે, માથું દુઃખતું મટાડવાના આપણા બધા જ ધમપછાડા નિષ્ફળ જઈ રહ્યા છે. અને માથું હવે રીતસર સણકા મારી રહ્યું છે.

તત્ત્વસંવેદન માટે આ સરસ સંયોગ છે. જો મારા માથા ઉપર પણ મારો અધિકાર નથી, મારી ધારણા કે આગ્રહ સાથે એને કોઈ લેવા-દેવા નથી, તો પછી બીજા કોના પર મારો અધિકાર હોય? હું ખુદ પણ કર્માધીન.... જગતના જીવો પણ કર્માધીન... હવે આમાં શી ધારણા? શો આગ્રહ? ને શું આશ્ચર્ય?

**જગત જીવ હૈ કર્માધીના**

**અચરિજ કછુઅ ન લીના**

અવધૂતનું અંતર સમતારસથી આપ્લાવિત બની રહ્યું છે... હું ભિક્ષાચર્યા માટે ગયો... ત્યાં મારે એવી ધારણા રાખી શકાય ખરી? કે મારા જતાંની સાથે એ ઘરના સભ્યો મારું સ્વાગત કરવા માટે દોડી જ આવે, મારા 'ધર્મલાભ' ના ઉચ્ચાર સાથે જ સામે થી 'પધારો પધારો' ના પડઘા ગુંજી ઉઠે. એ લોકો મને પૂર્ણ આદરથી અંદર લઈ જાય. ભક્તિ ભાવથી ખૂબ ખૂબ આગ્રહ કરીને મને ભિક્ષા આપે....

ને જો આવી કોઈ પણ ધારણા મેં બાંધી છે, તો થઈ રહ્યું... આ ધારણા કેટલા ઘરે સાકાર થશે? કદાચ ૯૯ ઘરે આ ધારણા સાકાર થઈ, ને એક ઘરે ન થઈ, તો મારી દશા કેવી? ૯૯ વાર ધાર્યું થવાનો મને આનંદ હશે કે એકવારનું થોડું મોળું સન્માન કે લેશ અપમાન મને દુઃખી દુઃખી કરી દેશે?

મન એ જીભ જેવું છે. ૩૧ દાંતની હાજરીની એને કશી જ પડી નથી, પણ ૩૨ મા દાંતની ખાલી જગ્યાની એ ક્ષણે ક્ષણે નોંધ લીધા કરે છે અને અજંપો અનુભવ્યા કરે છે. એ અજંપાના મૂળમાં એવો આગ્રહ છે, કે આ જગ્યા ભરેલી જ હોવી જોઈએ...

૧૦૦ મા ઘરે પણ પૂર્ણ સન્માન જ મળવું જોઈએ... ને ખેલ ખલાસ... મન દુઃખી દુઃખી. કોઈએ ખરું જ કહ્યું છે -

**હવે આંખમાં આંસુઓની અદાલત ભરાશે,**

**મેં સ્વપ્નો જોવાના ગુના કર્યા છે.**

સંતની આંખમાં અશ્રુ નથી, કારણ કે તેમણે કોઈ સ્વપ્ન જોયું નથી. **પંચસૂત્રમાં** સાધુનું એક અદ્ભુત વિશેષણ કહ્યું છે - **निअत्तग्गहदुक्खे** - આગ્રહરૂપી દુઃખથી જેઓ મુક્ત બની ગયા છે. આગ્રહ એ જ દુઃખ. દેવોને ય ઈર્ષ્યા આવે એવા સાધુના સુખનું રહસ્ય આ જ છે, કે એમને કોઈ આગ્રહ નથી.

પ્રભુ વીર જંગલમાં કાયોત્સર્ગ કરી રહ્યા છે. એ સમયે જંગલી ઉંદરો આવી ચડ્યા. પ્રભુના પગ કાતરવા માંડ્યા. લોહીની ધારા છૂટી. ઉંદરો તીક્ષ્ણ દાંતો દ્વારા માંસને ફોલી ફોલી ખાઈ રહ્યા છે. પણ પ્રભુના ચહેરાની એક રેખા પણ ફરકતી નથી. એમના મનમાં વિક્ષોભનો એક અંશ પણ નથી. કારણ? **આચારાંગસૂત્રમાં** એનું કારણ બતાવ્યું છે - **अप्पइन्ने** - ઉંદરોએ આવું જ કરવું જોઈએ, ને આવું ન કરવું જોઈએ, એવો ભગવાનનો કોઈ અભિપ્રાય નથી. ડગલે ને પગલે મને અનુકૂળતા જ મળે ને કોઈ પ્રતિકૂળતા ન જ મળે, એવી ભગવાનની કોઈ ધારણા નથી. **अप्पइन्ने** સમાધિનું સમગ્ર સૌન્દર્ય આ ચાર અક્ષરોમાં સમાઈ ગયું છે.

"ઓહ! આવા ઉંદરો આવી જશે, એવી તો કલ્પના જ ન હતી. મને ન અડે તો સારું. મને બટકું ન ભરી જાય તો સારું,

મને વેદના ન થાય તો સારું, જલ્દી જતા રહે તો સારું.'' આ 'સારું સારું' જ આત્માની ખાનાખરાબી કરતું રહે છે. ખરું કષ્ટ બાહ્ય ઘટના નથી હોતી. પણ એ ઘટના વિષેની આંતરિક ધારણા હોય છે. ધારણાનું આકાશ અને ઘટનાની ધરતી, આ બંને વચ્ચે જેટલું અંતર હોય છે, એ જ કષ્ટનું કવન બની જાય છે. ધારણાની ઊંચાઈથી ઘટનાની ધરતી પર પછડાવાનો જે ત્રાસ છે, એ ધારણા કરવાની તરત મળતી સજા છે. ઘટનાનો ત્યાગ અશક્ય છે, બહેતર છે ધારણાને જ તજી દઈએ.

ઘટનાનો ત્યાગ એટલા માટે અશક્ય છે, કે એ આપણને આધીન નથી. સમગ્ર ઘટના કર્માધીન છે, કારણ કે એ ઘટના સાથે જોડાયેલી પ્રત્યેક વ્યક્તિ કર્માધીન છે. એ ઘટનાની પૂર્વે કોઈ ધારણા કરવામાં ય બુદ્ધિમત્તા નથી અને એ ઘટના બાદ આશ્ચર્ય કરવામાં ય શાણપણ નથી. કારણ એ જ -

**જગત જીવ હૈ કર્માધીના**

**અચરિજ કછુઅ ન લીના**

શાંતરસના ઝરણા ખળ ખળ વહી રહ્યા છે. પ્રશાંતવાહિતાનો ઉત્સવ આકાર લઈ રહ્યો છે... એ સમયે મન કાંકરીચાળો કરે છે... 'પણ... એ બે બદામનો માણસ... એ મને આવા શબ્દો કહે?... મારી સાથે આવો વ્યવહાર કરે? મને માર મારે? એ મને ઓળખતો નથી, મારું તો કેવું ઉચ્ચ કુળ છે! કેવા વૈભવોમાં હું આળોટતો હતો! કેવું મારું ચાતુર્ય! કેવું અદ્ભુત કૌશલ્ય! કેવો યશ! અને એ.... જાણે મારું કોઈ વજૂદ જ નહીં ? સમજે છે શું એના મનમાં? એને ખબર નથી કે હું તો

કેટકેટલાનો આદરણીય છું. મારા તો કેટકેટલા ભક્તો છે...'

ચિદાકાશમાં મુક્ત ઉડ્ડયન કરતાં અવધૂત ચિત્તાકાશની ઉથલ-પાથલોને સાક્ષીભાવે જોઈ રહ્યા છે.

**पश्यन्नेव परद्रव्य-नाटकं प्रतिपाटकम् ।**

**भवचक्रपुरस्थोऽपि, नामूढः परिखिद्यति ॥ (જ્ઞાનસાર)**

ભવનગરની પોળે પોળે પરદ્રવ્યનું નાટક ચાલી રહ્યું છે. દેહ-મન-વચન... બધું જ પરદ્રવ્ય. ઘટના - ભક્ત-શત્રુ... બધું જ પરદ્રવ્ય... અમૂઢ આત્માને એનું નાટક ખિન્ન કરી શકતું નથી. કારણ કે એ માત્ર સાક્ષી છે. અવધૂતની સમાધિ મનની ઉથલ-પાથલથી ઉથલો મારે, તો એ અવધૂત શાના? હું ને મારુંની ઉથળ-પાથલ કરતાં મનને સીધું દોર કરી દે, એનું નામ અવધૂત. ને અવધૂત એ જ કહી રહ્યા છે -

**તું નહિ કેરા કોઈ નહિં તેરા**
**ક્યાં કરે મેરા મેરા? ।**
**તેરા હૈ સો તેરી પાસે**
**અવર સબ હી અનેરા ॥૨॥**

**તું કોઈનો નથી**
**ને કોઈ તારું નથી.**
**મારું મારું શું કરે છે?**
**જે તારું છે, એ તારી પાસે જ છે.**
**બીજું બધું જ પારકું છે.**

હું કોઈનો આદરણીય ગુરુ... કોઈનો પિતા.... કોઈનો પુત્ર... કોઈનો મિત્ર... કોઈનો સંબંધી... કોઈનો સગો... આ બધી જ ભ્રમણા છે. સત્ય એ જ છે કે હું કોઈનો નથી.

**તું નહિં કેરા**

'હું કોઈનો હોઉં, એનો અર્થ એ છે કે મારા સંપૂર્ણ યોગ-ક્ષેમની જવાબદારી એ 'કોઈ' ની છે. મારો આલોક ને પરલોક બગડે નહીં, એના માટે એ સજાગ પણ છે, ને સક્ષમ પણ છે. આંખો મીંચીને વિચાર કરું... ને આંખો ખોલીને છેક ક્ષિતિજ સુધી દૃષ્ટિપાત કરું, તો પણ એવું કોઈ જ જણાતું નથી, કે દેખાતું પણ નથી. એનો અર્થ એ જ કે હું કોઈનો નથી.' મન સમજી રહ્યું છે ને અવધૂત સમજાવી રહ્યા છે...

**તું નહિં કેરા**

**કોઈ નહિં તેરા**

જેમ તું કોઈનો નથી, એમ કોઈ પણ તારું નથી. કારણ કે જેને તું તારા માને છે, એમના પર તારું વાસ્તવિક આધિપત્ય જ નથી. યા તો તેમનું ખરું હિત શું છે એ તું જાણતો જ નથી, યા તો જાણવા છતાં હૃદયથી ઈચ્છતો નથી, અને કદાચ ઈચ્છે પણ છે, તો તેમનું હિત કરવા માટે તું સમર્થ નથી. આ અસમર્થતા એ જ તારા માનેલા આધિપત્યને શબ્દશઃ રદબાતલ કરી દે છે. પરમ પાવન શ્રી **આચારાંગસૂત્ર**માં આ અસમર્થતાને **'णालं'** પદ દ્વારા સૂચવી છે-

**णालं ते तव ताणाए वा सरणाए वा**

**तुमं पि तेसिं णालं ताणाए वा सरणाए वा ॥**

તેઓ તારું ત્રાણ કે શરણ બની શકે તેમ નથી.

તું પણ એમનું ત્રાણ કે શરણ બની શકે તેમ નથી.

દેવશર્મા બ્રાહ્મણ જીવનભર પત્નીના પ્રેમપાશમાં લપટાતો રહ્યો. મૃત્યુ સમયે પણ 'મારી વ્હાલી પત્ની' આવા મમત્વભાવથી એ મુક્ત ન થઈ શક્યો. જે પત્નીને એણે પોતાની માની, પોતાને જે પત્નીનો માન્યો, એ પત્નીએ એને શું આપ્યું? શું એનો પરલોક સદ્ધર કરી દીધો? શું એની દુર્ગતિની પરંપરાને અટકાવી દીધી? શું એની મોક્ષયાત્રામાં એક સોપાન બનવા જેટલો પણ ભાગ ભજવ્યો ? રે... ખુદ પત્ની જ એની દુર્ગતિની કારણ બની ગઈ. મરીને સીધો એ જ પત્નીના ગુમડાની રસીમાં કીડો થયો. **અધ્યાત્મકલ્પદ્રુમ**ના શબ્દો વેધક છે -

**त्रातुं न शक्या भवदुःखतो ये,**

**त्वया न ये त्वामपि पातुमीशाः।**

**ममत्वमेतेषु दधन् मुधाऽऽत्मन्!,**

**पदे पदे किं शुचमेषि मूढ!? ॥**

ભવભ્રમણના દુ:ખથી તું જેમને બચાવી શકે તેમ નથી, અને જેઓ તને બચાવી શકે તેમ નથી, તેમના પર મમત્વ રાખીને તું ડગલે ને પગલે દુ:ખી કેમ થાય છે?

સમગ્ર ભવભ્રમણથી બચાવવાની વાત તો દૂર રહી, એક પરલોકના દુ:ખથી પણ બચાવવાની શક્તિ કોની પાસે છે? અરે,

એવો કયો સ્વજન છે, જે આલોકમાં ય સુખી કરવાની ખાતરી આપી શકે? રે, કમ સે કમ પોતાના તરફથી દુઃખ તો ન જ આપે, એવો ય કોઈ સ્વજન ખરો? ખરી રીતે કોઈ 'સ્વજન' આપણા સ્વજન નથી હોતા, પણ પોતાના સ્વાર્થના સ્વજન હોય છે. માટે જ સ્વાર્થ તૂટતાની સાથે એ સ્વજન પરજન થઈ જાય છે. આમાં તું કોનો? ને તારું કોણ?

## તું નહીં કેરા
## કોઈ નહીં તેરા

ધારો કે દુન્યવી દૃષ્ટિએ સાચો પ્રેમ કહેવાય, એવો પ્રેમ કોઈ સ્વજનને આપણા પર છે. એ સ્વાર્થ છોડીને આપણા ખાતર હોંશે હોંશે ઘસાય છે. આપણા ખાતર બધું કરી છૂટવા તત્પર છે, તો એ ખરા સ્વજન નહીં? તો એ 'આપણા' નહીં? વિચાર કરતાં એ નિષ્કર્ષ આવે છે, કે એ સ્વજન આપણને જેટલું દુઃખ આપી શકે છે, એટલું દુઃખ તો ન કોઈ સ્વાર્થી સંબંધી આપી શકે છે, ન તો કોઈ દુશ્મન.

એ વ્યક્તિને ધંધામાં નુકશાની જશે, અને આપણી ઉંઘ હરામ થઈ જશે. એ વ્યક્તિ બીમાર પડશે, અને આપણને ભોજનનો કોળિયો ગળે નહીં ઉતરે. એ વ્યક્તિનો અકસ્માત્ થશે, ને આપણે ચોધાર અશ્રુએ રડ્યા કરશું. એ વ્યક્તિનું મૃત્યુ થશે, ને આપણે જીવતે જીવ મરી જશું. તો એ વ્યક્તિ કોણ? સુખ આપે એ સ્વજન અને દુઃખ આપે એ દુશ્મન, આવી વ્યાખ્યાના આધારે

એ સ્વજન કે દુશ્મન? અવધૂતનું અનુશાસન વધુ ને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે -

**તું નહીં કેરા કોઈ નહીં તેરા**

**ક્યાં કરે મેરા મેરા?**

મારી માતા... મારા પિતા... મારી પત્ની... મારો પુત્ર... આ 'મેરા મેરા' જેના ખાતર છે, એ જ વાસ્તવમાં આપણા દુઃખના કારણ છે. પરમ પાવન **શ્રીસૂત્રકૃતાંગ સૂત્ર**માં કહ્યું છે -

**ममाती लुप्पती बाले अन्नमन्नेहिं मुच्छिए।**

પરસ્પર સ્નેહપાશથી બંધાયેલો અજ્ઞાની મમત્વથી જ વિનાશ પામી જાય છે.

અપ્રિય વ્યક્તિ જેમ પરસ્પરના દ્વેષભાવથી દુઃખ આપે છે, તેમ પ્રિય વ્યક્તિ પરસ્પરના રાગભાવથી દુઃખ આપે છે. સુખ ન તો અપ્રિય આપી શકે કે ન તો પ્રિય આપી શકે, કારણ કે અપ્રિયત્વ અને પ્રિયત્વના મૂળમાં રહેલા દ્વેષ અને રાગ જ વાસ્તવમાં દુઃખરૂપ છે. પાંડવો પ્રત્યેના દ્વેષને કારણે કૌરવો દુઃખી થયા, એ પરિણામની અપેક્ષાએ છે. સુકુમાલિકા રાણીના તીવ્ર રાગથી રાજા દુઃખી થયો, એ પણ પરિણામની અપેક્ષાએ છે. સ્વરૂપની અપેક્ષાએ વિચાર કરીએ, તો રાગ અને દ્વેષ પોતે જ દુઃખસ્વરૂપ છે. સ્વજને-પ્રિય વ્યક્તિએ આપણને દુઃખી કર્યા, આ વાત સ્થૂલનયની અપેક્ષાએ છે. સૂક્ષ્મનયની અપેક્ષાએ તો આપણે એના માટે કલ્પેલું સ્વજનત્વ કે પ્રિયત્વ એ જ આપણને દુઃખ આપે છે, ને એ સ્વજનત્વ કે પ્રિયત્વ એ જ રાગનું બીજું નામ છે.

કેટલું અદ્ભુત છે આ આગમવચન - **ममाती लुप्पती बाले** - મમત્વ આવ્યું કે મર્યો. જ્ઞાનીના શબ્દકોષમાં મમત્વ અને મૃત્યુ બંને પર્યાય શબ્દો છે. શબ્દ બે, અર્થ એક. જો મોતને ઘાટ ઉતારનાર વ્યક્તિ આત્મીય હોઈ શકે, તો પ્રેમપાત્ર વ્યક્તિ આત્મીય હોઈ શકે. જો એ નહીં, તો આ પણ નહીં, હરગીઝ નહીં.

**તું નહીં કેરા કોઈ નહીં તેરા**
**ક્યાં કરે મેરા મેરા ?**

મેરા મેરા એ જ કરી શકે, જે અજ્ઞાની છે. ઘોર અજ્ઞાની. માટે જ પરમપાવન **શ્રી આચારાંગસૂત્ર**માં કહ્યું છે -

**से हु दिट्ठपहे मुणी जस्स णत्थि ममाइयं**

ખરો જ્ઞાની એ છે, ને ખરો મુનિ પણ એ છે, કે જેને મમત્વ નથી. સર્વ પ્રકારના મમત્વથી જે મુક્ત છે. સંપૂર્ણ મુક્ત. નિર્મમ એ જ્ઞાની. સમમ એ અજ્ઞાની. જ્ઞાની ન મમ... ન મમ - ની ભાવનાથી અમર બની જાય છે. અજ્ઞાની મમ... મમ - ની વાસનાથી ફરી ફરી મરતો રહે છે. **ઉપનિષદો**માં ખરું કહ્યું છે -

**द्वे पदे बन्धमोक्षाय,**
**निर्ममेति ममेति च।**
**ममेति बध्यते जन्तुः,**
**निर्ममेति विमुच्यते ॥**

બંધનનું રહસ્ય છે મમ અને મુક્તિનું રહસ્ય છે નિર્મમ.

'મમ' માં મુંઝાયેલો આત્મા બંધાય છે અને નિર્મમ આત્મા મુક્ત બને છે. બંધનમાં અટવાતા મનને અવધૂત બહુ સિફતથી મુક્ત કરી રહ્યા છે -

**તું નહીં કેરા કોઈ નહીં તેરા**

**ક્યાં કરે મેરા મેરા ?**

રવિવારની સવારે એક પરિવાર ફરવા માટે જઈ રહ્યો છે. વહેલી સવારે ઉઠેલું બાળક ગાડીમાં ફરી ઘસઘસાટ સૂઈ ગયું છે. ત્યાં પત્નીને કોઈ તુક્કો સૂઝ્યો. ડ્રાઈવિંગ કરતા પતિને કહ્યું, "ધારો કે આજે લેક-બોટિંગ કરતાં કરતાં બોટ ઉંધી વળી જાય, આપણે ત્રણે ડુબવા લાગીએ, તો તમે કોને બચાવો ? તમને, મૈથિલને કે મને ?" પતિએ તરત જ જવાબ આપ્યો, "મને."

**તું નહીં કેરા** - તું કોઈનો નથી. કારણ ? **કોઈ નહી તેરા** - તોઈ તારું નથી. સંબંધ હંમેશા દ્વિષ્ઠ હોય છે. ઓછામાં ઓછી (મિનિમમ) બે વ્યક્તિ મળી હોય, તો સંબંધનું અસ્તિત્વ સંભવી શકે. સામેની વ્યક્તિ હાથ લાંબો જ નહીં કરે તો હાથ કોની સાથે મિલાવાશે ? સંયોગ-મિલન-સંબંધ એ એકલામાં કદી શક્ય જ નથી, ને સૃષ્ટિનું પરમ સત્ય એ છે કે આત્મા એકલો છે. પરમ પુનિત **શ્રીસ્થાનાંગસૂત્ર**માં આ જ વાત કરી છે -

**एगे आया**

જ્યારે સ્થિતિ આ જ છે, ત્યારે મેરા મેરા કરવામાં મૂર્ખતા સિવાય બીજું કાંઈ જ નથી.

**ક્યાં કરે મેરા મેરા ?**

અવધૂતના પ્રશ્નમાં વ્યંગ પણ છે અને વ્યથા પણ છે. વ્યંગની ભૂમિકા છે મૂર્ખતા અને વ્યથાની ભૂમિકા છે એ મૂર્ખતાનું પરિણામ.

તાજમહાલ પાસે ત્રણ પાગલ ભેગા થયા. એક કહે, આ તાજમહાલને હું ખરીદી લઈશ. બીજો કહે, તું શું ખરીદતો'તો? હું ખરીદી લઈશ. ઝગડો બરાબર જામ્યો, ત્યારે ત્રીજો પાગલ ઠાવકા મોઢે બોલ્યો, હું વેંચીશ જ નહીં, તો તમે ખરીદશો શી રીતે?

## ક્યાં કરે મેરા મેરા?

એક પાગલ પોતાને તાજમહાલનો માલિક માને, બીજો પોતાને દિલ્હીનો બાદશાહ માને, ત્રીજો ભારતનો મહારાજા માને ને ચોથો દુનિયાનો સમ્રાટ માને. એમની આ માલિકીની માન્યતા આપણી દૃષ્ટિમાં જેટલી હાસ્યાસ્પદ છે, એટલી જ હાસ્યાસ્પદ આપણી મેરા મેરા - ની માન્યતા જ્ઞાનીઓની દૃષ્ટિમાં છે. એ પાગલ એમ માનતો હતો કે તાજમહાલ 'મારો' છે. પણ વાસ્તવમાં તાજમહાલ એનો ન હતો. તાજમહાલની એક કાંકરી પણ એની ન હતી. એ જ રીતે આપણે માનીએ કે ઘર, પરિવાર, શરીર વગેરે 'મારું' છે. પણ વાસ્તવમાં એમાંથી કશું પણ આપણું નથી. 'મારું મારું' ની આપણી સંવેદના એ નરી મૂર્ખતા છે. એક પાગલનો લવારો અને આપણા મેરા મેરા - માં તાત્ત્વિક દૃષ્ટિએ કોઈ જ ભેદ નથી. માટે જ જ્ઞાની અફસોસ સાથે કહે છે -

## ક્યાં કરે મેરા મેરા?

બાહ્ય વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે મેરા મેરા - ની સૌથી વધુ કરુણતા એ છે, કે એ ભીતરની જે ખરેખર પોતાની વસ્તુ છે,

એના પ્રત્યે મેરા - ની સંવેદનાનું ઉત્થાન જ થવા દેતી નથી. સમગ્ર ભવના ફેરા બાહ્ય 'મેરા' ને બંધાયેલા છે. સમગ્ર મોક્ષમાર્ગનો સાર આંતર 'મેરા' ને બંધાયેલો છે. બાહ્ય 'મેરા' માં મુંઝાતા મનને અવધૂત સિફતપૂર્વક આંતર 'મેરા' માં વાળે છે....

## તેરા હે સો તેરી પાસે

જાપાનનું એક નાનકડું ગામ. એકાએક એની પાસે જ્વાળામુખી ફાટી નીકળ્યો. ત્યારે ને ત્યારે ગામ છોડી દેવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. બિસ્તરા ને પોટલા લઈ લઈને લોકોના ટોળે ટોળા જઈ રહ્યા છે. તેમની ચાલમાં ઉતાવળ છે, ચહેરા પર અજંપો છે, અંતરમાં અફસોસ છે. માથે પોટલું, બગલમાં થેલો, કાંખમાં બાળક, હાથમાં થેલી.... બસ.... બધા દોડ્યા જાય છે. આ બધામાં એક વ્યક્તિ તદ્દન જુદી તરી આવે છે. એ સંભ્રાન્ત નથી, પણ સ્વસ્થ છે. એ દોડતી નથી પણ ચાલી રહી છે, એ પણ તદ્દન સ્વાભાવિક પણે. એની ચાલમાં ગંભીરતા અને તત્ત્વજ્ઞતાના લક્ષણો દેખાઈ રહ્યા છે. સૌથી વધુ મહત્ત્વની બાબત તો એ છે, કે એની પાસે બિસ્તરા-પોટલા-થેલા કશું જ નથી. સમ ખાવા પૂરતી એકાદ નાનકડી થેલી પણ નહીં. કોઈએ એને પૂછ્યું, ''તમારો સામાન?'' સ્મિત કરીને એણે જવાબ આપ્યો, ''મારું જે છે, એ ભીતરમાં છે.''

## તેરા હે સો તેરી પાસે

સ્વજનો તારા નથી, સંપત્તિ તારી નથી, સન્માન તારું નથી, શરીર પણ તારું નથી. તારા હોય, તો માત્ર ને માત્ર સદ્ગુણો, જે તારી પાસે જ છે. આખી દુનિયાનો વૈભવ પણ

જેની તાલે ન આવે, એ ગુણવૈભવ તારી ભીતરમાં છે. આજુ-બાજુની બધી જ દોટ.... બધી જ હૈયાહોળી... બધી જ તૃષ્ણા એટલા માટે છે, કે એ ભીતરના વૈભવને તે હજુ સુધી જોયો નથી. કો'કે ખરું કહ્યું છે -

**એક ઉઘડેલા ઘરને ન જોયું એટલે,**

**દીધાં છે ટકોરાં ઘણા બંધ દ્વારને.**

અબજોપતિનો નબીરો ફૂટપાથ પર ભીખ માંગે એવી મનની સ્થિતિ છે. કોઈ ચક્રવર્તી ખીચડી ઘરની કતારમાં ચપ્પણિયું લઈને ઊભો હોય, એવી આ વિચિત્રતા છે. લખલૂટ સંપત્તિ સ્વાધીન છે. સમૃદ્ધિની છોળો વાંભ વાંભ ઉછળી રહી છે. ને એ બધું જાણે છે જ નહીં, એમ તુચ્છ ભીખ ખાતર જીવ વલખાં મારી રહ્યો છે. પેલા કવિના શબ્દો યાદ આવે....

**આ સવાલનો જવાબ મળે તો જણાવજે,**

**પ્રયાગમાં નિવાસ ને સહરાની પ્યાસ હો.**

જે હાથવગું છે, જે અમૂલ્ય છે, જે અદ્ભુત છે, જે આત્યન્તિક છે, એની ધરાર ઉપેક્ષા, અને જે તુચ્છ છે, નકામું છે, દૂર છે, નથી બરાબર છે, એની અસહ્ય અપેક્ષા.... કાશ!

**શું છે એવું ઝાંઝવામાં કે મરી ફિટે છે સહુ?**

**નદી ઉપર તો કોઈનો પ્રાણ લલચાઈ નથી શકતો.**

નદીમાંથી બહાર નીકળીને ઝાંઝવાની પાછળ પડવામાં જેમ મૂર્ખતા છે, તેમ 'સ્વ' ને છોડીને 'પર' ની પળોજણ કરવામાં પણ મૂર્ખતા સિવાય બીજું કશું જ નથી. સ્વ એટલે ગંગાજળ. પર

એટલે મૃગજળ. સ્વમાં તૃપ્તિ છે. પરમાં તૃષા છે. સ્વમાં સાર છે, પરમાં છળ છે. પેલું કાવ્ય આ સંદર્ભમાં કેટલું તાદશ છે!...

**સોનવરણી મૃગનું એ છળ હશે,**

**પ્યાસ પાછી વળ નર્યું મૃગજળ હશે.**

મૃગજળ શું હોય છે? જો એ સ્વતઃ ભ્રાન્તિ રૂપ જ હોય, તો ઘરમાં, રસ્તામાં, જંગલમાં બધે જ એનો પ્રતિભાસ થવો જોઈએ. પણ એનો પ્રતિભાસ તો માત્ર રણમાં જ થાય છે. અર્થાત્ એ માત્ર ભ્રાન્તિરૂપ કે શૂન્યરૂપ નથી હોતું, પણ અર્થાન્તરરૂપ હોય છે. જ્યાં એક વસ્તુ છે, ત્યાં તેનાથી જુદી વસ્તુ દેખાય, એને અર્થાન્તરનો ભાસ કહેવાય. તર્કશાસ્ત્રોમાં એને અન્યથાખ્યાતિ કહે છે. પાણી એ પણ મૃગજળ નથી અને રણની રેતી એ પણ મૃગજળ નથી. વાસ્તવમાં રણની રેતીમાં જે પાણી દેખાય છે એ મૃગજળ હોય છે. ટૂંકમાં કહીએ, તો જે જે નથી, એમાં એ જોવું, એ મૃગજળ. આ પરિભાષાને અનુસારે શરીર પણ મૃગજળ છે, સંપત્તિ પણ મૃગજળ છે અને સ્વજન પણ મૃગજળ છે. કારણ કે તું એને તારા માને છે, ને ખરેખર એ તારા છે જ નહીં. તારા તો એ જ છે, જે તારી પાસે છે. બીજું બધું પારકું છે. બધું જ.

**તેરા હે સો તેરી પાસે**

**અવર સબ હી અનેરા**

સનત્કુમાર ચક્રવર્તી. રૂપની અનિત્યતાનો સાક્ષાત્કાર થયો અને છ ખંડના સામ્રાજ્યને છોડીને સંયમના પંથે ચાલી નીકળ્યા. વૈરાગ્યની જ્યોતિ જ્યારે દેદીપ્યમાન બને છે, ત્યારે રાગના બધાં જ અંધકારો ઉલેચાઈ જાય છે. પણ વૈરાગ્ય તો એ રાજર્ષિને થયો

હતો. એમનો સમગ્ર પૂર્વ - પરિવાર તો હજી ય રાગની રંગે રંગાયેલો હતો. ચારિત્રનો સ્વીકાર કરીને રાજર્ષિએ સહુને ધર્મલાભ આપ્યા ને વિહાર કર્યો, પણ આશ્ચર્ય! કોઈ પાછા જવા તૈયાર નથી. એટલું જ નહીં પણ એ રાજર્ષિના પગલે પગલે સહુ પાછળ પાછળ જાય છે... ૬૪,૦૦૦ રાણીઓ, ૧૪ રત્નો, ૩૨,૦૦૦ રાજાઓ, ૩ કરોડ સૈનિકો, ૮૪ લાખ હાથીઓ, ૮૪ લાખ ઘોડાઓ.... બધાં પાછળને પાછળ.... સૌ ચોધાર અશ્રુએ રડી રહ્યા છે. પાછા ફરો... પાછા ફરો.... આ જ સહુનો અંતર્નાદ છે. એક દિવસ... બે દિવસ... ત્રણ દિવસ... અઠવાડિયું... બે અઠવાડિયાં... ત્રણ અઠવાડિયાં... મહિનો... દોઢ મહિનો... બે મહિના... ત્રણ મહિના... ચાર... પાંચ.... છ-છ મહિના સુધી આખો પરિવાર પાછળને પાછળ ફરે છે... રડે છે.... કકળે છે... કાકલુદીઓ કરે છે... કરુણ વિલાપ કરછે. પાછા ફરો ને પાછા ફરો - ની રટણા કરે છે... ને આ રાજર્ષિ પાછા તો નથી જ ફરતાં, પાછું વળીને જોતાં પણ નથી. રાજર્ષિનું ગણિત બહુ સ્પષ્ટ છે....

### તેરા હે સો તેરી પાસે
### અવર સબ હી અનેરા

મારા ખાતર કરુણ વિલાપ કરતો પરિવાર પણ મારો નથી, અનેરો છે - અન્યનો છે - પારકો છે. એમને મારો માનીને જો પાછો વળીશ.... તો ય અંત સુધી આ પરિવાર મારા પ્રત્યે આવો જ સ્નેહી રહે, એની કોઈ જ ખાતરી નથી. અને જો કદાચ મારા મૃત્યુ સુધી એ મારો સ્નેહી જ રહે, તો પણ એનાથી મારા અત્માને

શો લાભ થવાનો છે? છ ખંડના સામ્રાજ્યના પાપે મારો આત્મા અસહાયપણે સાતમી નરક તરફ પ્રયાણ કરતો હશે, ત્યારે આમાંથી કયો સ્વજન મને બચાવવાનો છે? સાતમી નરકમાં મહાકાય કંથવાઓ મારી કાયાને અંદરથી ફોલી ખાતા હશે, ભયાનક વેદનાથી હું ચીસાચીસ કરતો હોઈશ.... બચાવો... કોઈ બચાવો - ની રાડો પાડતો હોઈશ, આકાશ ફાટી જાય એવા વિલાપો કરતાં કરતાં જ્યારે શબ્દશઃ મારું ગળું જ ફાટી ગયું હશે, ત્યારે આમાંથી કઈ રાણી મારો ઉદ્ધાર કરવાની છે? તેત્રીશ સાગરોપમની સુદીર્ઘ આ દુઃખયાત્રાથી અને અનંતાનંત ભવભ્રમણથી મને બચાવે, એવું આ બધામાંથી કોઈ છે ખરું? જો ના, તો એનો અર્થ એ જ છે કે આમાં કોઈ જ મારું નથી. આ બધા જ પારકા છે....

## અવર સબ હી અનેરા

તમે તો મારા પ્રિયતમ છો... તમે તો પ્રાણનાથ છો... તમે તો મારા સર્વસ્વ છો... તમારા વિના તો હું એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી.... આ બધી જ વાતો તાત્ત્વિક દષ્ટિએ લવારા છે.... અર્થશૂન્ય પ્રલાપો છે... વિરહની વેદના એ અજ્ઞાનનો વિકાર છે અને રુદન એ એક જાતની વિડંબણા છે. કારણ કે આ બધાના મૂળમાં મમત્વ-મારાપણું છે, જ્યારે વાસ્તવમાં નથી સનત્કુમાર એમના કે નથી એ સનત્કુમારના.

## અવર સબ હી અનેરા

જે 'અવર' છે, એ અનેરું જ હોઈ શકે. જે પર છે એ કદી સ્વકીય ન હોઈ શકે, પર એ પરકીય જ હોય.... સ્વ એ સ્વકીય જ હોય. એ અવર છે = એ અનેરું છે.

## અવર સબ હી અનેરા

મિથિલાના રાજપાટને છોડીને નમિ રાજા જ્યારે સંયમનો સ્વીકાર કરવા માટે સજ્જ બને છે, ત્યારે ઈન્દ્ર મહારાજા બ્રાહ્મણનું રૂપ લઈને તેમની પરીક્ષા કરવા આવે છે. દિવ્ય શક્તિથી તેમને આખી મિથિલા નગરી ભડકે બળી રહી છે, એવું દૃશ્ય દેખાડે છે. અંતઃપુર આખું ય જ્વાળાઓમાં લપટાઈ ગયું છે, અને એક એક રાણી આક્રંદ કરી રહી છે. પ્રજાજનો હાહાકાર કરી રહ્યા છે. બ્રાહ્મણ રાજાને કહે છે, "જુઓ તમારી નગરીની અવદશા... દોડો... એને બચાવો... બધું જ ભડકે બળી રહ્યું છે." નમિ રાજાએ પૂર્ણ સ્વસ્થતા સાથે જવાબ આપ્યો છે, "મિથિલા બળતી હોય, એમાં મારું કશું જ બળતું નથી." આજે પણ પરમ પાવન શ્રી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં નમિ રાજર્ષિનું એ વચન અમર બની ગયું છે -

**मिहिलाए डज्झमाणीए ण मे डज्झइ किंचण**

એકત્વની ઉત્કૃષ્ટ પરિણતિ વિના અને પૂર્ણ નિર્મમતાના સંવેદન વિના આ વાક્યનો વિચાર આવવો પણ શક્ય નથી. જે રાણીઓ સાથે વર્ષોના વર્ષો સુધી ભોગવિલાસો કર્યા, જે રાજમહેલમાં પોતાનું અત્યાર સુધીનું સમગ્ર જીવન પસાર કર્યું, જે પ્રજાને પોતાના સંતાનની જેમ પાળી પોષી, જે નગરી પરની મમતા ક્ષણે ક્ષણ રહ્યા કરી... એ રાણીઓ, એ મહેલ, એ પ્રજા, એ નગરી - બધું જ ભડકે બળતું હોય, અને અંતરમાં મમત્વના વાવાઝોડા ન જાગે, મન તદ્દન ક્ષુબ્ધ ન થઈ જાય, રાગના વિસ્ફોટો વિરાગના ફૂરચે ફૂરચા ન ઉડાવી દે, એ શી રીતે શક્ય બને? આ

દુઃશક્ય પણ સુશક્ય બન્યું, તેનું કારણ આ જ સંવેદન હતું -

**અવર સબ હી અનેરા**

મિથિલા જો મારી હોય, તો એ હંમેશ માટે મારી રહેવી જોઈએ. શું એ ભૂતકાળમાં મારી હતી? રે... હજારો મિથિલાનરેશ આવ્યા ને ગયા. એક એક રાજા આખી જિંદગી એ જ ભ્રમણામાં રાચતા રહ્યા કે મિથિલા મારી છે. ને મિથિલા જાણે મૂંછમાં હસતી રહી. એણે તો આવી હજારો ભ્રમણાઓને જોઈ લીધી હતી. મિથિલા ત્યાંની ત્યાં રહી, અને એના કહેવાતા સ્વામિઓ પોતપોતાને રસ્તે પડી ગયા. જેમ ભાડાનું ઘર એ પોતાનું નથી હોતું. ધર્મશાળાની ઓરડી જેમ પોતાની નથી હોતી. બરાબર એ જ રીતે વહેલા કે મોડા પણ જે વસ્તુને છોડી દેવાની છે, એ વસ્તુ પોતાની નથી હોતી. ભાડાનું ઘર છોડી દીધા પછી જેમ પોતાનું નથી હોતું, એ જ રીતે જ્યાં સુધી એને છોડ્યું નથી, ત્યાં સુધી પણ એ પોતાનું નથી જ હોતું. જે ભાડાનું છે, એ પોતાનું શી રીતે હોઈ શકે?

**ધર્મશાળા સમ છે આ તો, કૈંક પેઢીઓ જુની**
**કૈંક અહીં મુસાફર આવ્યા, કદી થઈ ના સુની ।**
**એક ઈંટ પણ નથી લઈ ગયું, કોઈ અહીં સંગાથે**
**ભાડાનું છે મુક બધી માયા, આ ઘરની સાથે ॥**

સત્તાના નશામાં ભાન ભૂલેલા મુંજ રાજાને કોઈ હિતેચ્છુએ આ જ ટકોર કરી હતી, "રાજન્! આ પૃથ્વી કોઈ રાજાની સાથે પરલોકમાં ગઈ નથી, તો શું તમારી સાથે જશે?"

**नैकेनापि समं गता वसुमती**

**मुञ्ज! त्वया यास्यति?**

રાજ્ય ગયું, સત્તા ગઈ, ઐશ્વર્ય ગયું, એ જ મુંજ એ જ ભવમાં શત્રુ રાજાની જેલમાં પૂરાયો, ભીખ માંગવા સુધી લાચાર કરાયો અને હાથીના પગ તળે કચડાઈને કમોતે મર્યો. એનું કશું ય એને બચાવી ન શક્યું, કારણ કે એનું કશું ય હતું જ નહીં.

## અવર સબ હી અનેરા

'અનેરા' ની આ અનેરી ઉર્મિઓથી અવધૂત પોતાના મનને આપ્લાવિત કરી રહ્યા છે. મારા ભક્તો... મારી કીર્તિ... મારું સન્માન... મારું ગૌરવ... મારી આમન્યા... આ બધું જ 'અનેરું' થઈને અળગું થઈ રહ્યું છે. પુરાણા-ચિર પુરાણા પડળો ધોવાઈ રહ્યા છે, મન વિશુદ્ધ અને વિશુદ્ધતર બની રહ્યું છે, એકત્વના શાશ્વત ઐશ્વર્યની દિશામાં મનની ગતિ થઈ રહી છે. પણ.... પણ ત્યારે જ પેલા પ્રહારોની વેદના વિક્ષેપ બનીને વચ્ચે ઊભી રહી જાય છે... બીજું બધું જ અવગણી શકાય, ભૂલી શકાય, જતું કરી શકાય, પણ આ વેદના!... આ પીડા!... એ તો શરીરમાં સાક્ષાત્ અનુભવાઈ રહી છે... એનું શું? એને કેમ ભૂલવી? મન પાસે આનું કોઈ જ સમાધાન નથી, માટે જ 'આત્મસ્વભાવ' તરફ જવાને બદલે એ અટકી ગયું છે. એ ખોરવાઈ ગયું છે. એ દિઙ્મૂઢ બની ગયું છે... પણ અવધૂત ખરેખર અવધૂત છે. એ સ્વયં સમાધાનનો સાગર છે. મનની સમસ્યા પ્રગટ થઈ, અવધૂતના હોઠ ફરક્યા અને ફરીથી સમાધાનના સ્રોતોએ એ લતામંડપને પૂર્ણ-સુપૂર્ણ કરી દીધો...

**વપુ વિનાશી તું અવિનાશી,**
**અબ હૈ ઈન કા વિલાસી ॥**
**વપુ સંગ જબ દૂર નિકાશી,**
**તબ તુમ શિવ કા વાસી ॥૩॥**

**શરીર વિનાશી છે, તું અવિનાશી છે.**
**તું એટલે જ સંસારમાં વિનાશ પામતો રહે છે,**
**કે હમણા તું વિનાશીમાં વિલાસ કરે છે.**
**પણ જ્યારે તું શરીરના સંગને દૂર કાઢી મુકીશ**
**ત્યારે તું શિવપદનો નિવાસી થઈ જઈશ, ખરેખર.**

એક હતી કોયલ. કોઈ કાગડાના માળામાં એણે પોતાનું ઈંડુ મુકી દીધું. કાગડાના ઈંડાની સાથે સાથે એનું ય સેવન થવા લાગ્યું. સમય પાક્યો. બચ્ચા બહાર નીકળ્યા. કોયલના બચ્ચાને ધીમે ધીમે ખ્યાલ આવવા લાગ્યો, કે આ બીજા બચ્ચા, એમના માતા-પિતા એ અલગ છે, અને હું અલગ છું. ધીમે ધીમે એની સમજ દૃઢ થતી ગઈ ને જે દિવસે એ ઉડતા શીખ્યું, એ જ દિવસે એ ત્યાંથી રવાના થઈ ગયું.

વિચારવાની વાત એ છે કે કોયલ અને કાગડો એ બંને અલગ કેમ? કહેવું પડશે કે બંનેના આકાર જુદા છે, અવાજ જુદા છે, સ્વભાવ જુદા છે, માટે એ બંને જુદા છે. આના પરથી એક વાત ફલિત થાય છે, કે જેમનો સ્વભાવ જુદો હોય, એ જુદા કહેવાય. જેમનો સ્વભાવ એક નથી, તેમને એક ન કહેવાય.

આત્મા અને શરીર એ બંને જુદા છે, કારણ કે બંનેના સ્વભાવ જુદા છે.

## વપુ વિનાશી તું અવિનાશી

શરીર નશ્વર છે. તું શાશ્વત છે. બંનેના સ્વભાવ જ્યારે તદ્દન વિરુદ્ધ છે, ત્યારે તે બંને એક શી રીતે હોઈ શકે? અને જ્યારે આત્મા અને શરીર એ બંને એક નથી, ત્યારે શરીરની વેદના સાથે આત્માને શું સંબંધ હોઈ શકે? પરમ પાવન **શ્રી આચારાંગ સૂત્ર**માં આ જ વાત કરી છે -

**वोसिरे सव्वसो कायं**

**न मे देहे परीसहा**

મારા શરીરમાં વેદના છે - આ ભ્રમણાને જ ભાંગી દે. શરીર મારું છે - આ ગેરસમજને જ છોડી દે.

નિશ્ચયનયથી શરીરને વોસિરાવવામાં આ ગેરસમજને જ વોસિરાવવાની હોય છે. છોડવાનું એ હોય, કે જે પોતાનું છે, શરીર પોતાનું છે જ નહીં, તો પછી એમાં છોડવાનું શું? કોયલની ગેરસમજ દૂર થઈ ગઈ, ને કાગડાનો માળો સહજ રીતે છૂટી ગયો. જે જુદું જ છે, એનાથી શી રીતે જોડાઈ રહેવાય? આત્માની ગેરસમજ દૂર થઈ જાય, તો શરીરની માયા સહજ રીતે દૂર થઈ જાય. જે 'હું' નથી, એને 'હું' સમજવામાં તો કેટકેટલી હોનારતો સર્જાય! કોઈ વ્યક્તિ પડોશીને 'હું' સમજી લે, તો એના જીવનની શું દશા થાય?

તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ, તો આખી દુનિયામાં

આંધળે બહેરું કુટાય છે. દુનિયાના લગભગ બધા જ વ્યવહારો પાગલોની રીતભાત જેવા છે. કારણ કે એ બધાં જ વ્યવહારોના કેન્દ્રસ્થાનમાં રહેલો 'હું' એ જ ખોટો છે. માટે જ આત્મજ્ઞાનીને આખી દુનિયા પાગલ જેવી લાગે છે. **સમાધિતંત્ર**માં આ જ વાત શબ્દશઃ કહી છે -

**पूर्वं दृष्टात्मतत्त्वस्य विभात्युन्मत्तवज् जगत् ।**

એક પરિવાર હતો, એની વિશેષતા એ હતી કે એના બધાં જ સભ્યો તદ્દન બહેરા હતાં. એ પરિવારની એક વૃદ્ધ મહિલા મંદિરથી ઘર તરફ આવતી હતી. રસ્તામાં એની સખી મળી. એણે પૂછ્યું, "કેમ ? મંદિરે જઈ આવ્યા ?" એ મહિલાએ જવાબ આપ્યો, "શિયાળો છે, તો ઠંડી પડે જ ને ?" સખી જરા અકળાઈને બોલી, "અરે, હું તો ઠંડીની નહીં, મંદિરની વાત કરું છું." મહિલા લગભગ ગુસ્સામાં આવીને બોલી, "એમ ગુસ્સે થવાથી થોડી ઠંડી જતી રહેવાની છે, બહુ એવું હોય, તો એક શાલ વધારે ઓઢવાની." સખી હાથ જોડીને આગળ વધી. મહિલા ઘરે પહોંચી. જોયું તો વહુ તલ વીણતી હતી. સાસુથી બોલાઈ ગયું, "અત્યારમાં આ કામ લઈને બેઠી છે, તો રસોઈ નથી કરવાની ?" વહુ ઉપર જાણે મોટું કલંક આવી ગયું હોય, એમ તેણે જવાબ આપ્યો, "મારી માતાના સોગંદ ખાઈને કહું છું, કે મેં આમાંથી એક પણ તલ ખાધો નથી." ત્યાં તો એના સસરાએ દરમિયાનગિરિ કરી, "પણ એને આટલું બધું કામ હોય. એમાં એ મંદિરે ક્યાંથી જાય ?" હવે સાસુની કમાન છટકી, "તો શું મારો દીકરો દુકાનેથી આવશે, એ ધૂળ જમશે ?" વહુ લગભગ રડવા

જેવી થઈને બોલી, "તમારા હાથે જ તલનું વજન કરી લો. ઓછું હશે તો મારા પિયરથી ગાડું ભરીને તલ આવી જશે." સસરા લમણે હાથ દઈને બોલ્યા... "આ લોકો મંદિરના નામે ઝગડો લઈને બેઠાં." ત્યાં તો દુકાનેથી માણસ આવ્યો, "શેઠે કહ્યું છે કે હમણા એમના મિત્રના ઘરેથી આમંત્રણ આવ્યું છે, એટલે ઘરે જમવા નહીં આવે." હવે તો સાસુ વહુ ઉપર તૂટી જ પડી, "જો, આ ટિફિન લઈ જવા આવ્યો છે, હવે શું કરવાનું?" વહુએ જરા કઠોર અવાજે કહ્યું, "તમારે એની સાથે જે ફરિયાદ મોકલવી હોય એ મોકલી દો, મેં તલ ખાદા જ નથી, એટલે મને કોઈ ડર નથી."

એ પરિવારના જીવનના પુસ્તકનું આ માત્ર એક પાનું છે, કેવું હશે એમનું જીવન! હાસ્ય સંમેલન જેવું... કે શોક સભા જેવું... **આવશ્યક નિર્યુક્તિ** નામના આગમસૂત્રમાં આને "અનનુયોગ" કહ્યો છે. આંધળે બેરું કૂટાય એનું નામ 'અનનુયોગ'. કહે કાંઈક ને સમજાય કાંઈક એનું નામ 'અનનુયોગ.' આત્મદૃષ્ટિ અને દેહદૃષ્ટિના વિભ્રમમાં અટવાતા જગતની દશા પણ શું આ 'અનનુયોગ' જેવી જ નથી? જેને 'હું' સમજીને આ જગત વ્યવહારમાં પ્રવર્તે છે, એ ખરેખર 'હું' જ હોતો નથી, આથી વધુ કરુણ અનનુયોગ બીજો કયો હોઈ શકે?

કરુણતાની સીમા ત્યારે આવે છે, જ્યારે વાસ્તવિકની તુલનામાં કાલ્પનિક 'હું' તદ્દન તુચ્છ છે. પરમ સમૃદ્ધ વાસ્તવિક 'હું' ને અવગણીને એ તુચ્છતમ કાલ્પનિક 'હું' માં સ્વ-પ્રતિભાસ કરતાં આત્માની સ્થિતિ જ કેટલી દયાસ્પદ છે! અનાદિ કાળથી

સતત ને સતત આ જ સ્થિતિને દૃઢ કરતાં કરતાં હવે એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે, કે જે કાલ્પનિક છે એ વાસ્તવિક લાગે છે, અને જે વાસ્તવિક છે, એ કલ્પનાની પણ બહારની વસ્તુ બની ગઈ છે. આ પરિસ્થિતિમાં જે કુસંસ્કારો આત્મામાં ઘર કરી ગયા છે, એમને દૂર કરવાનો એક માત્ર ઉપાય પ્રતિસંસ્કાર જ હોઈ શકે... પ્રતિસંસ્કાર...

## વપુ વિનાશી હું અવિનાશી

કાલ્પનિક 'હું' નશ્વર... વાસ્તવિક 'હું' શાશ્વત. કાલ્પનિક 'હું' અપવિત્ર... વાસ્તવિક 'હું' પવિત્ર, કાલ્પનિક 'હું' જડ... વાસ્તવિક 'હું' ચેતન. શરીર જો વિનાશી છે, તો એ હું શી રીતે હોઈ શકું? હું જો અવિનાશી છું, તો હું શરીર શી રીતે હોઈ શકું? ના, શરીરની વાત ન્યારી છે, અને મારી વાત ન્યારી છે...

## વપુ વિનાશી તું અવિનાશી

એક મહાત્માને થર્ડ સ્ટેજનું કેન્સર હતું. સારવારની શક્યતા પણ ન હતી, અને સારવારની એમને કોઈ પડી પણ ન હતી. તીવ્ર વેદનામાં પણ એ ધીમે ધીમે ગામડે ગામડે વિચરતા હતાં. એમની પ્રસન્નતા અને મસ્તી જોઈને એક ભક્ત ચકિત થઈ ગયો, એનાથી અનાયાસે પૂછાઈ ગયું, "આ શરીર ઢળી પડશે, એની આપને કોઈ જ ચિંતા નથી?" થોડી ક્ષણો એમ જ વીતી ગઈ. મહાત્માના ચહેરા પરની પ્રસન્નતા અકબંધ છે, ને ભક્તનું કુતૂહલ વધી રહ્યું છે. સ્મિત કરીને મહાત્માએ કહ્યું, "સામે જો, પેલું ખંડેર દેખાય છે?" "હા." "એનો પેલો થાંભલો.... થોડો ત્રાંસો પણ છે અને તૂટું તૂટું પણ થઈ રહ્યો છે.... દેખાયો?" "હા." "એ ઢળી

પડવાનો. જેમ એની મને કોઈ જ ચિંતા નથી. એમ આ શરીરની પણ મને કોઈ જ ચિંતા નથી. જેમ એ થાંભલો એ 'હું' નથી. એમ આ શરીર એ પણ 'હું' નથી. જેમ એ થાંભલો રહે કે ઢળી પડે, એની સાથે મને કોઈ જ લેવા-દોવા નથી, એમ આ શરીર પણ રહે કે ઢળી પડે, મને કોઈ જ ફરક પડતો નથી. જેમ એ થાંભલો મારાથી જુદો છે, એમ આ શરીર પણ મારાથી જુદું છે. એ વિનાશી છે... હું અવિનાશી છું.''

## વપુ વિનાશી તું અવિનાશી

**शीर्यत इति शरीरम्** - જે શીર્ણ - વિશીર્ણ થઈ જાય, એનું નામ શરીર. **अतति सन्ततमपि तांस्तान् पर्यायान् गच्छतीत्यात्मा** - જે સતત તે તે પર્યાયોમાં ગતિ કરે, એનું નામ આત્મા. શરીરની વ્યાખ્યામાં જ એની નશ્વરતા વણાયેલી છે. આત્માની વ્યાખ્યામાં જ એની શાશ્વતતા સમાયેલી છે. નશ્વર નાશ પામશે. શાશ્વત સ્થિર રહેશે. જનારું જશે, રહેનારું રહેશે. હવે આમાં શી હાયવોય? ને શો સંક્લેશ? બસ... સમાધિ ને પૂર્ણ સમાધિ.... યોગીરાજ **શ્રી આનંદઘનજી મહારાજ**નો અંતર્નાદ યાદ આવે...

**વપુ વિનાશી હું અવિનાશી, અપની ગતિ પકરેંગે ।**
**નાશી જાશી હમ થિરવાસી, ચોકખે વ્હૈં નિખરેંગે ॥**

## અબ હમ અમર ભયે ન મરેંગે

સવાલોનો સવાલ એ છે, કે જો આત્મા નિત્ય છે, શાશ્વત અને સ્થિર છે, તો પછી એ આટઆટલી વિડંબના કેમ પામે છે?

જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક... આટઆટલી ઉપાધિઓનો એ ભોગ કેમ બને છે? આ જ સવાલનો જવાબ અવધૂત આગળની પંક્તિમાં પ્રસ્તુત કરી રહ્યા છે -

**અબ હૈ ઈન કા વિલાસી**

તું છે તો અવિનાશી જ, પણ હમણા આનો = વિનાશીનો વિલાસી થયો છે, જે શરીર નાશવંત છે એમાં તું આસક્ત થયો છે, માટે તારી આ દશા થઈ છે. **નીતિશાસ્ત્રો**માં કહ્યું છે -

**यो ध्रुवाणि परित्यज्य ह्यध्रुवं परिषेवते ।**

**ध्रुवाणि तस्य नश्यन्ति ह्यध्रुवं नष्टमेव च ॥**

જે શાશ્વતને છોડીને નશ્વરમાં વિલાસ કરે છે, એનું શાશ્વત પણ નાશ પામે છે, ને નશ્વર તો નાશ પામેલ જ છે.

**અબ હૈ ઈન કા વિલાસી**

દેહની પળોજળ એ જ આત્માની પનોતી છે. આત્મા શાશ્વત છે, એની ના નહીં, પણ જો એ અશાશ્વતમાં મગ્ન બન્યો તો? રત્ન તેજસ્વી છે, કબૂલ, પણ જો એ કાદવમાં ડુબી ગયું તો ? પછી એનું તેજ ક્યાં રહેશે? કાદવનું આવરણ એના સમગ્ર તેજને પી જશે. વિનાશીના વિલાસે જ આત્માની નિત્યતાના લીરે લીરા ઉડાવી દીધા છે. આજ સુધીના અનંતાનંત જન્મ અને અનંતાનંત મરણનું રહસ્ય આ જ છે - વિનાશીનો વિલાસ. ત્યાં સુધી જન્મ-મરણની આ પરંપરાનો અંત નહીં આવે, કે જ્યાં સુધી શરીરની આસક્તિને દૂર કરવામાં નહીં આવે.

**વપુ સંગ જબ દૂર નિકાશી**

## તબ તુમ શિવ કા વાસી

મોક્ષ ત્યારે થશે, જ્યારે દેહાસક્તિનો દેશનિકાલ થઈ જશે. ખરેખર દેશનિકાલ. દેહાસક્તિ એ જ સંસાર છે. માટે દેહાસક્તિથી છૂટકારો, એ જ સંસારથી છૂટકારો છે. આજ સુધીમાં જે કોઈ આત્માની મુક્તિ થઈ છે, તે દેહાસક્તિના ત્યાગથી જ થઈ છે. જે કોઈ આત્માનું ભવભ્રમણ થયું છે, એ દેહાસક્તિથી જ થયું છે. શાસ્ત્રોમાં આ વાત સ્પષ્ટ શબ્દોમાં કરી છે -

**भेदविज्ञानतः सिद्धाः, सिद्धा ये किल केचन ।**

**अस्यैवाभावतो बद्धा, बद्धा ये किल केचन ॥**

સરસ શબ્દપ્રયોગ છે - **નિકાશી** -

**निः** = ઉપસર્ગ સાથે **कास्** = ધાતુથી આ પ્રયોગ બન્યો છે, **निष्कास्** = કાઢી મુકવું.

## વપુ સંગ જબ દૂર નિકાશી

દેહાસક્તિ એટલે આત્મઘરમાં ઘુસી ગયેલી એક ડાકણ, જેણે આત્માનું ધનોત પનોત કાઢી નાખવામાં કોઈ જ કસર છોડી નથી. સમગ્ર યોગમાર્ગ, પછી ચાહે એ ઉગ્ર સ્વાધ્યાયરૂપ હોય, કે ઘોર તપશ્ચર્યા રૂપ હોય, અપ્રમત્ત ક્રિયારૂપ હોય, કે અવિરત ધ્યાનરૂપ હોય, એનું અંતિમ લક્ષ્ય આ જ છે - વપુસંગનિષ્કાસન - દેહાસક્તિને આત્મઘરમાંથી તગેડી મૂકવી, કારણ કે એના વિના મોક્ષ થવો, એ મુશ્કેલ જ નહીં, અશક્ય પણ છે.

## વપુ સંગ જબ દૂર નિકાશી

## તબ તુમ શિવ કા વાસી

માટે જ આગમોમાં દેહાસક્તિને દૂર કરવા માટે ફરી ફરી પ્રેરણાઓ કરી છે. **શ્રીસૂત્રકૃતાંગસૂત્ર**ના શબ્દો છે -

**बाहिरगमेतं**

શરીર એ તું નથી, આ તો એક બાહ્ય વસ્તુ છે,
વસ્ત્રની જેમ. જેમ વસ્ત્ર એ તું નથી,
એમ શરીર પણ તું નથી.

**सुसंधीता संधी विसंधी भवति**

એક સમયે જે શરીરના સાંધાઓ સુશ્લિષ્ટ હતાં, એક દિવસ એ જ સાંધાઓ વિશ્લિષ્ટ થઈ જાય છે. એક સમયે જે શરીરને ભારે ભાર પણ હલકો લાગતો હતો, એક દિવસ એ જ શરીર ખુદ ભારરૂપ બની જાય છે. જાણે બધાં જ સાંધાઓ છુટ્ટા પડી ગયા હોય, એટલી હદે શિથિલ થઈ જાય છે. જે શરીર ઉંચી ઉંચી છલાંગો લગાવતું હતું, એ જ શરીરને હવે ઘરના ઉંબરા પણ ડુંગરા જેવા લાગે છે... વપુ વિનાશી... આમાં શું આસક્તિ કરવી ?

**वलितरंगे गाते भवति**

યૌવનમાં જે દેહ પર ચુસ્ત ને મસ્ત ત્વચા શોભતી હતી, એ જ દેહ પર ઘડપણમાં કરચલીઓની રીતસર કતાર લાગી જાય છે. નદીનું પાણી જેમ તરંગિત બની જાય, તેમ શરીર આખું ય તરંગિત બની જાય છે. ખુદ પોતાને ય જોવું ન ગમે, તો બીજાને તો ક્યાંથી ગમે ? તદ્દન ચિતરી ચડે એવું શરીર.... કુરૂપતાની

સીમા જેવું શરીર... જે આજે સારું દેખાય છે, એની ભવિષ્યમાં આ જ દશા થવાની છે. **जरा रूपमिवोत्तमम्** ઘડપણ એ એવી વસ્તુ છે, કે જે શ્રેષ્ઠ રૂપને પણ ખાનાખરાબ કરી નાખે છે. **यौवनं नगनदीस्यदोपमम्** અને યૌવન, એ ગિરિનદીના વેગ જેવું હોય છે. જાણે પલકારામાં પસાર થઈ જાય... જે શરીર ટૂંક સમયમાં કદરૂપું થઈ જવાનું છે, ને એનાથી પણ ટૂંક સમયમાં હતું ન હતું થઈ જવાનું છે, એનો મોહ શા માટે કરવો? એની આસક્તિ કરીને દુઃખને આમંત્રણ કેમ આપવું?

**किण्हा केसा पलिता भवंति**

આજે જે કેશપાશ કાળો ભમ્મર લાગે છે, કાલે એ જ રૂની પૂણી જેવો ધોળો થઈ જશે. આજે ગમે છે, કાલે દીઠો ય નહીં ગમે. એને રંગીશ, તો બીજા દિવસે રંગ નીકળી જશે, રંગી રંગીને કંટાળી જઈશ. જે છે એમાં જ જીવવું પડશે. આજે જેટલો હસે છે, એટલો જ કાલે રડીશ.

**अणुपुव्वेणं विप्पजहियव्वं भविस्सति**

આ એક ક્રમ છે... જેમાં અંતે શરીરને છોડી દેવું પડશે, સંપૂર્ણપણે. **अन्यत्वं हि मोच्यत्वलक्ष्म** - એ જુદું છે, એ જ બતાવે છે, કે એને છોડી દેવાનું છે. આ એક શાશ્વત નિયમ છે, કે જે જુદું છે, એને વહેલા કે મોડા છોડ્યા સિવાય છૂટકો જ નથી. એ સમયે દુઃખી થવું, દુર્ધ્યાન કરવું, ફરી નવા શરીરનું ગ્રહણ કરવું, ફરી જન્મ, જરા, રોગ, મરણના ભોગ બનવું, ફરી ફરી દુર્ગતિમય સંસારમાં ભ્રમણ કરવું, એના કરતાં બહેતર છે કે આજે

જ શરીરની આસક્તિને છોડી દઈએ.

**વપુ સંગ જબ દુર નિકાશી**
**તબ તુમ શિવ કા વાસી**

અનંતકાળ પછી પણ જ્યારે મોક્ષ થશે, એ દેહાસક્તિનો ત્યાગ કર્યા વિના તો થવાનો જ નથી. તો પછી એ ત્યાગ આજે જ કેમ ન કરવો? શા માટે અનંત કાળ સુધી નરક-નિગોદ આદિના ભયંકર દુઃખો સહન કરવા? અવધૂતનું વચન એક ખાતરીપત્રરૂપ છે. એક શિલાલેખ જેવું છે. જે ભારપૂર્વક કહી રહ્યું છે, કે વિશ્વાસ રાખ, તારી અને મોક્ષની વચ્ચે એક માત્ર દેહાસક્તિ છે, બીજું કશું જ નહીં, બીજું જે કાંઈ પણ હોઈ શકે, એનો આધાર દેહાસક્તિ જ છે, પુત્રમોહ-પત્નીમોહ-ઘરમોહ-સંપત્તિમોહ... આ બધું જ દેહાસક્તિના આધારે ઊભું છે. દેહાસક્તિ વિદાય લે, એની સાથે જ આ બધું જતું રહેવાનું છે. બસ, એક માત્ર દેહાસક્તિનો ત્યાગ... અને મોક્ષ.

**વપુ સંગ જબ દુર નિકાશી**
**તબ તુમ શિવ કા વાસી**

બાળકને રમકડાંનો મોહ હોય છે. એ થોડો મોટો થાય, ત્યારે કિશોરાવસ્થામાં ખાવાં - પીવાં, હરવા-ફરવા-મનોરંજન મેળવવાનો મોહ જાગે છે. એ યુવાન થાય છે અને સ્ત્રીના ભોગની વાસના જાગે છે. એ ધંધે લાગે છે અને સંપત્તિની તૃષ્ણા સતાવે છે. એ પ્રૌઢ બને છે અને સત્તા, નામના ને પ્રતિષ્ઠાની ભૂખ જાગે છે. એ વૃદ્ધ બને છે અને પૌત્ર ને પૌત્રપુત્રની મોહમાયામાં લપેટાય

છે. નવી નવી તૃષ્ણાઓ જાગતી જાય છે, એની સાથે જ પુરાણી તૃષ્ણા ક્યાં જતી રહી એનો ખ્યાલ પણ રહેતો નથી. પણ આ બધી જ અવસ્થામાં એક સરખી રીતે છવાયેલ કોઈ તૃષ્ણા હોય, તો છે દેહાસક્તિ. વૃદ્ધ વ્યક્તિ અતિવૃદ્ધ થશે, તો કદાચ પૌત્રનો મોહ જતો રહેશે, પણ દેહનો મોહ ઊભો જ રહેશે. અરે, જે ભવમાં ઘર, સંપત્તિ વગેરે કશું છે જ નહીં, એ પશુના ભવમાં કે નરકના ભવમાં ય દેહની કારમી આસક્તિ સતાવતી હોય છે. આ રીતે દેહાસક્તિ એ 'સર્વવ્યાપી' તૃષ્ણા છે.

હજી ઊંડા ઉતરીએ તો એ 'સર્વવ્યાપી' હોવાની સાથે 'સર્વોપરિ' પણ છે. બાળક રમતા રમતા પડી ગયું, વાગ્યું, દુઃખે છે, હવે રમકડામાંથી મન ઉઠી જશે, કારણ કે એની દુઃખતી નસ-દેહાસક્તિ દબાઈ ગઈ છે. શરીરમાં ત્રણ તાવ ધગ ધગી રહ્યો છે, તો ગોવાની ટિકિટ કેન્સલ થઈ જશે. એક્સીડંટમાં જીવલેણ ઈજા થઈ છે, તો હવે સ્ત્રીના દશ્યો આકર્ષિત નહીં કરી શકે. પેરાલિસિસથી શરીર પીડિત છે, તો હવે 'પ્રમુખ' ની સીટ માટે દોડાદોડી કરવાનો ઉલ્લાસ નહીં થાય. પૌત્ર બગીચામાં ફરવા લઈ જવાની જીદ પકડશે, પણ સંધિવાત સતાવતો હશે, તો દાદાજી ઘસીને ના પાડી દેશે. સર્વોપરિ - જે બધાંની ઉપર છે.

હવે ગણિત માંડીએ. કર્મોનો રાજા મોહ છે. દોષોનો રાજા પણ મોહ છે. અને જેટલા પ્રકારના મોહ છે, એ બધામાં સર્વોપરિ અને સર્વવ્યાપી છે શરીરમોહ. જો શરીરમોહને જીતી લીધો, તો બધા મોહને જીતી લીધા. જો બધા મોહને જીતી લીધા, તો બધા દોષોને અને બધા કર્મોને જીતી લીધા. અને જો બધા દોષો અને

બધા કર્મોને જીતી લીધા, તો શિવપદ હાથવેંતમાં જ છે. દોષ-વિજય અને કર્મક્ષય એ જ તો મોક્ષનો પર્યાય છે. અવધૂતના શબ્દો હવે તદ્દન સ્પષ્ટ બની ગયા છે....

**વપુ સંગ જબ દુર નિકાશી**

**તબ તુમ શિવ કા વાસી**

કેટલો સરળ છે મોક્ષ! ને કેટલો અઘરો પણ! દેહાસક્તિ છોડી દેવાય, તો તદ્દન સરળ, દેહાસક્તિ પકડી જ રખાય, તો અત્યંત મુશ્કેલ. અનંતકાળે પણ દુર્લભ. **સમાધિતંત્ર**માં કહ્યું છે -

**देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।**

**बीजं विदेहनिष्पत्ते - रात्मन्येवात्मभावना ॥**

'હું' શરીર છું - આવી વાસનાથી જીવ એક શરીર છોડીને બીજા શરીરમાં જાય છે. 'હું' આત્મા જ છું - આ ભાવનાથી શરીરાતીત દશાની પ્રાપ્તિ થાય છે. આ દશાનું નામ જ મોક્ષ છે.

**વપુ સંગ જબ દુર નિકાશી**

**તબ તુમ શિવ કા વાસી**

બે પ્રકારના સંગ હોય છે. દ્રવ્ય સંગ અને ભાવ સંગ. દ્રવ્ય સંગ સંયોગરૂપ હોય છે. દેહનો સંયોગ મોક્ષની આગલી ક્ષણ સુધી હોય છે. એ સંયોગ છૂટે એટલે મોક્ષ. **અરિહંતવંદનાવલિ**ના શબ્દો છે -

**જે નાથ ઔદારિક વળી તૈજસ તથા કાર્મણ તનુ**

**એ સર્વને છોડી અહીં પામ્યા પરમ પદ શાશ્વતુ**

કેવળજ્ઞાની ભગવંત વર્તમાન ભવના ચરમ સમયે ઔદારિક, તૈજસ અને કાર્મણ નામના ત્રણ પ્રકારના શરીરોનો સર્વથા ત્યાગ કરે છે, અને તેની બરાબર પછીના સમયે તેમનો આત્મા મુક્ત થાય છે. આ પ્રક્રિયા છે દ્રવ્ય સંગના ત્યાગની.

ભાવ સંગનો અર્થ છે આસક્તિ. શરીરનો દ્રવ્ય સંગ છૂટે, ત્યારે આત્મા મુક્ત બને છે, શરીરનો ભાવ સંગ છૂટે ત્યારે આત્મા જીવન્મુક્ત બને છે. આત્માના અક્ષય-અનંત આનંદમાં પ્રતિબંધક છે દેહાસક્તિ. દેહાસક્તિનો અંત આવે, એ જ સમયે આ અનંત સુખનો ઉદય થાય છે. એ સુખ, કે જેને મિષ્ટાન્નના ભોજન કે રૂપરમણીના ભોગની કોઈ જ અપેક્ષા નથી. એ સુખ, કે જેને શરીર સાજુ હોય કે માંદુ, એનાથી કોઈ ફેર પડતો નથી. એ સુખ, કે જેને કોઈએ કરેલી પ્રશંસા કે નિંદા સાથે કોઈ જ સંબંધ નથી. આ સુખનું જ બીજું નામ જીવન્મુક્તિ છે. મોક્ષ કેટલા જન્મો પછી થશે? આવી ચિંતા ઘણાને સતાવે છે, વાસ્તવમાં મોક્ષ આ જ જન્મમાં મળી શકે છે, આજે જ મળી શકે છે અને હમણાં જ મળી શકે છે. બસ, દેહાસક્તિને છોડી દો. જીવન્મુક્તિને એની જ પ્રતીક્ષા છે...

**વપુ સંગ જબ દુર નિકાશી**

**તબ તુમ શિવ કા વાસી**

જે જીવન્મુક્તિને પામતો નથી, એ કદી મુક્તિને પામી શકતો નથી. મુક્તિને પામવાની આ જ શરત છે, દેહાસક્તિ છોડો, જીવન્મુક્ત બનો, પછી મુક્તિ પોતે સ્વયંવરા બનીને આવશે.

કેટલાક પ્રાયોગિક ઉપાયો છે, જેનાથી દેહાસક્તિ ઓછી થઈ શકે અને ક્રમશઃ તેનો અંત આવી શકે.

૧) પ્રભુપૂજાના ઉદ્દેશ્ય વિના સ્નાન ન કરવું.

૨) પ્રભુપૂજા માટે પવિત્રતાનો ઉદ્દેશ્ય સચવાય એટલા પૂરતું જ સ્નાન કરવું.

૩) ઔચિત્ય ખાતર એક વાર વાળ ઓળી લીધા પછી ફરી દર્પણમાં ન જોવું.

૪) પ્રાસંગિક લોકાચારને બાદ કરતાં શણગાર, વિભૂષા વગેરે ન કરવું.

૫) બ્યુટી પાર્લર વગેરેમાં ન જવું.

૬) સાધારણ બીમારીમાં કુદરતી રીતે મટી જવું શક્ય હોય તો ડોક્ટર પાસે દોડી ન જવું. દવા, બામ વગેરેનો ઉપયોગ ન કરવો.

૭) અસાધારણ બીમારી તકલીફ હોય, એને વૈદ્ય - ડોક્ટર સિવાય કોઈને ન કહેવી. તથા મનમાં એનો વિચાર ન કરવો. અર્થાત્ જે સારવાર કર્યા વિના છૂટકો જ ન હોય, તે પણ ઉપેક્ષાભાવે કરવી. ન એ દુઃખના ગાણ ગાવા, ન એ નિમિત્તે આર્ત્તધ્યાન કરવું.

૮) હું શરીર નથી, હું આત્મા છું. આ વાક્યનો પ્રતિદિન ૧૦૮ વાર જાપ કરવો. એ જાપની સાથે સાથે જ શરીરથી છુટ્ટા પડી ગયેલા પોતાના આત્મસ્વરૂપનું ધ્યાન કરવું.

૯) ઠંડી, ગરમી, ભૂખ, તરસ વગેરે તકલીફોને જેટલી શક્ય બને, એટલી સહન કરવાની ટેવ પાડવી. તરત કદી એનો ઉપાય ન

કરવો.

૧૦) શરીર જ મારો શત્રુ છે, એમ સમજીને એને અનુકૂળ પ્રવૃત્તિનો ત્યાગ કરવો. જેટલું શક્ય બને એમ શરીરને પ્રતિકૂળ પ્રવૃત્તિથી ટેવાઈ જવા પ્રયાસ કરવો.

૧૧) શરીરને ગમે, એવા સ્પર્શનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યનો વ્યાપ જીવનમાં વધે, એ માટે પુરુષાર્થ કરવો.

૧૨) જે વાનગી ભાવતી હોય, તેનો સંપૂર્ણ કે શક્ય વધુ ને વધુ ત્યાગ કરવો.

૧૩) સેન્ટ-પરફ્યુમ-અત્તર વગેરે ન વાપરવા.

૧૪) ટી.વી., મોબાઈલ, સિનેમા, છાપા, મેગેઝીન વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરીને કે શક્ય એટલો વધુ ત્યાગ કરીને સ્વાધ્યાયમાં મગ્ન થવું.

૧૫) ફિલ્મી ગીતો વગેરે સાંભળવાને બદલે જિનવચન શ્રવણનો આગ્રહ રાખવો.

જ્યાં સુધી દેહલક્ષી કે ઈન્દ્રિયસુખલક્ષી પ્રવૃત્તિ ચાલુ છે, ત્યાં સુધી દેહાસક્તિ દૂર થવી શક્ય નથી. એ પ્રવૃત્તિ જ દેહાસક્તિના લક્ષણરૂપ છે. જેમ જેમ એ પ્રવૃત્તિઓ થતી જાય, તેમ તેમ દેહાસક્તિ વધતી જાય. શરીર પ્રત્યેનો મમત્વભાવ વૃદ્ધિ પામતો જાય. આથી ઉલ્ટુ જેમ જેમ એ પ્રવૃત્તિઓ છૂટતી જાય, તેમ તેમ દેહાસક્તિ દૂર થતી જાય. આ એક સાર્વત્રિક નિયમ છે. જેમ જેમ કોઈ દોષને અનુરૂપ પ્રવૃત્તિ કરો, એમ એમ તે દોષ વધતો જાય. જેમ જેમ કોઈ ગુણને અનુરૂપ પ્રવૃત્તિ કરો, એમ એમ

એ ગુણ વધતો જાય. શરીરની આળ-પંપાળ કરવી, એટલે હાથે કરીને દેહાસક્તિ વધારવી. કર્મશાસ્ત્રોનો આ સિદ્ધાન્ત છે -

**जे वेयइ ते बंधइ**

મોહનીય કર્મની જે પ્રકૃત્તિનો ઉદય હોય, એ પ્રકૃત્તિ બંધાયા પણ કરે છે. તાત્પર્ય એ છે, કે જે જે ક્ષણે જીવ દેહાસક્તિને અનુભવે છે, તે તે ક્ષણે જીવ એવું કર્મ બાંધે છે, જે કર્મના ઉદયથી એને ફરી દેહાસક્તિ થાય છે. ફરી એ જ સિદ્ધાન્ત લાગુ પડે છે, ફરી એ જ કર્મનો બંધ, ફરી એ જ કર્મનો ઉદય.... દેહાસક્તિનું વિષચક્ર ચાલુ ને ચાલુ... તાત્ત્વિક દૃષ્ટિએ આ વિષચક્ર એ જ ભવચક્ર છે. આ વિષચક્રથી જ અનાદિ કાળથી આપણું ભવભ્રમણ ચાલતું રહ્યું છે. જ્યાં સુધી દેહાસક્તિ રહેશે, ત્યાં સુધી બીજી ઘણી ઘણી આસક્તિ રહેશે. જ્યાં સુધી આસક્તિ રહેશે, ત્યાં સુધી અણગમો પણ રહેશે. જેને એક વસ્તુ ભાવે છે, એને જ બીજી વસ્તુ નથી ભાવતી. આસક્તિ અને અણગમો... રતિ અને અરતિ... રાગ અને દ્વેષ... જીવ સુખી થવા માટે રાગ અને દ્વેષ કરે છે, પણ એને ખબર નથી, કે રાગ અને દ્વેષ એ જ દુઃખના કારણ છે. અવધૂતનું આત્માનુશાસન આ જ તત્ત્વનો આવિષ્કાર કરી રહ્યું છે -

**રાગ ને રીસા દોય ખવીસા,**
**એ તુમ દુઃખ કા દિસા।**
**જબ તુમ ઉન કો દૂર કરીસા,**
**તબ તૂમ જગ કા ઈસા ॥૪॥**

**રાગ અને દ્વેષ**

**એ બંને માથા વિનાના ભૂત જેવા છે.**

**એ જ તને દુઃખ આપનારા છે.**

**જ્યારે તું એમને દૂર કરી દઈશ,**

**ત્યારે તું વિશ્વનો પરમેશ્વર બની જઈશ.**

અનીશને છેલ્લામાં છેલ્લા – લેટેસ્ટ મોડલની ગાડી લેવી હતી. એક માત્ર ઘરને બાદ કરતા બીજી બધી જ સંપત્તિ એને ખરીદવા માટે લગાડી દીધી. હજી થોડા રૂપિયા ઓછા પડ્યા તો લોન લઈ લીધી. બધું ભેગું કરીને ગાડી લઈ આવ્યો, જાણે દુનિયાનું રાજ મળી ગયું હોય, એવા ગર્વથી પહેલો ચક્કર લગાવ્યો, નીચે ગાડી પાર્ક કરીને ઉપર આવ્યો, હાશ.... કરીને સોફા પર બેઠો. મનમાં ગાડી જ રમી રહી છે. ગેલેરીમાં જઈને ગાડીના દર્શન (!) કર્યા... ત્યાં જ મગજની કમાન છટકી... સોસાયટીના છોકરાંઓ ગાડીને ઘેરી વળ્યા હતાં, બે ત્રણ બાળકો ફ્રન્ટ ગ્લાસ પર લસરપટ્ટીની રમત રમી રહ્યા હતાં... અનીશનું જાણે બધું જ લુંટાઈ રહ્યું હોય, એમ એણે રાડા-રાડ કરી મુકી, ન બોલવાના શબ્દો બોલી ગયો. એ પગ પછાડતો પછાડતો નીચે આવ્યો, ત્યાં સુધીમાં બધાં રફુચક્કર થઈ ગયા હતાં. ગાડીને ધૂળથી ખરડાયેલી જોઈને એની આંખોમાં ખૂન્નસ આવી ગયું. એ ફરી ઉપર ગયો. પોતું લઈ આવ્યો. ગાડીને સાફ કરી. વાંકો થઈ ગયેલો વાઈપર ને ઊંધો થઈ ગયેલો કાચ સીધો કર્યો. ઉછળી પડેલા એન્ટિનાને ફરી મ્યાન કરી દીધો. થોડી ક્ષણ એ ત્યાં જ

ઊભો રહીને ગાડીને જોતો રહ્યો. થોડી વાર માટે એમ થઈ આવ્યું કે અહીં જ રહીને ગાડીની ચોકી કર્યા કરું... પણ... એ તો કઈ રીતે શક્ય બને... અનીશ ઉપર ગયો તો ખરો.... પણ ચોકીદારી છોડી ન શક્યો... રાતે એને લગભગ ઉજાગરો થયો. સવારે થોડી ઉંઘ આવી તો એમાં ક્રિકેટ રમતા છોકરાઓએ ગાડીનો કાચ ફોડી નાખ્યો, એવું સ્વપ્ન આવ્યું. ચીસ પાડીને અનીશ બેઠો થઈ ગયો. દોડીને ગેલેરીમાં ગયો. ગાડીને ધારી ધારીને જોઈ લીધી. હાશ... કરીને પાછો આવ્યો. સોફામાં ફસડાઈ પડ્યો. શરીરમાં ઉજાગરો છે, મોઢા પર થાક છે, આંખમાં ચિંતા છે... ટેબલ પર પડેલા છાપા પર નજર ગઈ. છાપાના પાના ફરાવતા ફરાવતા એક પાના પર એની નજર ચોંટી ગઈ. આવતા અઠવાડિયે એક ગાડી બજારમાં આવી રહી હતી. એની જાહેરખબર હતી. ગાડીના ચિત્રની આજુ બાજુ એની વિશેષતાઓ લખી હતી. છેલ્લી ઢબની ડિઝાઈન, મનમોહક આકાર, તદ્દન નવી સગવડો, આશ્ચર્ય જનક સુવિધાઓ.... અનીશ આખી જાહેરખબર ત્રણ વાર વાંચી ગયો. એના મગજે અલગ જ વળાંક લીધો. એને તમ્મર જેવું આવી ગયું. પોતાની ગાડી તો આની તુલનામાં જુના જમાનાની છે, એ ખ્યાલથી જાણે એક જ સેકન્ડમાં એનું બધું જ લૂંટાઈ ગયું. છેલ્લા બે મહિનાથી જે ગાડી ખાતર આકાશ - પાતાળ એક કર્યા, ને છેલ્લા પંદર કલાકથી જે ગાડી જાણે એનું જીવન સર્વસ્વ બની રહી હતી... એ જ ગાડી હવે...

ત્યાં તો રસોડામાંથી પત્ની બહાર આવી. એને પતિની સ્થિતિ થોડી વધુ વિચિત્ર તો લાગી. પણ એ જે કહેવા આવી

હતી, એ એણે કહી જ દીધું... "આજે રવિવાર છે. તો નવી ગાડીમાં ફરવા જવાનું છે ને?" હજી છેલ્લા શબ્દો પૂરા થાય, એની પહેલા જ અનીશ બરાડી ઉઠ્યો, "નામ નહીં લે એ ગાડીનું..."

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

કોઈ કહેશે, અનીશે એ જાહેરખબર ન જોઈ હોત, તો એ સુખી હોત. કોઈ કહેશે, અનીશના ઘરે એ દિવસે છાપું ન આવ્યું હોત, તો એ સુખી હોત. કોઈ કહેશે, એના પાસે એક ગેરેજ હોત, તો એ સુખી હોત. કોઈ કહેશે, અનીશ પાસે ગાડી ન હોત, તો એ સુખી હોત. પણ વાસ્તવિકતા કાંઈક જુદી છે. અનીશને દુઃખી કરનાર જાહેરખબર ન હતી, છાપું ન હતું, છોકરાં ન હતાં, ગાડી પણ ન હતી. અનીશને દુઃખી કરનાર હતા એની ભીતરમાં ભરાયેલા બે જ ભૂત... એક રાગ... ને બીજો દ્વેષ...

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

ગાડી લેવાની ઈચ્છા જાગી ત્યારથી અનીશના મનમાં રાગ જાગ્યો હતો, અને જ્યારથી રાગ જાગ્યો હતો, ત્યારથી એના દુઃખની શરૂઆત થઈ ચૂકી હતી. જ્યાં રાગ હોય છે, ત્યાં દ્વેષ હોય છે. ગાડી લેવા માટે એને જે જે નડતર લાગ્યા, એ બધા માટે એનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. ગાડી આવી ગયા પછી જે એને હાનિ કરનારા લાગ્યા, એ બધા એને દુશ્મન જેવા લાગ્યા. એનો રાગ

વધુ સારી ગાડી પર ટ્રાન્સફર થઈ ગયો, તો એની ગાડી હવે દીઠી ય ગમતી નથી.... રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... સ્થૂલ દૃષ્ટિ કહેશે કે અનીશ અંતે દુઃખી થઈ ગયો... સૂક્ષ્મ દૃષ્ટિ કહે છે, કે એ સતત દુઃખી હતો. ગાડીનું પઝેશન મળ્યું ત્યારે પણ... પહેલી સફરમાં જાણે આકાશમાં ઉડતો હોય એમ ફુલાતો હતો, ત્યારે પણ અને રાડા-રાડી કરતો હતો ત્યારે પણ. કારણ કે આ બધી જ દશામાં એ રાગ-દ્વેષના ભૂતો વચ્ચે ભીંસાતો હતો...

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

'ભૂત' એ આમ પણ ભયંકર વ્યક્તિ મનાય છે, પણ એ જ ભૂત જો માથા વગરનું હોય તો? એ ચાલે, એ બોલે, એ હસે... ને છતાં ય એનું માથું જ ન હોય તો? એ કેટલું ભયંકર લાગે? માથા વગરનું ભૂત હોય, એને ખવીસ કહેવાય છે. રાગ અને દ્વેષ એ માત્ર ભૂત નથી, ખવીસ પણ છે. એ માત્ર ભયંકર જ નથી, ખુદ ભયંકર હોય, એને ય એ ધ્રુજાવે એવા છે. એ 'કાંઈક' કરે, એ તો બીજા નંબરની વાત છે. એમનું અસ્તિત્વ જ પરમ દુઃખદાયક છે.

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

એક યુવાન મારી પાસે આવ્યો. મધ્યમવર્ગ... મોંઘવારી... વિકટ પરિસ્થિતિ... મને કહે, ''હું ત્રણ જોબ કરું છું. સવારનો જાઉં તો રાતે દશ વાગે પાછો આવું. ખર્ચાઓને કેમ પહોંચી વળવું

એ સમજાતું નથી.'' યુવાન નિકટનો પરિચિત હતો, સમજે એવો હતો. મેં કહ્યું, ''આ દુર્લભ ભવ આવા ઢસરડામાં સમાપ્ત કરી દેવા માટે નથી. ખર્ચા કે મોંઘવારી એવો વિકટ પ્રશ્ન નથી, જેટલો વિકટ પ્રશ્ન એ છે, કે આવા જીવનમાં તું ધર્મ કેટલો કરી શકીશ? દીક્ષા લેવી એ તારા માટે શક્ય ન જ હોય, તો તું એટલું નક્કી કર, કે આ જીવનની ક્ષણ-ક્ષણ મારે જિનશાસન માટે લગાડી દેવી છે. જિનશાસનના કોઈ પણ અંગમાં યોગ્ય સ્થાને મારે ગોઠવાઈ જવું છે. તીર્થો, વિહાર ધામો, ગુરુકુળો... વિરાટ જમીન, મકાનો, સંકુલો, સંપત્તિ.... બધું જ હોવા છતાં પણ યોગ્ય સંચાલક વ્યક્તિઓના અભાવે સીદાઈ રહ્યા છે. શ્રદ્ધાહીન માણસોનો સ્ટાફ મનસ્વી રીતે વર્તીને તે તે અંગને કલંકિત કરી રહ્યો છે. તને અનુકૂળ પડે એવા કોઈ સ્થાનમાં તું ગોઠવાઈ જાય, પ્રભુભક્તિ - ગુરુભક્તિ - સંઘભક્તિનો લાભ મળે, ખર્ચા આપમેળે ઓછા થઈ જાય, આજીવિકાનો પ્રશ્ન ટળી જાય, કામ કરતાં કરતાં પુણ્યબંધ થયા કરે. સંતોષ ને સાદગીસભર જીવન જીવવાથી પાપબંધ ઓછો થાય. સંસ્કારી વાતાવરણમાં પરિવારના સંસ્કારોની પણ રક્ષા થાય.

આમ પણ તું ઘરે સૂવા પુરતો જ આવે છે. પારિવારિક દૃષ્ટિએ તું પરિવાર સાથે રહી પણ શકે. હાડમારી-મુસાફરી-થાક-ટેન્શનવાળા જીવનની બદલે શાંત-સુખી જીવન જીવી શકે.''

યુવાને સારા શબ્દોમાં પ્રતિભાવ આપ્યો કે ''એ તો ન ફાવે''... મેં એને પ્રેમથી કહ્યું, ''તો તું પરિસ્થિતિથી દુઃખી નથી, તારી પોતાની ઈચ્છાથી દુઃખી છે.''

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

વધારાના પૈસા... એ પૈસાથી ખરીદાતી વધારાની સાધન સામગ્રી... મોજશોખ... હાઈ સોસાયટી... સ્ટેટસ... ફોરેન ટુર... આ બધાનો રાગ દુનિયાને દોડાવે છે. દોડવાથી આ બધું મળી જાય, એ નિશ્ચિત નથી. મોટા ભાગના દોડનારાઓને આ બધું મળતું પણ નથી. અને સૌથી કરુણ વાસ્તવિકતા તો એ છે કે જેમને આ બધું મળી ગયું છે, તેઓ વધુ દુઃખી થઈ ગયા છે. અજ્ઞાનીની દૃષ્ટિમાં એક ગાડી કોઈ ખટારા સાથે અથડાઈ જાય એ જ 'કાર એક્સીડન્ટ' હોય છે. જ્ઞાનીની દૃષ્ટિમાં એક ગાડી મેળવવાની ઈચ્છા જાગે, એ પણ 'કાર એક્સીડન્ટ' હોય છે. એ ઈચ્છાને અનુરૂપ પ્રવૃત્તિ, એ ઈચ્છાની પૂર્તિ, ગાડીની મુસાફરી, ગાડીનો રાગ, ગાડીને બગાડનાર પ્રત્યે દ્વેષ... આ બધું જ જ્ઞાનીની દૃષ્ટિમાં 'કાર એક્સીડન્ટ' છે. બાહ્ય એક્સીડન્ટમાં શરીર છુંદાય છે. આંતર એક્સીડન્ટમાં આત્મા છુંદાય છે. બાહ્ય એક્સીડન્ટમાં વધુમાં વધુ મોત થાય છે. આંતર એક્સીડન્ટમાં જીવ જીવતો જ મરે છે... સતત મરે છે.... ખવીસ કોનું નામ?

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

'લાઈફ રીચ એન્ડ પોશ' નામનો એક કાર્યક્રમ વર્ષો પહેલા ટી.વી. ચેનલ પર રજુ થયો. પશ્ચિમના દેશોના વિવિધ ધનવાનોના વૈભવનું એમાં પ્રસારણ થયું. એમના રજવાડી બંગલા, હાઈ-ફાઈ ફર્નિચર, હીરાના ઝુમ્મર, સોના-ચાંદીના વાસણો, દેવતાઈ સ્વિમિંગ પુલો, સોનાના નળ, અબજોની સંપત્તિ... આ કાર્યક્રમ

જોઈને મુંબઈના મલબાર હીલવાળા દુઃખી થઈ ગયા. આખું મુંબઈ કદાચ એમની ઈર્ષ્યા કરતું હતું, પણ એમને એ, 'રીચ એન્ડ પોશ' ની ઈર્ષ્યા આવી ગઈ... પોતાની જાત એની સરખામણીમાં ભિખારી જેવી લાગી. હવે પોતાનો વૈભવી ફ્લેટ ઝૂંપડા જેવો લાગે છે. બાથરૂમ કાલ-કોટડી જેવો લાગે છે. ઘરવખરી કચરાપેટી જેવી લાગે છે... ને પછી એ જ દશા થાય છે, જે દશા અનીશાની થઈ.... રાગ છે.... દ્વેષ છે... આંખ મીંચીને કહી દો... દુઃખ છે છે ને છે જ.

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

જેમને જોઈને વાલકેશ્વરવાળા દુઃખી થઈ ગયા, એ શું સુખી હતા? ના, ત્યાં ય ઘરે ઘરે રામાયણ ને મહાભારત હતું. પરિવાર જેવું કોઈ તત્ત્વ જ રહ્યું ન હતું. ક્યાંક ચૌદ વર્ષની છોકરીથી માંડીને ચુમ્મોતેર વર્ષના દાદા સુધીના બધાં આડી લાઈને ચડેલા હતાં. ક્યાંક ડાયવોર્સ - પેપર પર સાઈન કરી આપવા માટે પતિ પત્નીની ભયંકર મારપીટ કરતો હતો. ક્યાંક હત્યા થઈ હતી, ક્યાંક આપઘાત થયાં હતાં, ક્યાંક કોર્ટના ધક્કા ચાલુ થઈ ગયા હતાં, ક્યાંક ગુંડાઓની અવર-જવર ચાલું થઈ ગઈ હતી, ક્યાંક દારૂ અને ડ્રગ્સ અડ્ડો જમાવીને બેઠા હતાં, ક્યાંક કેન્સર ને ગુપ્ત રોગોએ ધામા નાખ્યા હતાં. બહારથી 'રીચ એન્ડ પોશ'... ભીતરમાં ભિખારી કરતાં ય બદતર સ્થિતિ... કદાચ જાનવર કરતાં ય દયનીય સ્થિતિ... બે-ચાર ઘરોમાં એક પાગલ તો મળી જ આવે. એ ય દુઃખી.... પરિવાર પણ દુઃખી... જાહેરમાં સ્મિત

અને સ્ટેટસ... એકાંતમાં આંસુ અને આર્ત્તધ્યાન... ટેન્શન અને ડિપ્રેશન... બહારથી ફૂલ ગુલાબી શરીર... અંદર ડાયાબિટીશ અને બ્લડપ્રેશર... બહાર સેન્ટ્રલ એ.સી., ભીતરમાં સદા સળગતી જ્વાળાઓ... જેમાં કહેવાતા બધા જ સુખો સળગીને ખાખ થતા રહે... ને દુઃખોની રાખ જ બાકી રહે... કારણ એ જ... રાગ અને દ્વેષ...

**રાગ ને રીસા દોય ખવીસા**

**એ તુમ દુઃખ કા દીસા**

સામગ્રી જેટલી ઉંચી હશે, એટલા રાગ-દ્વેષ વધુ થશે. ને રાગ-દ્વેષ જેટલા વધુ હશે, એટલું દુઃખ વધુ થશે. સુખી થવા માટે કોઈ સંપત્તિ, કોઈ સાધન, કોઈ સામગ્રી લાવવાની જરૂર નથી. સુખી થવા માટે આપણામાં કશું ય ઉમેરવાની જરૂર નથી. સુખી થવા માટે એક જ શરત છે, રાગ-દ્વેષને દૂર કરી દો...

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

રાજા હોય, મહારાજા હોય, સમ્રાટ હોય કે ચક્રવર્તી હોય, જો એમનામાં રાગ-દ્વેષ છે, તો તાત્ત્વિક દૃષ્ટિએ એ બધાં જ ભિખારી છે... બિચારા છે... દુઃખી-મહાદુઃખી છે, અને જેનામાં રાગ-દ્વેષ નથી, એ આખી દુનિયાનો બેતાજ બાદશાહ છે... દેવો પણ એની ઈર્ષ્યા કરે છે... એ સુખી-પરમ સુખી છે.

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

કેટલું સચોટ છે આધ્યાત્મિક ગણિત

તું-રાગ, દ્વેષ = પરમેશ્વર

**ઉપદેશમાળામાં** કહ્યું છે -

**को दुःखं पावेज्जा? कस्स व सुहेहिं विम्हओ हुज्जा?**

**को व न लभिज्ज मोक्खं? रागदोसा जइ न हुज्जा ॥**

જો રાગ-દ્વેષ ન હોય,

તો દુઃખ દુર્લભ બની જાય,

સુખ સુલભ બની જાય

અને સમગ્ર વિશ્વનો મોક્ષ થઈ જાય.

કાશ... **અધ્યાત્મકલ્પદ્રુમ**ના શબ્દો યાદ આવે...

**दुःखं द्विषन् वाञ्छसि शर्म चैतन् -**

**निदानमूढः कथमाप्स्यसीष्टम् ?**

સુખનો તને રાગ છે. દુઃખનો દ્વેષ છે. પણ તને એનું કારણ જ નથી ખબર, કે દુઃખ શી રીતે ટળે? ને સુખ શી રીતે મળે? તો પછી તારો મનોરથ શી રીતે ફળે?

**અનુભૂતિગીતા** યાદ આવે...

**આતમ! આંતર ચક્ષુથી**

**જોઈ લે બંધન દોય।**

**રાગ ને દ્વેષ વિના ઈહાં**

**અવર રિપુ નવિ કોય ॥**

બંધન કહો કે શત્રુ કહો... જે છે એ આ જ છે. રાગ અને દ્વેષ... શત્રુને ઘરમાં રાખવા... પાળવા... પોષવા... ને એના દ્વારા સુખી થવું, એ જેમ શક્ય નથી, એમ આત્મઘરમાં રાગ-દ્વેષને સ્થાન આપીને સુખી થવું, એ શક્ય નથી. સુખનો માર્ગ પણ આ જ છે અને પરમપદનો માર્ગ પણ આ જ છે.... રાગ-દ્વેષને દૂર કરી દો...

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

જગના ઈશ કોઈ એક વ્યક્તિ નથી, કોઈ પણ જીવ જગતનો ઈશ્વર બની શકે છે. શરત એટલી જ કે એના રાગાદિ દોષો દૂર થઈ ગયા હોવા જોઈએ. પછી એ જીવ મહાવીર હોય, બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય કે અન્ય કોઈ પણ હોય, એ ઈશ્વર છે. ઈશ્વર બનવા માટેની આ જ એક માત્ર યોગ્યતા છે - વીતરાગત્વ-વીતદ્વેષત્વ. પૂ. **હરિભદ્રસૂરિ મહારાજા**ના શબ્દો છે -

**भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य।**

**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શંકર હોય કે જિન હોય, સંસારવર્ધક રાગાદિ દોષો જેનામાં ન હોય, એ ભગવાન છે, એમને નમસ્કાર હોજો.

જેનામાં રાગ-દ્વેષ છે, એ ય જો ભગવાન હોઈ શકે, તો આખી દુનિયા 'ભગવાન' થઈ જશે. જેનામાં રાગ-દ્વેષ છે, એ ય જો સુખી હોઈ શકે, તો દુનિયામાં દુઃખ જેવી કોઈ વસ્તુ જ નહીં

રહે. ભગવાન થવાનો કે સુખી થવાનો આ જ ઉપાય છે - રાગાદિનો સંપૂર્ણ ક્ષય. બૌદ્ધોના આગમ તુલ્ય **ત્રિપિટક**માં આ જ વાત કહી છે...

**भग्गरागो ति भगवा**

**भग्गदोसो ति भगवा**

રાગનો ભંગ થઈ જાય એટલે તું ભગવાન.

દ્વેષનો ભંગ થઈ જાય એટલે તું ભગવાન.

અવધૂતનો અંતર્નાદ હવે દીવા જેવો સ્પષ્ટ છે -

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

સ્ત્રી પ્રત્યેનો રાગ દૂર થયો અને કામગજેન્દ્ર કેવલજ્ઞાન અને પરમપદ સુધી પહોંચી ગયા. શરીર પ્રત્યેનો રાગ ક્ષય પામ્યો, તો **ખંધકસૂરિ**ના પાંચસો **શિષ્યો** પરમેશ્વરની પદવી પામી ગયા. પત્ની પ્રત્યેનો રાગ દૂર થયો, તો **જયભૂષણ** રાજર્ષિ સર્વજ્ઞ અને સર્વદર્શી બની ગયા. જાતિ પ્રત્યેનો રાગ દૂર થયો, તો **વિજયઘોષ** યાજક નિર્વાણ પદના આસામી બની ગયા. રાજપાટનો રાગ દૂર થયો, તો **મૃગાપુત્ર** રાજકુમાર મુક્તિ પદના સ્વામી બની ગયા. એ જ રીતે શત્રુ પ્રત્યેનો દ્વેષ દૂર થયો, તો **પ્રસન્નચંદ્ર** રાજર્ષિ કૈવલ્ય પામી ગયા. 'સોનીનો શો દોષ?' આ દ્વેષમુક્ત ભાવનાની ધારાથી **મેતારજમુનિ** મોક્ષગામી બની ગયા. 'એ સસરો સાચો સગો' - એવી વીતદ્વેષ વૃત્તિથી **ગજસુકુમાલ** મુનિ કૈવલ્ય અને નિર્વાણ પામી ગયા. 'ભાઈ થકી ભલેરો રે' - એવી દ્વેષરહિત ભાવનાથી

ખંધક મુનિ અંતકૃત કેવલી બની ગયા. આ યાદીનો અંત આવે તેમ નથી. કારણ કે અનંતાનંત આત્માઓ પરમેશ્વર પદ પામ્યા તેના મૂળમાં એક જ કારણ હતું - રાગ-દ્વેષનો ત્યાગ. જ્યારે પણ આપણો ય મોક્ષ થશે ત્યારે તેનું કારણ પણ આ જ હશે - રાગ-દ્વેષનો ત્યાગ... માટે જ અવધૂત કહે છે -

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

એક હતો સિંહ. એની પાસે એક ઉંદર આવ્યો. એનું રડમસ મોઢું જોઈને સિંહને દયા આવી ગઈ. સિંહે એને આગમનનું કારણ પૂછ્યું. ઉંદરે આપવીતી રજુ કરી... 'મારું જીવવું જ ઝેર થઈ ગયું છે. બધાં મને હેરાન કરે છે. સતાવે છે. મને ખાઈ જવાની ધમકી આપે છે... હાથી, વાઘ, વરૂ, ચિત્તો.... અરે... સસલાઓ પણ મારી મશ્કરી કરે છે. હું તો દુઃખી થઈ ગયો છું. તમારી પાસે મોટી આશા લઈને આવ્યો છું. તમે તો જંગલના રાજા છો. કોઈ એવો ઉપાય બતાવો, કે જેનાથી મારા બધાં દુઃખો દૂર થઈ જાય.''

''હં...'' સિંહે એનું મગજ દોડાવવાનું ચાલુ કર્યું. થોડી ક્ષણો વિચારીને એણે કહ્યું, ''ઉપાય છે, અને સચોટ ઉપાય છે.'' ઉંદર તો રાજીનો રેડ થઈ ગયો.... ''કયો ઉપાય?'' સિંહે કહ્યું, ''બસ, તું સિંહ થઈ જા. પછી તને કોઈ નહીં સતાવે.'' ઉંદર તો નાચવા જ લાગ્યો... વાહ... કેવો સરસ ઉપાય! અચાનક એને કંઈક ભાન થયું. એણે સિંહને પૂછ્યું, ''પણ મારે સિંહ થવું કઈ રીતે?'' સિંહે ઠાવકા મોઢે જવાબ આપ્યો, ''એ તું જાણે. મેં તો તને ઉપાય કહી દીધો.'' બિચારો ઉંદર... આકાશમાંથી પાછો

ધરતી પર આવી ગયો.

અવધૂત દૂ:ખને દૂર કરવાનો ઉપાય કહે છે. 'આટલું કર, એટલે તું જગતનો પરમેશ્વર', એવું સ્પષ્ટ શબ્દોમાં કહે છે...

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

બસ, રાગ-દ્વેષને દૂર કરી દે. આ જ ઉપાય. સરસ... આપણે રાજીના રેડ. પણ ફરી પ્રશ્ન થાય છે - 'રાગ-દ્વેષ દૂર કરવા શી રીતે?' હવે જો પેલા સિંહ જેવો જવાબ મળે, તો આપણી દશા પેલા ઉંદર જેવી થઈ જાય. પાછા હતા ત્યાંના ત્યાં. સિંહે બતાવેલો ઉપાય સાચો હતો, તો ય ખોટો હતો, કારણ કે એ ઉપાય શક્ય ન હતો. ઉંદરને સમાધાનની જરૂર હતી, તેમાં સિંહે નવી સમસ્યા જ આપી હતી. અવધૂતે આપેલો ઉપાય એવો નથી. એ સાચો છે - સો ટકા સાચો છે. ને એ શક્ય પણ છે. ભલે અનાદિ કાળના રાગ-દ્વેષો હોય, પણ અલ્પ સમયમાં એમને દૂર કરી શકાય છે. **મરણસમાધિ** નામના આગમસૂત્રમાં એનો પણ ઉપાય બતાવ્યો છે -

**रागद्दोसपवित्तिं वज्जेमाणस्स विज्झाइ**

જે રાગ-દ્વેષ સંબંધી પ્રવૃત્તિનો ત્યાગ કરે છે, તેના રાગ-દ્વેષ દૂર થઈ જાય છે.

અનીશને ગાડી લેવાનું મન થયું કે ગાડી ગમી, એ માત્ર વિચારરૂપ હતું. પણ એ ગાડીને પ્રાપ્ત કરવા માટે એણે ગતિ-વિધિ ચાલુ કરી, આર્થિક વ્યવસ્થા કરી, દોડા દોડ કરી, ખરીદી કરી,

ગાડીમાં મુસાફરી કરી, ગાડીની ચોકીદારી કરી, ગાડીની સાફસૂફ કરી.... આ બધું જ પ્રવૃત્તિરૂપ હતું. આ પ્રવૃત્તિના મૂળમાં પણ રાગ-દ્વેષ હતા, ને આ પ્રવૃત્તિ પોતે પણ રાગ-દ્વેષમય હતી. જેમ જેમ આ પ્રવૃત્તિ થતી જાય, તેમ તેમ રાગ-દ્વેષ પુષ્ટ થતા જાય. ગાડી ગમી ખરી, પણ જો એ 'ગમા' - ની ઉપેક્ષા કરી હોય, પ્રવૃત્તિ કરવાને બદલે આંતરિક રાગ-દ્વેષનો નિગ્રહ કર્યો હોય, તો રાગ-દ્વેષ વિદાય લેશે. ઘરે આવેલા મહેમાનનો કોઈ ભાવ જ ન પૂછે, તો એ મહેમાન કેટલા ટકે?

**रागद्दोसपवित्तिं**... યોગમાર્ગનું આ પરમ રહસ્ય છે. જ્યાં સુધી રાગ-દ્વેષ સંબંધી પ્રવૃત્તિ ચાલુ છે, ત્યાં સુધી રાગ-દ્વેષ દૂર થાય એવી કોઈ જ શક્યતા નથી. 'સ્ત્રી' પ્રત્યે મનમાં રાગ જાગી રહ્યો છે. હવે આ રાગને 'સ્ત્રીદર્શન' ની પ્રવૃત્તિ દ્વારા, 'સ્ત્રીસંપર્ક' ની પ્રવૃત્તિ દ્વારા, 'સ્ત્રીશબ્દશ્રવણ' ની પ્રવૃત્તિ દ્વારા કે 'સ્ત્રીસ્પર્શ' આદિ પ્રવૃત્તિ દ્વારા વધારી પણ શકાય છે, અને આ જ રાગને અનિત્યતા, અશુચિતા, ચંચળતા વગેરે સ્વભાવના ચિંતન દ્વારા ઘટાડી પણ શકાય છે. સંપત્તિ પ્રત્યેના રાગને અર્થલક્ષી અધ્યયન, ધન માટેની દોડા દોડ, કાળા-ધોળા વગેરેથી વધારી પણ શકાય છે અને એવી પ્રવૃત્તિના ત્યાગ પૂર્વક લક્ષ્મીની ચંચળતા, અનિત્યતા વગેરેના ચિંતન દ્વારા રાગ ઘટાડી પણ શકાય છે.

કોઈ કડવા શબ્દ બોલી જાય, કે પ્રતિકૂળ વર્તન કરી જાય, તો મનમાં જે દ્વેષ જાગે છે, એને સામો આક્રોશ કરવા દ્વારા કે પ્રતિકૂળ વર્તન કરવા દ્વારા વધારી પણ શકાય છે, અને એવા સમયે આક્રોશ આદિના ત્યાગ સાથે મૌન પૂર્વક સમભાવથી સહન

કરવા દ્વારા એ જ દ્વેષને ઘટાડી પણ શકાય છે.

આત્માર્થી જીવ રાગ-દ્વેષ સંબધી પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. રાગ-દ્વેષનો નિગ્રહ કરે છે, અને પ્રતિપક્ષી પ્રવૃત્તિ કરે છે. પરિણામે એના રાગ-દ્વેષને વિદાય લેવાનો એક જ વિકલ્પ બાકી રહે છે. રાગ-દ્વેષના આવરણો દૂર થઈ જાય છે, ને ભીતરમાં રહેલું પરમેશ્વર પદ સ્વયં પ્રગટ થાય છે...

**જબ તુમ ઉનકો દૂર કરીસા**

**તબ તુમ જગ કા ઈસા**

ભવાભિનંદી જીવ સ્ત્રી, શરીર, પરિવાર, સંપત્તિ... આ બધાં સંબંધી રાગ-દ્વેષને પોષે એવી પ્રવૃત્તિ કરે છે. એ પ્રવૃત્તિથી એના મનોરથ ફળે કે ન ફળે, પણ એના રાગ-દ્વેષ વધુને વધુ ગાઢ થતા જાય છે, ને પરમેશ્વર પદની વાત તો દૂર રહી, એ પોતે જ વધુને વધુ લાચાર, વિવશ અને દુઃખી થતો જાય છે.

**धन्यास्ते भुवि ये निवृत्तमदना**

**धिग् दुःखिताः कामिनः**

ધન્ય છે એ જીવો, જેઓ કામનાઓને પાર કરી ગયા છે. કામીઓએ તો પોતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે. હાથે કરીને તેઓ દુઃખી થઈ રહ્યા છે. તેમને જેટલા ધિક્કાર આપીએ, એટલા ઓછા છે.

શ્રીમંતાઈ, યુવાની, રૂપ, શિક્ષણ બધું જ છે, પણ અંતરમાં 'કામ' રમી રહ્યો છે, તો એ યુવાન સ્ત્રીના પગ ચાટશે, એના માટે ઝુરશે... એના માટે રડશે... એના માટે દુઃખી થશે. એના બીજા

હજાર સુખો આ એક દુઃખમાં રામશરણ થઈ જશે. વિરાગી મૃત્યુના મુખમાં ય સુખી હોય છે, રાગી સુખી (!) કહેવાતા જીવનમાં પણ દુઃખી હોય છે. વિરાગી 'ફકીર' જેવી દશામાં પણ સુખી હોય છે. રાગી લખલૂટ સમૃદ્ધિની વચ્ચે પણ દુઃખી હોય છે. પરમપાવન **શ્રી આચારાંગ સૂત્ર**માં કહ્યું છે -

**कामकामी खलु अयं पुरिसे ।**

**से सोयइ झूरइ विप्पइ परिदेवइ ।**

રાગી આત્મા શોક કરે છે... ઝુરે છે...

રડે છે ને વિલાપ કરે છે.

સાર આ જ છે - જેનાથી રાગ-દ્વેષ પોષાય, એવી પ્રવૃત્તિનો ત્યાગ કરી દેવો. એમ કરવાથી જેમ રાગ-દ્વેષનો ક્ષય થશે, તેમ તેમ ભીતરમાં તાત્ત્વિક આનંદ પ્રગટતો જશે. જેમ જેમ આ આનંદ પ્રગટતો જશે, તેમ તેમ રાગ-દ્વેષ કરવાના પ્રયોજનો તુચ્છ લાગતા જશે. જેમ રોજની કરોડોની કમાણી કરનારાને પાંચકા-દશકાનું કોઈ જ મૂલ્ય ન રહે, તેમ આત્મિક આનંદરસમાં તરબોળ બનેલા આત્માને પણ જેના જેના માટે દુનિયા રાગ-દ્વેષ કરે છે, તે તે વસ્તુનું કોઈ જ મૂલ્ય ન રહે... દુન્યવી બધી જ વસ્તુઓ વ્યર્થ લાગે, ઉપેક્ષણીય લાગે, નગણ્ય લાગે, ને અંતરમાં અનુભવાતો પરમાનંદ સર્વસ્વ લાગે, આ દશા છે પરમ ઈશત્વની...

**તબ તુમ જગ કા ઈસા**

મુખ્યપ્રધાન કે વડા પ્રધાન સાથે મુલાકાત થઈ શકે, એ

ગૌરવપ્રદ ગણાતું હશે. મુખ્ય પ્રધાન કે વડાપ્રધાન પોતે મળવા આવે, એ વધુ ગૌરવપ્રદ ગણાતું હશે. પણ મુખ્યપ્રધાન કે વડાપ્રધાનનું કે એમની સાથેની મુલાકાતનું કોઈ મૂલ્ય જ ન રહે, આ દશા એ પ્રધાનોના પદ કરતાં ય ઘણી ઉંચી પદવી છે. આ દશાનું ગૌરવ વિશ્વના બીજા બધાં જ પદોના ગૌરવને શરમાવે તેવું છે... આ દશા દુનિયાના બેતાજ બાદશાહની દશા છે...

## તબ તુમ જગ કા ઈસા

શરીરમાં ક્ષય રોગ થાય નહીં, થયો હોય તો વધે નહીં, વધ્યો હોય એ દવાથી સારો થઈ જાય... આ બધી ક્ષુદ્ર ભૂમિકાની વાતો છે. 'શરીર' ઉપરથી મન જ ઉઠી જાય આ સ્થિતિ છે ઉચ્ચ ભૂમિકાની. કોઈએ પ્રશંસા કરી તો ખુશ, નિંદા કરી તો નાખુશ... આ તુચ્છ ભૂમિકા છે. પ્રશંસા અને નિંદા.... બંનેમાં ભીતરનો આનંદ અકબંધ રહે... પ્રશંસા અને નિંદા બંનેમાં કોઈ ફેર જ ન લાગે... અરે, આત્માનુભૂતિની સાતત્યમાં બીજી બધી જ અનુભૂતિઓથી પર બની જવાય, આ છે ઉત્કૃષ્ટ દશા... આ છે ઈશ્વર અને પરમેશ્વરની દશા...

## તબ તુમ જગ કા ઈસા

ક્યાં સુધી આપણે ક્ષુદ્ર અને તુચ્છ વસ્તુઓ ખાતર રાગ-દ્વેષ કર્યા કરશું? ક્યાં સુધી આપણે નીચ-ભૂમિકામાં રાચ્યા કરશું ? ક્યાં સુધી આપણે પોતે જ પોતાને દુઃખી કર્યા કરશું? ક્યાં સુધી આપણે આ જ દરિદ્રપણું, ભિખારીપણું ને લાચારપણું અનુભવ્યા કરશું? 'જગ કા ઈસા' આજે જ બની શકાય છે, હમણા જ બની શકાય છે, તો એમાં વિલંબ શા માટે કરવો?

ભીતરના આનંદને કોઈ બાહ્ય વસ્તુની ખાતર ગીરવે મુકી દીધો હોય, એ દરિદ્રની દશા છે. ભીતરના આનંદને બાહ્ય કોઈ વસ્તુ સાથે કોઈ સંબંધ જ ન રહ્યો હોય, આ ઈશ્વરની દશા છે. દુનિયા દરિદ્ર છે, કારણ કે ગીરવે મુકેલો આનંદ પણ ક્યારેક સ્વાધીન થશે, એવી એને ગણતરી છે, એની આશા ક્યારેક પૂરી થશે, એવી એને ભ્રમણા છે... અવધૂતનું મનોऽનુશાસન આ ભ્રમણાનો ભાંગીને ભુક્કો કરી રહ્યું છે...

**પર કી આશા સદા નિરાશા,**

**એ હે જગ જન પાશા ।**

**વો કાટન કું કરો અભ્યાસા,**

**લહો સદા સુખવાસા ।।૫।।**

**'પર' ની આશા એટલે હંમેશાની નિરાશા**

**આ જ તો જગતના લોકોનું બંધન છે.**

**આ બંધનને કાપવા માટે અભ્યાસ કરો**

**જેનાથી પ્રાપ્ત થશે શાશ્વત સુખનિવાસ.**

જમીનથી ૮૦ ફૂટ ઉંચા વાંસ.... એમના પર દોરડું... ને એના પર ઈલાચીકુમાર નાચી રહ્યો છે... ચાર-ચાર ફૂટની છલાંગો લગાવીને એ અદ્ધર ઉછળે ત્યારે લોકોનો શ્વાસ અદ્ધર થઈ જાય છે. ઉછળીને માત્ર પગના સહારે એ ફરી દોરડા પર લટકી જાય, ત્યારે બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે... જે નૃત્ય જમીન ઉપર પણ શક્ય નથી, એ નૃત્ય દોરડા પર... એ ય ૮૦ ફુટ

ઉપર.... નૃત્ય... અંગભંગ.... હાવ-ભાવ.... છલાંગો... ગુલાંટો... ઢોલના તાલે તાલે તાલમેળ... સભા આખી મંત્રમુગ્ધ બની છે... વાંસ પરથી ઈલાચી કુમાર નીચે ઉતરી રહ્યો છે.... તાળીના ગડગડાટો આકાશને ગજવી રહ્યા છે.... ખૂબ-ખૂબ મોટું ઈનામ મળે એવી આશા સાથે ઈલાચી કુમાર આખા ય જનસમૂહના કેન્દ્રસ્થાને બેઠેલા રાજા પાસે જઈને પ્રણામ કરે છે. લાખો સોનામહોરો મળી જાય, રાજાએ પહેરેલા બધા જ અલંકારો મળી જાય, જિંદગીભરનું દળદર ફીટી જાય, પેઢીઓ સુધી ખૂટે નહીં, એટલું મળી જાય, એવી કેટકેટલી આકાંક્ષાઓ ઈલાચીકુમારની આંખોમાં તરવરી રહી છે. બધાંની દૃષ્ટિ પણ હવે રાજા તરફ મંડાઈ છે... રાજા શું આપે છે, એનું બધાને કુતુહલ છે. રાજા આપે, પછી જ લોકો ય પારિતોષિક આપી શકે, માટે રાજાનું દાન ખૂબ મહત્ત્વનું બની રહેવાનું છે. ઈલાચી કુમારના ચહેરા પર હવે અધીરાઈ વર્તી રહી છે, એના જીવનનું સર્વોત્કૃષ્ટ નૃત્ય એ કરી ચૂક્યો હતો. રાજા અને સમગ્ર નગરજનોએ પણ એમના આજ સુધીના જીવનમાં આવું નૃત્ય જોયું ન હતું. રાજા ય મન મૂકીને વરસી પડે ને પ્રજા ય કાંઈ બાકી ન રાખે, એવી ઈલાચી કુમારની આશા સતત ગુણાકાર પામી રહી છે. પણ રાજા શું કરે છે? એના ચહેરા પર તો એવા ભાવ છે, જાણે એણે કાંઈ જોયું જ નથી, જાણે અહીં કાંઈ બન્યું જ નથી. લાખો સોનામહોરોની વાત તો દૂર છે, ફૂટી કોડી આપવા જેટલી ય એની દાનત જણાતી નથી. આખા શરીરે નીતરી રહેલા પરસેવા સાથે ઈલાચીપુત્રની બધી જ આશાઓ ગળી રહી છે... ને ભીતરમાં સર્જાયેલા શૂન્યાવકાશને નિરાશા પવનવેગે પૂરી રહી છે...

## પર કી આશા સદા નિરાશા

એક માત્ર શુદ્ધ આત્મસ્વભાવ સિવાય બીજું જે કાંઈ પણ છે, એ 'પર' છે. એ ચાહે રાજા હોય, જનતા હોય, સ્વજન હોય, ધન હોય, તન હોય કે મન હોય. આ બધું જ 'પર' છે, અને પર પ્રત્યે રાખેલી આશા વહેલા કે મોડા નિરાશામાં પરિણમ્યા વિના રહેતી નથી.

## પર કી આશા સદા નિરાશા

અવધૂતનો આશય હજી વધુ ગંભીર છે. આશા નિરાશામાં પરિણમે એ તો હજી પછીની વાત છે. વર્તમાનની અપેક્ષાએ જોઈએ, તો આશા એ સ્વયં નિરાશા છે. આશાનું સ્વરૂપ શું છે? અમુક વસ્તુ કે વ્યક્તિ મને મળે... અમુક ઘટના આ રીતે ઘટે એવી ઈચ્છા... અને આ ઈચ્છા શું હોય છે? 'આવું થાય તો સારું' એવી સંવેદના. આ 'થાય તો' ઉપર ચિંતન કરીએ. આવું 'થયું છે' એવી વાત પણ અહીં નથી અને આવું 'થવાનું છે' એવી વાત પણ નથી. એટલે કે 'થાય તો' આ એક સંદિગ્ધ બીના છે, જેના થવામાં પૂરો સંદેહ છે. આ એક વૈકલ્પિક બીના છે – થઈ શકે અને ન પણ થઈ શકે. અર્થાત્ આશા પોતે જ 'થઈ શકે' ના અંશમાં આશા છે, અને 'ન પણ થઈ શકે' ના અંશમાં નિરાશા છે. ઈલાચી કુમાર રાજા પાસે ઉપસ્થિત થયો, પુરસ્કારની પ્રતીક્ષા કરી કરીને થાકી ગયો, ત્યારે તો એનામાં નિરાશા હતી જ. પણ તાત્ત્વિક દૃષ્ટિએ જ્યારે એ અદ્ભુત નૃત્ય કરી રહ્યો હતો અને લોકો તાળીઓના ગડગડાટ કરી રહ્યા હતા, ત્યારે પણ એનામાં નિરાશા હતી. કારણ કે આશા હંમેશા એના ખોળામાં નિરાશાને લઈને જ

બેઠેલી હોય છે. હંમેશા.

## પર કી આશા સદા નિરાશા

'થાય તો' આ 'તો' હંમેશા ઓછામાં ઓછો તોત્તેર મણનો હોય છે. એટલે કે આશામાં ઓછામાં ઓછું આટલું વજનદાર દુઃખ તો હોય જ છે. ઈલાચી પુત્ર દુઃખી છે, કારણ કે એને 'પર કી આશા' છે. રાજા એનું દળદર ફેડી દે, એવી આશામાં એ રાચી રહ્યો છે. રાજા પણ દુઃખી છે. કારણ કે એને પણ 'પર કી આશા' છે. આ નટ ફરી નૃત્ય કરે, એનો પગ લપસે, નીચે પડીને એ મરી જાય અને નટડી મારી થઈ જાય, એવી આશા એના મનમાં રમી રહી છે. લોકો પણ દુઃખી છે, કારણ કે એમને પણ 'પર કી આશા' છે. કાંઈક અચરિજ જોવાની આશામાં એ બધાં દોડી આવ્યા છે, ને હવે રાજા નટને પારિતોષિક આપે એવી આશા એમને મનમાં રમી રહી છે. બધાં જ દુઃખી છે, કારણ કે બધાંને કોઈને કોઈ આશા છે, વાસ્તવિક દૃષ્ટિએ કહીએ, તો કોઈને કોઈ નિરાશા છે.

## પર કી આશા સદા નિરાશા

ઈલાચી પુત્રની પ્રતીક્ષા પરાકાષ્ઠાને આંબી છે... નિરાશા આસમાનને આંબી છે. ને રાજા ઠાવકા મોઢે કહે છે – "ફરીથી નાચ." ફરીથી ઈલાચીકુમાર વાંસ ઉપર ચઢી ગયો ને નૃત્ય ચાલુ થઈ ગયું.

હકીકતમાં દુનિયાની બધી જ દોડાદોડ ઈલાચીકુમારના નૃત્ય જેવી છે. સ્કુલનો ઘંટ વાગતાની સાથે બહાર નીકળતા બાળકોની દોટ, એક ડિગ્રી માટે કોલેજ, ટ્યુશન ને ક્લાસના ધક્કા ખાતા

યુવાનોની દોટ, વિજાતીય દર્શન માટે ટી.વી., વિડીઓ, સિનેમા, મોબાઈલ અને મેજેઝીનમાં ખાખાખોળા કરતા લોકોની દોટ, મનગમતો મૂરતિયો કે સ્માર્ટ કન્યા મેળવવા માટે યુવા મેળા અને મેરેજબ્યુરો તરફની દોટ, નોકરી માટે જ્યાં ત્યાં ભટકતા યુવક-યુવતીઓની દોટ. રોગ મટાડવા માટે ક્લિનિક, હોસ્પિટલ અને મેડિકલ સ્ટોર તરફની દોટ, મનગમતી ચીજ-વસ્તુઓ ખરીદવા માટે મોલ અને ડિપાર્ટમેન્ટલ સ્ટોર તરફની દોટ... બધું જ નૃત્ય છે... સાક્ષાત્ ઈલાચીપુત્રનું નૃત્ય.... કારણ કે એ બધી જ દોટની ભીતરમાં કોઈ ને કોઈ આશા સમાયેલી છે. જ્યાં આશા છે ત્યાં નૃત્ય છે, માત્ર એના પ્રકારો બદલાતા હોય છે. વાંદરાને કદી નાચતો જોયો છે? સ્વતંત્ર વાંદરાને નાચતો જોયો છે? કે બંધાયેલા વાંદરાને? સ્વતંત્ર વાંદરો કદી નાચતો નથી. બંધાયેલો વાંદરો જ નાચે છે. આશા એ એક બંધન છે. દુનિયાના મોટા ભાગના જીવો એનાથી બંધાયેલા છે. અને માટે જ કોઈ ને કોઈ નાચમાં જ એમનું જીવન પૂરું થાય છે.

**પર કી આશા સદા નિરાશા**

**એ હે જગ જન પાશા**

જગતના જનનો પાશ... સૂક્ષ્મ બંધન... જે દેખાતું નથી, પણ દેખાતાં બંધનો કરતાં હજારોગણું શક્તિશાળી છે. શક્ય છે કે લોઢાની બેડીઓથી જકડાયેલો માણસ મુક્ત બની જાય, આશાના બંધનથી મુક્ત થવું, એ અત્યંત દુઃશક્ય છે. કેવું આ બંધન! અદશ્ય ને અચિન્ત્ય.... શાસ્ત્રકારો કહે છે -

**आशा नाम मनुष्याणां, काचिदाश्चर्यशृङ्खला।**

**यया बद्धाः प्रधावन्ति, मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ॥**

આશા એ મનુષ્યોની કોઈ આશ્ચર્યજનક બેડી છે. જેઓ એનાથી બંધાયેલા છે, તેઓ દોડ્યા જ કરે છે, અને જેઓ એનાથી મુક્ત છે, તેઓ સ્થિર થઈ જાય છે, વિકલાંગની જેમ.

ઈલાચીપુત્ર ઉછળતો હતો, ત્યારે પણ દોડતો હતો અને રાજા પાસે ઊભો હતો ત્યારે પણ દોડતો હતો. અજબ બંધન છે આશાનું, જે શાંતિથી બેસવા જ દેતું નથી. શરીર કદાચ અટકી જશે, પણ મન દોડતું રહેશે, અથાકપણે, કશુંક આંબી લેવાની લ્હાયમાં. એક વસ્તુ માટે અંતરમાં ઈચ્છા જાગે છે, ત્યારથી આત્મપ્રદેશો ક્ષોભાયમાન થઈ જાય છે.... મનમાં ગજબનું તોફાન મચી જાય છે. પછી એ માણસનું શરીર દોડતું હોય, નાચતું હોય, ચાલતું હોય, ઊભું હોય, બેઠું હોય કે સૂતું હોય, એ માણસ દોડી રહ્યો છે... એની દોટ સતત ને સતત ચાલુ છે. મદારી વાંદરાને બાંધીને નચાવે છે. આશા માણસને બાંધીને દોડાવે છે. **આનંદઘનજી મહારાજ** યાદ આવે...

**ભટકે ભટકે દ્વાર લોકન કે**

**કુકર આશાધારી**

આશા પૂરી થાય, એ માટે જ્યાં-ત્યાં વલખા મારતો માણસ અને રોટલીના ટુકડા માટે ઘેર ભટકતો કૂતરો - આ બંનેમાં શું ફરક છે? કૂતરો હડધૂત થાય, એ તો પછીની વાત છે, રોટલાના ટુકડા ખાતર એને ભટક્યાં કરવું પડે, એ પણ હડધૂતપણું જ છે ને? જેની આશા છે એ વસ્તુ માણસને મળે કે ન મળે, એ તો બીજા નંબરની વાત છે, પહેલી વાત તો એ જ છે કે એ

સ્વતંત્ર નથી, એ આશાથી બંધાયેલો છે. ગળે પટ્ટાવાળા કૂતરા જેવી કે સાંકળ બાંધેલા વાંદરા જેવી એની સ્થિતિ છે. ને હજી વધુ વિચાર કરીએ, તો હોંશિયાર કુંભારના ગધેડા જેવી એની સ્થિતિ છે. ગધેડો ચાલે જ નહીં, ત્યારે કુંભાર એક લાકડી સાથે દોરી બાંધે છે. દોરીને છેડે એક કેળું બાંધે છે ને પછી ગધેડા પર બેસી જાય છે. ગધેડાને કેળું દેખાય છે... બસ, બે પગલા ચાલું, એટલે કેળું મારા મોઢામાં... ગધેડો બે પગલા ચાલે, એટલે એના સાથે સાથે જ કેળું હજી વધુ બે પગલા આગળ જતું રહે છે.... ગધેડો કેળાની આશામાં ને આશામાં ચાલતો રહે છે. કુંભારનું ઘર આવી જાય છે, ને એ કેળાની સાથે જ ઘરમાં જતો રહે છે.

**पुरःफलायामाशायां**

**जनः प्रायेण वञ्च्यते**

આશાપૂરી થશે થશે થશે... એની પ્રતીક્ષા કરતા કરતા માણસ છેતરાતો રહે છે... ને આશા પૂરી થાય, એ પહેલા એની જિંદગી જ પૂરી થઈ જાય છે. પરમ પાવન શ્રી **ઉત્તરાધ્યયનસૂત્ર**માં કહ્યું છે –

**इच्छा हु आगाससमा अणंतिया**

આશા તો આકાશની જેમ અનંત છે, જો આકાશનો અંત આવી શકે, તો જ આશાનો અંત આવી શકે. પરિણામ સ્પષ્ટ છે... નિરાશા... અને બંધન.

**પર કી આશા સદા નિરાશા**

**એ હૈ જગ જન પાશા**

'પર' ની આશા એટલા માટે કરવા જેવી નથી, કે 'પર' એ હંમેશા 'પર' જ રહે છે, એ કદી પોતાનું નથી થતું. અને જે પારકું છે એનું ગજું જ નથી કે એ સુખ આપી શકે. **ઈષ્ટોપદેશમાં** કહ્યું છે -

**परः परस्ततो दुःख -**

**मात्मैवात्मा ततः सुखम् ।**

સુખનો સ્રોત એક માત્ર આત્મા જ છે. કારણ કે એ જ પોતાનો છે. 'પર' છે, એ દુઃખ સિવાય બીજું કાંઈ જ આપી શકે તેમ નથી, કારણ કે એ પારકો છે.

**પર કી આશા સદા નિરાશા**

**એ હે જગ જન પાશા**

ઈલાચીકુમારે હવેના નૃત્યમાં એની બધી જ કળા ઠાલવી દીધી છે. ખુલ્લા મોઢે ને ફાટી આંખે લોકો જોઈ રહ્યા છે. આખી ય સભા આફરીન આફરીન પોકારી રહી છે. કેટલાંક લોકો તો - આ સત્ય છે કે સ્વપ્ન? - એવી શંકામાં રીતસર આંખો ચોળી રહ્યા છે. એક ગજબની છલાંગમાં ઈલાચીકુમારનું શરીર ત્રણ વાર ચક્રાકાર ફરીને પાછું દોરડા પર સંતુલન જાળવી રહ્યું છે. એ સમયે એની દૃષ્ટિ એક હવેલીની પરસાળ પર પડી. સોળે શણગાર સજેલી એક નવયૌવના મોદકનો થાળ લઈને કોઈ મહાત્માને વહોરવા માટે આગ્રહ કરી રહી છે, ને મહાત્મા નીચી દૃષ્ટિએ ના પાડી રહ્યા છે. એક બાજુ નીતરતું લાવણ્ય... લસલસતુ રૂપ... ફૂલગુલાબી યૌવન... અને બીજી બાજુ જ્વલંત વૈરાગ્ય. એક બાજુ

ભાવતા ભોજન અને બીજી બાજુ પૂર્ણ નિઃસ્પૃહતા. એક બાજુ ગલગલિયાં થઈ જાય એવા સંયોગ અને બીજી બાજુ અત્યંત નિર્લેપતા.

બે ક્ષણ માટે ઈલાચી પુત્રની દૃષ્ટિ એ દૃશ્ય પર સ્થિર થઈ ગઈ છે, ને ત્રીજી ક્ષણે એના મને વળાંક લીધો.... ક્યાં ભરયૌવનમાં સંયમના પંથે સંચરતા આ મહાત્મા! ક્યાં આ લાવણ્ય સુંદરી પ્રત્યે ય એમની અસ્ખલિત વિરાગધારા!... ને ક્યાં એક નટડી પ્રત્યે ય મારી કારમી આસક્તિ... જેમ જેમ ઈલાચીપુત્રની વિચારધારા આગળ વધતી જાય છે, તેમ તેમ તેના આશાના બંધનો તૂટતા જાય છે....

**વો કાટન કું કરો અભ્યાસા**

બુદ્ધિમત્તા આશાપૂર્તિના પ્રયત્નો કરવામાં નથી. એ પ્રયત્નો તો એક પ્રકારનું પાગલપણું છે. જેમ રેતીને પીલવાથી તેલ મળવું અશક્ય છે, તે જ રીતે આશાની પૂર્તિ થવી પણ અશક્ય છે. બુદ્ધિમત્તા તો છે આશાના બંધનને તોડવામાં. પરમપાવન શ્રી **આચારાંગસૂત્ર**માં કહ્યું છે -

**आसं च छंदं च विगिंच धीरे**

હે ધીર! તું તારી આશાને છોડી દે અને તારી ઈચ્છાને છોડી દે.

**तुमं चेव सल्लमाहट्टु**

આ જ તો એ શલ્યો છે, જેમને અંતરમાં સંઘરી રાખીને તું દુઃખી થઈ રહ્યો છે.

આત્માનું કલ્યાણ આશાસ્પદની પ્રાપ્તિથી નથી થવાનું પણ આશાના બંધનને કાપવાથી થવાનું છે. દુનિયામાં નર્સરીઓ, સ્કુલો, કોલેજો, ઈન્ટરનેશનલ સ્કુલો અને યુનિવર્સિટીઓ ઝડપથી વધી રહ્યા છે. જાત જાતના એજ્યુકેશન કોર્સો અસ્તિત્વમાં આવી રહ્યા છે. શરીર અને આંખો પર અત્યાચાર થઈ જાય, એટલી હદે વિદ્યાર્થીઓ અભ્યાસમાં ગળાડૂબ થઈ રહ્યા છે. પણ એ અભ્યાસથી એમનું શું ભલું થશે ? સ્કુલની દીવાલ પર લખ્યું તો છે - **सा विद्या या विमुक्तये** - 'ખરી વિદ્યા તો એ, જેનાથી આત્માને મોક્ષ મળી શકે.' પણ આ માપદંડથી માપતા એ એજ્યુકેશન કોર્સને 'વિદ્યા' કહી શકાય ખરો? રે... મોક્ષની વાત તો દૂર છે, સ્વર્ગની વાત પણ દૂર છે, આ ભવની ઉપાધિઓ પણ જેનાથી ટળતી નથી, એ અભ્યાસ માટે તન-મન-ધનને ઘસી નાખવાનો શો અર્થ છે? અભ્યાસ તો આ કરવા જેવો છે - આશાના પાશને તોડવાનો.

## વો કાટન કું કરો અભ્યાસા

અભ્યાસ એટલે એક એવી ક્રિયા, જેનાથી આત્મામાં સંસ્કારનું આધાન થાય છે. એ સંસ્કાર સારા પણ હોઈ શકે છે, અને ખરાબ પણ હોઈ શકે છે. આશાને અનુરૂપ પ્રવૃત્તિ કરવાથી અને આશાસ્પદની અભિલાષા કર્યા કરવાથી આત્મામાં કુસંસ્કારોનું આધાન થાય છે. આશાની પ્રતિપક્ષી પ્રવૃત્તિ કરવાથી અને આશાની ભયાનકતાનું ચિંતન કરવાથી આત્મામાં સુસંસ્કારોનું આધાન થાય છે. કુસંસ્કારોથી આશા ફુલે-ફાલે છે. સુસંસ્કારોથી આશા કપાતી જાય છે. કરવા જેવો છે સદ્ અભ્યાસ, મેળવવા

જેવા છે સુસંસ્કારો અને કાપવા જેવી છે આશા.

**વો કાટન કું કરો અભ્યાસા**

હું રસ્તા પરથી પસાર થઈ રહ્યો છું. સામેથી કોઈ યુવતી આવી રહી છે. મારા મનમાં એને જોવાની ઈચ્છા જાગી રહી છે. હું આંખોને ઢાળી દઉં છું... **मातृवत् परदारेषु** - પરસ્ત્રીને 'મા' સમાન ગણવી - આ ભાવનાથી મારા આત્માને ભાવિત કરતા કરતા નીચી નજરે ત્યાંથી પસાર થઈ જાઉં છું, તો આશા પર કાપ મુકાઈ જશે.

હું કોઈ જમણવારમાં ગયો છું. મને ખૂબ ભાવતી ૨-૩ વાનગીઓ કાઉન્ટર પર છે. જોતાની સાથે મારા મોઢામાં પાણી આવી જાય છે. આજે તો આ વાનગીઓ પર તૂટી જ પડવું છે, એવી આશા મારા મનમાં જાગે છે, પણ તરત હું કાઉન્ટરની એ સાઈડ જ છોડી દઉં છું. **परिभाव्य विपाकसाध्वसं विरतानां तु ततो दृशोर्जलम्** - જે વસ્તુ જોઈને રાગીને જીભમાં પાણી આવે છે, એ જ વસ્તુના ઉપભોગની ભયંકરતાને જોઈને વિરાગીને આંખમાં પાણી આવી જાય છે - આ શાસ્ત્રવચનનું ચિંતન કરતાં કરતાં હું સાદા દ્રવ્યોથી ભોજન કરીને નીકળી જાઉં છું, તો આશાની બધી જ આશા પર પાણી ફરી વળશે.

હું ખરીદી કરવા નીકળ્યો છું. દુકાનદાર મને આકર્ષક કાપડ બતાવી રહ્યો છે, જોતાની સાથે મારી આંખ એના પર ઠરી જાય છે. એ કાપડ મારા મનમાં વસી જાય છે. પણ હું પાછો ભાનમાં આવું છું. એ કાપડને 'ના' પાડી દઉં છું. **ततो नान्यद्**

**भयास्पदम्** - જે વસ્તુ ગમે છે, તેનાથી વધુ ભયંકર બીજું કશું જ નથી - આ તત્ત્વચિંતનમાં મનને પરોવીને સાદું કાપડ લઈને ઘર ભેગો થઈ જાઉં છું, તો આશા ખુદ નિરાશ થઈ જશે.

### વો કાટન કું કરો અભ્યાસા

આશાને કાપવાનો આ અભ્યાસ છે. જેમ જેમ અભ્યાસ થતો જાય, તેમ તેમ આત્મશક્તિ વધુ ને વધુ ધારદાર થતી જાય છે. છરી કે કાતર ધારદાર હોય તો વસ્તુ ને કાપવા માટે મથામણ ન કરવી પડે. જરાક અડાવો ને કપાઈ જાય. સદ્-અભ્યાસ ફરી ફરી થાય, પછી આત્મ-શક્તિ એટલી હદે ધારદાર થાય છે, કે હવે આશાને કાપવા માટે મનના મનામણા કરવાની જરૂર રહેતી નથી. સામેથી સ્ત્રી આવી રહી છે, તો એ જ ક્ષણે આંખ પણ ઉઠી જશે ને મન પણ ઉઠી જશે. ભાવતા ભોજન દેખાશે, તો સહજ રીતે દ્રવ્યથી પણ ત્યાગ થઈ જશે ને ભાવથી પણ ત્યાગ થઈ જશે. ખરીદી કરવામાં જે ગમશે, એના પર ધડ દેતાની ચોકડી લાગી જશે. ચોકડી માત્ર એ વસ્તુ પર જ નથી લાગતી, આશા પર પણ લાગી જાય છે, એની સાથે સાથે જ.

### વો કાટન કું કરો અભ્યાસા

અભ્યાસ હજી આગળ વધે છે, હવે આંખો સહજ રીતે ઢળેલી જ છે, ને મન સદા માટે આત્મા તરફ વળેલું જ છે. હવે જમણવારમાં જવાની કોઈ જ હોંશ નથી, ને છેલ્લી ખરીદી ક્યારે કરી હતી એ યાદ પણ નથી. બસ, જાણે આશાનું અનશન ચાલી રહ્યું છે, એને મળતું પોષણ સદંતર બંધ થઈ ગયું છે. હવે એ કેટલું જીવશે? આ અભ્યાસ આશાના મૃત્યુનો છે અને આત્માના

જીવનનો છે. આશાના જીવનમાં આત્માનું મૃત્યુ સમાયેલું છે, અને આશાના મૃત્યુમાં આત્માનું જીવન સમાયેલું છે. આત્માને જીવવું હોય... આત્મિક અનંત આનંદના આસામી બનવું હોય, તો એનો આ જ ઉપાય છે -

**વો કાટન કું કરો અભ્યાસા**

**લહો સદા સુખવાસા**

અભ્યાસ પરાકાષ્ઠાને આંબી જાય છે, અને આશા કપાઈ જાય છે, સંપૂર્ણપણે. હવે સ્ત્રીને જોવા માટે આંખ ઉંચી તો નથી જ થતી, પણ સ્ત્રીમાં, પુરુષમાં, પશુમાં, જડમાં કે શૂન્યમાં કોઈ ભેદ જ રહ્યો નથી. હવે બે હજારની ડીશ જોઈને મન લલચાતું તો નથી જ, પણ એ ડીશ અને વિષ્ટા વચ્ચે કોઈ ફેર જ લાગતો નથી. હવે ખરીદી કરવા જવાનો તો પ્રશ્ન જ નથી આવતો, પણ જાયન્ટ મોલ અને ઉકરડા વચ્ચે શું ફરક છે, એ જ સમજાતું નથી. અભ્યાસ વિકાસશીલ દશામાં હોય છે, ત્યારે વિરાગરૂપે પરિણમે છે. અભ્યાસ વિકસીત બની જાય છે, ત્યારે વિરાગ વીતરાગતારૂપે પરિણમે છે. વીતરાગતા - વિશ્વનું સર્વ શ્રેષ્ઠ સુખ. અદ્વિતીય સુખ. શાશ્વત સુખ.

**વો કાટન કું કરો અભ્યાસા**

**લહો સદા સુખવાસા**

**ઈન્દ્રિયપરાજયશતક** નામનો એક અદ્ભુત ગ્રંથ. એના એક શ્લોકમાં કહ્યું છે -

**जं लहइ वीयरागो सुक्खं,**

तं मुणइ सुच्चिय न हु अन्नो।

न हि गतासूयरओ,

जाणइ सुरलोइयं सुक्खं॥

વીતરાગી જે સુખને પામે છે, એ સુખને એ જ સમજી શકે છે, બીજા જીવો એ સુખને પામી તો નથી જ શકતા, સમજી પણ નથી શકતા. ગટરમાં આળોટતા ભૂંડને માટે દેવલોકના સુખને સમજવું જેમ શક્ય નથી, તેમ વીતરાગીના સુખને સમજવું એ રાગી માટે શક્ય નથી. એ એના ગજાની બહારની વાત છે. એ સુખ માત્ર અનુભવી શકાય છે. બસ, આશાને કાપવા માટે અભ્યાસ કરો, વિરાગતા અને વીતરાગતાને મેળવો અને આ સર્વોત્કૃષ્ટ સુખના સ્વામી બની જાઓ.

**વો કાટન કું કરો અભ્યાસા**

**લહો સદા સુખવાસા**

આશા કરવી, આશાસ્પદને મેળવવા માટે ચિંતા કરવી, એના માટે ધમપછાડા કરવા, આ બધું જ કેટલું દુઃખદાયક છે! આ બધું કર્યા પછી છેવટે આશા પૂરી થાય કે ન થાય, એમાં પૂરો સંશય છે. અને કદાચ આશા પૂરી પણ થઈ જાય તો કેટલું સુખ મળશે? કેવું મળશે? અને એ ક્યાં સુધી ટકશે? આશાના રસ્તે વધુમાં વધુ અત્યંત તુચ્છ અને ક્ષણિક સુખ છે. આશાને કાપવાના માર્ગે ઉત્કૃષ્ટ અને શાશ્વત સુખ છે. આશાના રસ્તે જે સુખ છે એ સાંશયિક છે. આશાને કાપવાના માર્ગે જે સુખ છે એ નિશ્ચિત છે. આશાના રસ્તે કદાચ સુખ મળી પણ જાય, તો ય એ પરાધીન છે.

આશાને કાપવાથી જે સુખ મળે છે, એ સ્વાધીન છે. આશાનું સુખ બીજા લાખો ગણા દુઃખમાં શીર્ણ - વિશીર્ણ... નહીંવત્ થઈ જાય છે. આશાને કાપવાના માર્ગે સુખનું એકછત્રી સામ્રાજ્ય છવાયેલું છે. તાત્પર્ય સ્પષ્ટ છે -

**વો કાટન કું કરો અભ્યાસા**

**લહો સદા સુખવાસા**

રાગીને આશ્ચર્ય થાય છે. દુનિયા આખી જેની પાછળ પાગલ છે એ સંપત્તિ, સુંદરી, સ્વજન, શરીર.... આ બધાંની આશા શી રીતે છોડી શકાય? કદાચ મનને મારી મચડીને આ બધાંની આશા છોડી પણ દેવાય તો માણસ દુઃખી નહીં થઈ જાય? જે સુખના સાધનો છે, એમની આશા જ છૂટી જાય, તો પછી દુઃખ સિવાય શું બાકી રહે? આ સ્થિતિમાં સુખનો લેશ પણ શી રીતે હોઈ શકે? અરે, પહેલી વાત તો એ જ છે, કે આ બધાંની આશા શી રીતે છૂટી શકે?

મોટા ભાગની દુનિયાનો આ પ્રશ્ન છે. પણ એને ખબર નથી, કે વીતરાગતાના અદ્ભુત આનંદમાં જ્યારે આત્મા એકરસ થઈ ગયો હોય, ત્યારે એનું મન સ્ત્રી વગેરેમાં શી રીતે જશે? એ અસીમ આનંદની અનુભુતિમાં જ્યારે આખું ય વિશ્વ તુચ્છ લાગશે, તદ્દન શૂન્ય લાગશે, ત્યારે એને શેની આશા જાગશે?

**અષ્ટાવક્રગીતામાં** કહ્યું છે -

**शून्या दृष्टिर्वृथा चेष्टा, विकलानीन्द्रियाणि च।**

**न स्पृहा न विरक्तिर्वा, क्षीणसंसारसागरे ॥**

વીતરાગતાની એ અસ્મિતામાં દૃષ્ટિ શૂન્ય બની જાય છે, ચેષ્ટા વ્યર્થ બની જાય છે અને ઈન્દ્રિયો વિકલ બની જાય છે. આ એવી દશા છે, જેમાં રાગ પણ નથી અને વિરાગ પણ નથી. રાગ રવાના થઈ જાય, ત્યારે વિરાગદશા પ્રાપ્ત થાય છે, રાગ હતો જ નહીં, તો રવાના શી રીતે થાય?

**શૂન્યા દૃષ્ટિઃ**- રાગી રૂપવતી સ્ત્રીને જોતાંની સાથે આસક્ત થઈ જાય છે, એની આંખો એના પર ચોંટી જાય છે, એને એની આશા જાગે છે. એનું આખું અસ્તિત્વ એના પર મોહિત થઈ જાય છે. એ જ સ્ત્રી, કદાચ એના કરતાં પણ વધુ મોહક સ્ત્રી, કદાચ કોઈ રાજરાણી, કદાચ કોઈ વિશ્વસુંદરી, કદાચ કોઈ સ્વર્ગની અપ્સરા વીતરાગીની સમક્ષ આવી જાય તો? એની દૃષ્ટિ શૂન્ય હશે. તદ્દન શૂન્ય. જાણે સામે કાંઈ છે જ નહીં. ભીતરમાં જે સર્વોત્કૃષ્ટ સુખસમૃદ્ધિની છોળો ઉછળી રહી છે, એની તુલનામાં બહાર છે જ શું? આ રેશિયો એટલો ગજબનો છે કે બહારની વસ્તુને દરિદ્ર પણ ન કહી શકાય, ભિખારી પણ ન કહી શકાય, એને યોગ્ય એક જ શબ્દ છે - શૂન્ય. જો દશ્ય શૂન્ય છે, તો દૃષ્ટિ શૂન્ય જ રહેવાની છે. હાથમાં કશું આવે તેમ જ નથી, તો માણસ હાથ પ્રસારતો જ નથી. થાળી - વાટકો ખાલી જ છે, તો કોઈ કોળિયો લેવાની ચેષ્ટા કરતું નથી. દશ્યમાં આશા કરવા જેવું કશું જ નથી, માટે વીતરાગીને કોઈ જ આશા જાગતી નથી. એ શૂન્યને જુએ છે, માટે એની દૃષ્ટિ શૂન્ય રહે છે... **શૂન્યા દૃષ્ટિઃ**

**વૃથા ચેષ્ટા** આશાને પૂરી કરવા માટેની બધી જ દોડધામ વીતરાગીને વ્યર્થ લાગે છે. ખાલી થાળીમાંથી ભરપેટ જમી લેવાના

પ્રયત્નો જેવું આ ગાંડપણ છે, એવું એને સાક્ષાત્ દેખાય છે. સુગંધની શોધમાં કસ્તુરીમૃગ દૂર-સુદૂર સુધી દોડે છે.... થાકી જાય, હાંફી જાય, લોથપોથ થઈ જાય, ત્યાં સુધી દોડે છે... એનું આખું જીવન સુગંધની શોધમાં ને એની જ દોટમાં પૂરું થઈ જાય છે. બિચારાને ખબર નથી કે 'સુગંધનો સ્રોત તો હું પોતે જ છું. મારી નાભિમાં જે કસ્તૂરી છે, એમાંથી જ આ સુગંધ આવી રહી છે'. કસ્તૂરીમૃગની બધી જ શોધખોળ અને બધી જ દોડધામ કેવી? વ્યર્થ, તદ્દન વ્યર્થ. વીતરાગીને આખી દુનિયાની દોડધામ આવી લાગે છે. વ્યર્થ, તદ્દન વ્યર્થ. **હૃદયપ્રદીપ** નામનો એક અદ્વિતીય ગ્રંથ. રાગદશા અને વીતરાગાદશાનો આ ભેદ એમાં સ્પષ્ટ કર્યો છે-

**तावत् सुखेच्छा विषयार्थभोगे,**

**यावन्मनः स्वास्थ्यसुखं न वेत्ति।**

**लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे,**

**त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा।।**

અંતરના સ્વાસ્થ્યનું - આત્મસ્વભાવની સ્વસ્થતાનું સુખ જ્યાં સુધી ચાખ્યું નથી, ત્યાં સુધી જ વૈષયિક સુખોના ઉપભોગની આશા રહે છે. એક વાર આત્મિક સુખનો આંશિક પણ રસાસ્વાદ થાય, પછી તો ત્રણે લોકનું સામ્રાજ્ય સ્વાધીન થતું હોય, તો પણ એની કોઈ જ સ્પૃહા રહેતી નથી.

બહાર તે જ ભટકે છે, જેણે કદી અંદર ડોકિયું પણ કર્યું નથી.

આંતરિક સમૃદ્ધિનું જેણે અવલોકન કરી લીધું, એને ઓળખી લીધી અને એને અનુભવી લીધી, એ બહાર કેમ ભટકશે? એ બહાર ડોકિયું પણ કેમ કરશે? ક્યાં પ્રયોજનથી કરશે? **જ્ઞાનસાર-ઉપહારમાં** કહ્યું છે -

**परमार्थयुतं पूर्णं,**
**निःस्पृहं निष्प्रयोजनम्।**
**तत्त्वं सम्प्रेक्षमाणः स्वं,**
**परत्र किं प्रवर्तते?॥**

સ્વ-સ્વરૂપ પર દૃષ્ટિ સ્થિર થઈ જાય, આખા વિશ્વનો જે પરમાર્થ છે, એ સ્વ-સ્વરૂપમાં જ દેખાય, સ્વ-સ્વરૂપની સ્વતઃ પૂર્ણતા એવી રીતે પ્રત્યક્ષ થાય કે એમાં કશું ઉમેરવા જેવું પણ ન લાગે, અને ઉમેરવાનો અવકાશ પણ ન લાગે, સ્પૃહાનો કે પ્રયોજનનો લવલેશ પણ સ્વ-સ્વરૂપમાં ન લાગે, પછી 'પર' માં પ્રવૃત્તિ જ શી રીતે થશે?

ભીતરમાં અનુસંધાન થતાંની સાથે જ સમસ્ત બાહ્ય સાથેનો સંપર્ક કપાઈ જાય છે. ભરતીનું અનુસંધાન એ એવો અભ્યાસ છે, જે આશા ઉપર સો ટકા કાપ મૂકી દે છે. આ જીવનમાં બીજું કાંઈ જ કરવા જેવું નથી, સિવાય આ અભ્યાસ.

**વો કાટન કું કરો અભ્યાસા**
**લહો સદા સુખવાસા**

**मुचि बन्धविश्लेषे** - આ ધાતુ પરથી મોક્ષ શબ્દ બન્યો છે.

બંધન છૂટી જાય એનું નામ મોક્ષ. આશા એ જ બંધન છે. આશા છૂટી જાય એ જ મોક્ષ છે. ઉપનિષદો કહે છે - **છિત્ત્વા તન્તું ન બધ્યતે** - તંતુ તૂટી ગયો, એટલે બંધનની શક્યતા સમાપ્ત થઈ ગઈ. જે તૂટી ગયું, એ હવે 'બંધન' જ નથી રહ્યું. એ શી રીતે બાંધશે? લાલ રિબિન કપાય છે અને મકાનનું ઉદ્‌ઘાટન થાય છે. આશા કપાય છે અને મોક્ષનું ઉદ્‌ઘાટન થાય છે.

**વો કાટન કું કરો અભ્યાસા**

**લહો સદા સુખવાસા**

રાજા એની આશામાં છે, લોકો એમની આશામાં છે, પણ ઈલાચીપુત્ર બધી જ આશાઓને ઓળંગી ગયો છે. શું રાજા.... શું પુરસ્કાર... શું નટડી... શું કામભોગ... 'અભ્યાસા' ની કાતર બધી જ આશાઓને કાતરી ગઈ છે. એક મહાત્માની જ્યોત સાથે મિલન કરીને ઈલાચી પુત્રે પોતાની જ્યોત પ્રગટાવી લીધી છે... આત્મા ઉપરના આવરણો ખૂબ ઝડપથી ઉતરી રહ્યા છે. દોષોમાં દાવાનળ લાગી ગયો છે. કર્મો જર્જરિત થઈને ખરી રહ્યા છે, ને માત્ર અંતર્મુહુર્તમાં જ ભીતરમાં રહેલું અનંત જ્ઞાન પ્રગટ થઈ જાય છે. સર્વજ્ઞતા અને વીતરાગતા ઈલાચીપુત્રના ચરણ ચૂમી લે છે.

થોડી વાર પહેલા એક નારીની આશામાં જે દુઃખી થતો હતો, એ જ હવે આશાના બંધનથી સંપૂર્ણ મુક્ત થઈને સુખ-સાગરોમાં ઝુમી રહ્યો છે.

**વો કાટન કું કરો અભ્યાસા**

**લહો સદા સુખવાસા**

અતીતની અટારી પર હજારો યયાતિઓ પણ ઊભા છે, અને હજારો ઈલાચીપુત્રો પણ ઊભા છે. યયાતિઓ અંત સુધી એમની આશાને છોડી શક્યા નથી. એમનું જીવન પણ દુઃખમય હતું, મૃત્યુ પણ અને પરલોક પણ. ઈલાચીપુત્રો એમની જીવનયાત્રા દરમિયાન આશાના બંધનને તોડવાનો પુરુષાર્થ કરી શક્યા, આશાથી મુક્ત થઈ શક્યા. પછી તેઓ જીવ્યા, ત્યાં સુધી જીવન્મુક્તિનો મહાનંદ માણતા રહ્યા. અને જીવન પુરું થયું, એટલે મુક્તિના પરમાનંદના સ્વામી બની ગયા... સદા માટે....

## વો કાટન કું કરો અભ્યાસા

## લહો સદા સુખવાસા

વનનિકુંજનો લતામંડપ આજે મુક્તિમંડપ બન્યો છે. અવધૂતનું એક એક અનુશાસન સિદ્ધિનું સોપાન બની રહ્યું છે. મન સમજી રહ્યું છે, અને શાંત થઈ રહ્યું છે... શાંત.... સાવ જ શાંત... રાગ-દ્વેષ-આશા... બધું જ ઓગળી રહ્યું છે... મન ખુદ વિલીન થવા લાગે, ત્યારે મનના વિભાવો ક્યાં ઉભા રહેશે? થોડી ક્ષણો સુધી વિલીનીકરણની આ પ્રક્રિયા ચાલતી રહી... ને પછી... અવધૂતને લાગે છે કે કોઈ મુદ્દા પર મન 'અડી'ને અટકી ગયું છે... એ સૂક્ષ્મ વિરોધ કરી રહ્યું છે.. અવધૂતની આત્મદષ્ટિ મનને આરપાર વીંધીને જોઈ રહી... ને એ વેધક દૃષ્ટિમાં મનની અડચણ સ્પષ્ટ બની ગઈ.... 'ભલે આપણે કોઈ રાગ ન રાખીએ... દ્વેષ ન રાખીએ... આશા ન રાખીએ... પણ... આટઆટલા સન્માન, આટઆટલી પ્રશંસા, આટઆટલી ભક્તિ - આ બધું જોયા પછી આવા અપમાનો, આવા આક્રોશો ને આવા તિરસ્કારોને કેમ સહન

કરી શકાય? એક પરિસ્થિતિથી ટેવાઈ ગયા પછી એનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિમાં શી રીતે જીવી શકાય?'

મન એ અંતે તો મન જ છે. જેનો કોઈ ને કોઈ મત હોય, એનું નામ મન. પણ અવધૂત એ ય અવધૂત જ છે. **अवधुनात्यखिल - मनोविभावावकरानित्यवधूतः**- મનની બધી જ ધૂળને ખંખેરી નાખે, એનું નામ અવધૂત. પરિસ્થિતિનું પરિવર્તન મનને અકળાવી રહ્યું છે, ત્યારે અવધૂત સૃષ્ટિના એ સત્યને પ્રગટ કરે છે, જેને સમજ્યા પછી, કોઈ અકળામણનો અવકાશ જ ન રહે...

**કબહીક કાજી કબહીક પાજી,**

**કબહીક હુઆ અપભ્રાજી ।**

**કબહીક જગ મેં કીર્તિ ગાજી,**

**સબ પુદ્ગલ કી બાજી ॥૬॥**

**માનવ ક્યારેક કાજી થાય છે.**

**તો ક્યારેક પાજી થાય છે.**

**ક્યારેક લોકો એનો તિરસ્કાર કરે છે**

**તો ક્યારેક આખી દુનિયા એની પ્રશંસા કરે છે.**

**આ બધી જ પુદ્ગલની બાજી છે.**

મહાકવિ કાલિદાસની એક વિશ્વસપ્રસિદ્ધ કૃતિ - **મેઘદૂતમ્.** આ કૃતિની એક પંક્તિ છે -

**नीचैर्गच्छत्युपरि च दशा**

**चक्रनेमिक्रमेण**

રથના પૈડાનો જે ભાગ ઉંચે હોય છે, એ નીચે આવે છે અને જે ભાગ નીચે હોય છે, એ ઉપર આવે છે. સૃષ્ટિ એ વાસ્તવમાં રથનું પૈડુ જ છે. ઉપર.... નીચે... નીચે... ઉપર....

## કબહીક કાજી કબહીક પાજી

કાજી.... પાજી.... કાજી..... પાજી.... બસ, સૃષ્ટિનું ચક્ર ફર્યા કરે છે... એક રસ્તે રખડતો માણસ જોત જોતામાં કરોડપતિ થઈ જાય છે, અને એક કરોડપતિ માણસ રાતોરાત રોડપતિ થઈ જાય છે. જેને નખમાં ય રોગ ન હતો, એ માણસ સંપૂર્ણ બેડરેસ્ટ થઈ જાય છે, અને જે બેડરેસ્ટ હતો એ ઘોડા જેવો થઈ જાય છે. સૃષ્ટિનો સ્વભાવ સ્થિર નથી. પરિવર્તન એ જ એનો સ્વભાવ છે. કબહીક કાંઈક અને કબહીક બીજું જ કાંઈક.

એક માણસનું નસીબ આડેનું પાંદડુ ખસી ગયું. પ્રધાનમંત્રીની પદવી મળી. એમના ગામવાળા ખૂબ ખૂશ થઈ ગયાં. ખૂબ આગ્રહ પૂર્વક આમંત્રણ આપ્યું, 'આપણા ગામમાં પધારો, અમારે તમને સોનાથી તોલવા છે.' પ્રધાનમંત્રીશ્રી ખૂબ જ વ્યસ્ત છે. દિવસો ને મહિનાઓ વીતી ગયા.... એક વર્ષ... બીજું વર્ષ... એમ કરતાં કરતાં સત્તાકાળ પૂરો થઈ ગયો. હવે એ P.M. માંથી C.M. બની ગયો. ગામવાળાએ ફરી આમંત્રણ આપ્યું, "જલ્દી પધારો, અમારે તમને ચાંદીથી તોલવા છે." C.M. આવી શકે એ પહેલા તો ખુરશીએ ઉથલો માર્યો. C.M. હવે M.L.A. બની ગયા. શરમના માર્યા લોકોએ વિવેક કર્યો, "અમારે તમને રૂપિયાથી તોલવા છે. પધારો." રાજકારણની આંટી-ઘૂંટીઓમાંથી બહાર નીકળીને ધારાસભ્યશ્રી એમના ગામમાં પહોંચી શકે, ત્યાં

સુધીમાં એ એક સામાન્ય નાગરિક બની ગયા હતાં. ગામલોકો સમક્ષ તે ઉપસ્થિત થયા, લોકોએ કહી દીધું, "અમારે તમને પસ્તીથી તોલવા છે."

## કબહીક કાજી કબહીક પાજી

જે **શાહજહાં** સોનાની પ્યાલીમાં પાણી પીતો હતો, એને જ માટીના ઠીકરામાં પાણી પીવાના દિવસ આવ્યા. જે **નેપોલિયન** આલ્પ્સ પર્વતને ય બાજુમાં હટાવી શકતો હતો, એને જ બે બદામની નોકરાણી ખાતર બાજુમાં ખસવું પડ્યું. જે **સિકંદર** સોનાના ઢગલાઓમાં આળોટતો હતો, એને જ ખાલી હાથે રવાના થવું પડ્યું. જે **રાજીવ ગાંધીનું** જ્યાં જાય ત્યાં રેડ-કાર્પેટથી સ્વાગત થતું હતું. એના જ બોંબ - વિસ્ફોટમાં ફુરચે - ફૂરચા ઉડી ગયા. **જ્ઞાનસારમાં** કહ્યું છે -

**येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**

**तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षाऽपि नाप्यते ॥**

જેમની આંખના ઈશારાથી પર્વતો ય તૂટી જાય, એવા રાજા- મહારાજાઓના પણ કર્મો જ્યારે વીફરે છે, ત્યારે તેમને ભીખની એક રોટલી પણ મળતી નથી.

ક્યાં હસ્તિનાપુરમાં રાજમહેલમાં કિલ્લોલ કરતાં પાંડવો! ક્યાં ઈન્દ્રપ્રસ્થની સમૃદ્ધિમાં રાજ કરતાં પાંડવો! ક્યાં વન-વગડાંની ઠોકરો ખાતાં પાંડવો! ક્યાં કોઈની નોકરી કરતાં પાંડવો! ને ક્યાં કડવા અપમાનોના ઘૂંટ ભરતા પાંડવો!

માણસ હસે છે ને રડે છે, કારણ કે એ 'કબહીક' ને શાશ્વત સમજી લે છે. 'સવાર' કદી દિવસભર ટકતી નથી, કારણ કે એ 'સવાર' જ છે. 'કબહીક' કદી શાશ્વત બનતું નથી, કારણ કે એ 'કબહીક' જ છે. વિભાવો, અહંકાર, સંક્લેશ, ચિંતા, ડર - આ બધું ત્યાં સુધી જ છે, કે જ્યાં સુધી કબહીક શાશ્વત લાગે છે. કબહીક જ્યારે કબહીક જ લાગે, ત્યારે એમાંથી કશું જ રહેતું નથી. ત્યારે હોય છે માત્ર સુખ, શાંતિ અને સમાધિ. ગળામાં પહેરાવેલો હાર પણ કબહીક અને ગળે પડેલો સાપ પણ કબહીક. હાર પણ જવાનો અને સાપ પણ જવાનો. સંપત્તિ પણ જવાની અને વિપત્તિ પણ જવાની. આરોગ્ય પણ જવાનું અને રોગ પણ જવાનો. હાસ્ય પણ જવાનું અને રુદન પણ જવાનું. હર્ષ પણ જવાનો અને શોક પણ જવાનો. કારણ એ જ, આ બધું જ કબહીક છે. આટલી સમજ આવી જાય, તો કંઈક મેળવવાની ચિંતા અને કંઈક દૂર કરવાની અધીરાઈ એ બન્ને દૂર થઈ જાય... કંઈક પામ્યાનો ગર્વ અને કંઈક આવી પડ્યાનું દર્દ - બંને વિદાય લઈ લે. દુનિયાના બધાં જ દુઃખો આજે જ દૂર થઈ શકે છે, શરત એટલી જ, કે એને 'કબહીક' નું તત્ત્વજ્ઞાન સમજાઈ જાય.

**કબહીક કાજી કબહીક પાજી**

**કબહીક હુઆ અપભ્રાજી**

લોકો ચોરે ને ચોટે નિંદા કરે, એવી સ્થિતિને અપભ્રાજના કહે છે. આવી સ્થિતિ પણ શક્ય છે. નિંદા જ શા માટે? ગાળો આપે, પથ્થરમારો કરે, લાઠીચાર્જ કરે કે મારી મારીને અધમુઆ કરી નાખે... બધું જ શક્ય છે. પણ એનાથી દુઃખી થવાની કોઈ

જ જરૂર નથી, કારણ કે આ પણ કબહીક છે... કાદાચિત્ક છે. એ આવ્યું છે, માટે એ જવાનું છે. જે આવે છે, એનું જવાનું નિશ્ચિત છે. જેમ અપભ્રાજના થાય છે, તેમ પ્રશંસા પણ થાય છે.

## કબહીક જગ મેં કીર્તિ ગાજી

દુનિયાભરમાં નામના થઈ જાય, ચારે દિશામાં વાહ વાહ થઈ જાય, લોકો ચાર મોંએ પ્રશંસા કરે... આ પણ શક્ય છે. અજ્ઞાની પ્રશંસા સાંભળીને ફુલાઈ જાય છે, અને નિંદા સાંભળીને મુરઝાઈ જાય છે. જ્ઞાની બંને દશામાં સમાન રીતે સ્મિત કરતો રહે છે. અજ્ઞાની દુઃખી છે, કારણ કે નિંદા અને પ્રશંસાને જુએ છે. જ્ઞાની સુખી છે, કારણ કે એ 'કબહીક' - ને જુએ છે. અજ્ઞાની દુઃખી છે, કારણ કે એ બધી પ્રશંસા અને નિંદાના કેન્દ્રમાં પોતાને જુએ છે. જ્ઞાની સુખી છે, કારણ કે એ કેન્દ્રમાં પુદ્ગલને જુએ છે.

## સબ પુદ્ગલ કી બાજી

કાજી પણ પુદ્ગલ બને છે અને પાજી પણ. નિંદા પણ પુદ્ગલની થાય છે અને પ્રશંસા પણ. દુનિયામાં જે કાંઈ પણ જોઈ શકાય એવું છે, તે પુદ્ગલ છે. પરમ પાવન **શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં** કહ્યું છે - **रूपिणः पुद्गलाः**- જેનામાં રૂપ છે, તે પુદ્ગલ છે. જેનો કોઈ કલર છે, સ્મેલ છે, ટેસ્ટ છે અને ટચ છે, તે પુદ્ગલ છે. આત્મા અરૂપી છે, પુદ્ગલ રૂપી છે. શરીર, ઘર, સ્વજન, સંપત્તિ, ગાડી, જમીન, ઝવેરાત બધું જ પુદ્ગલ છે. જે કાજીને જોઈને લોકો કુરનિશ બજાવે છે, એ પણ પુદ્ગલ છે, કારણ કે એ 'શરીર' છે. જે પાજીને જોઈને લોકો હાંસી ઉડાવે છે, એ પણ પુદ્ગલ છે, કારણ કે એ પણ 'શરીર' છે. જેને જોઈને લોકો

નિંદા કે પ્રશંસા કરે છે, એ પણ શું છે? આત્મા તો દેખાતો જ નથી, દેખાય છે માત્ર શરીર. નિંદા પણ શરીરની અને પ્રશંસા પણ શરીરની. અજ્ઞાની હર્ષ અને શોક કરે છે, કારણ કે 'શરીર' એ એના માટે 'હું' છે. જ્ઞાની બધી જ પરિસ્થિતિમાં સ્થિતપ્રજ્ઞ રહે છે, કારણ કે 'શરીર' એ એના માટે 'તે' છે. અજ્ઞાની શરીરને પ્રથમ પુરુષ સમજે છે, માટે બધી જ ઘટનાની ઘટમાળ એને પોતાની કથા લાગે છે. જ્ઞાની શરીરને ત્રીજો પુરુષ સમજે છે, માટે જે કાંઈ પણ ઘટે છે, એ એને પુદ્ગલની કથા લાગે છે.

## સબ પુદ્ગલ કી બાજી

શ્રી કૃષ્ણ મહારાજાના લઘુબંધુ **ગજસુકુમાલ.** રાજવી વૈભવમાં આળોટતા એ રાજકુમારે એક દિવસ પરમના પંથે પ્રયાણ કર્યું. રંગબેરંગી રેશમી વસ્ત્રોનું સ્થાન હવે સંયમના શ્વેત વસ્ત્રોએ લીધું. શ્મશાન પાસે જઈને એ મુનિરાજે કાયોત્સર્ગ કર્યો. અગોચરના ધ્યાનમાં મગ્ન બની ગયા. એ સમયે ત્યાંથી એક વ્યક્તિ પસાર થઈ, મુનિરાજને જોતાની સાથે એની આંખો ગુસ્સાથી લાલ થઈ ગઈ. એ હતો એમનો સસરો... મારી દીકરીને છોડીને સાધુ કેમ થઈ ગયો? આ વાત પર એ જાણે નખશિખ સળગી ઉઠ્યો. મુનિરાજને રિબાવી રિબાવીને મારી નાખવાના આશયથી એ ક્યાંકથી ભીની માટી લઈ આવ્યો. મુનિરાજના માથે પાળ કરી દીધી. શ્મશાનની ચિતાના સળગતા અંગારા લઈ આવ્યો અને મુનિરાજના માથે નાખી દીધાં.

સસરો સિફતથી સરકી ગયો છે, અને મુનિરાજનું લુંચન કરેલું મસ્તક રીતસર સળગી રહ્યું છે. જે દશામાં અજ્ઞાની

ચીસાચીસ કરી મુકે, રડારોળ કરી મુકે, ભયંકર ક્રોધ કર્યા વગર ન રહે, એ દશામાં મુનિ પૂર્ણ સમભાવમાં છે, એમના ચહેરાની રેખા પણ ફરતી નથી. જાણે એમનું માથું બળતું જ નથી. જાણે... કાંઈ બન્યું જ નથી. એમની વિચારધારાનું આ શબ્દચિત્ર છે –

**બળે નહીં મારું કંઈ, બળે બીજાનું એહ।**

**પડોશીની આગમાંહે, આપણું અલગું ગેહ ॥**

કોઈનું કંઈક બળે એમાં મને શું? મારું તો કશું બળતું નથી. જેમ કોઈનું માથું બળે એમાં મારું કાંઈ બળતું નથી, એમ આ માથું બળે, એમાં પણ મારું કશું બળતું નથી. કારણ કે આ પણ 'કોઈ' નું માથું છે, મારું નહીં. પડોશી એ જેમ ત્રીજો પુરુષ છે, એમ શરીર પણ ત્રીજો પુરુષ છે. પડોશીનું કાંઈ બળે, એમાં જેમ મારું કાંઈ બળતું નથી, તેમ શરીરનું કાંઈક બળે એમાં પણ મારું કાંઈ બળતું નથી. હું એકલો ચેતન. શરીર-માથું-આગ આ બધું જ પુદ્ગલ....

## સબ પુદ્ગલ કી બાજી

જેની સાથે ઘટના ઘટી રહી છે, એ પણ પુદ્ગલ છે, જેના માટે ઘટના ઘટી રહી છે, એ પણ પુદ્ગલ છે, અને આખી ઘટનાના મૂળમાં જે વસ્તુ છે, એ પણ પુદ્ગલ છે. સસરાએ જ્યાં અંગારા નાખ્યાં એ માથું - એ શરીર પણ પુદ્ગલ, જેના પ્રત્યેના સાંસારિક સ્નેહથી એણે આવું કાર્ય કર્યું, એ દીકરીનું શરીર પણ પુદ્ગલ, અને આ આખી ઘટનાના મૂળમાં મુનિરાજે પૂર્વે કરેલું જે અશુભ કર્મ, એ પણ પુદ્ગલ.

## સબ પુદ્ગલકી બાજી

બે પ્રકારના પુદ્ગલો હોય છે, સ્થૂલ અને સૂક્ષ્મ. આપણે જેમને નરી આંખે જોઈ શકીએ, એ સ્થૂલ પુદ્ગલો છે. અતીન્દ્રિય જ્ઞાનથી જ જેમને જોઈ શકાય, એ સૂક્ષ્મ પુદ્ગલો છે. કર્મ-પુદ્ગલો સૂક્ષ્મ હોય છે, અતીન્દ્રિય જ્ઞાનીઓ એમને પ્રત્યક્ષ જોઈ શકે છે. આપણે તેને અનુમાનથી જાણી શકીએ છીએ. એક જ માતાના બે જોડિયા પુત્રો હોય, એક જ ઘરમાં તેઓ મોટા થયા, એક જ રસોડે જમ્યા, એક જ વાતાવરણમાં જીવ્યા, તો પણ એક નાની ઉંમરમાં જ મૃત્યુ પામ્યો, બીજો લાંબુ જીવ્યો, આવું કેમ? અથવા એક મોટે ભાગે માંદો જ રહે છે, બીજો નીરોગી રહે છે, આવું કેમ? જો એમ કહો કે 'માંદગીનું કારણ કર્મ નહીં પણ ઈન્ફેક્શન છે', તો ઈન્ફેક્શન એકને જ કેમ થઈ? બીજાને કેમ નહીં? જો કહો કે 'એની રોગ પ્રતિકારક શક્તિ ઓછી છે માટે', તો પ્રશ્ન થશે કે એની જ રોગ પ્રતિકારક શક્તિ કેમ ઓછી છે? બીજાની કેમ નહીં? છેલ્લે માનવું પડશે કે બાહ્ય માધ્યમ મચ્છર, વાયરલ ઈફેક્ટ, શ્વેતકણની ખામી વગેરે ભલે હોય, મૂળ કારણ છે પૂર્વકૃત કર્મ. તત્ત્વજ્ઞાનનો એક અતિ ગહન ગ્રંથ છે **વિશેષાવશ્યક ભાષ્ય.** એમાં કહ્યું છે -

**जो तुल्लसाहणाण फले विसेसो न सो विणा हेउं।**

**कज्जत्तणओ गोयम! घडो व्व हेऊ य सो कम्मं ॥**

એ જ જમીન, એ જ વાવણી, એ જ વરસાદ, ને છતાં ય એકનો પાક થાય છે, ને બીજો માથું કુટે છે. આની પાછળ

અવશ્ય કોઈ કારણ છે. કારણ કે કોઈ પણ ફળ પાછળ કોઈ ને કોઈ કારણ હોય જ છે. માટલું એ ફળ છે, તો એની પાછળ ચાકડું, લાકડી વગેરે જરૂર હોય છે. એ રીતે પ્રસ્તુતમાં પણ કોઈ કારણ છે જ જેનું નામ છે કર્મ. જેને આપણે પુણ્ય કહીએ છીએ, એ પૂર્વકૃત શુભ કર્મ છે. જેને આપણે પાપ કહીએ છીએ, એ પૂર્વકૃત અશુભ કર્મ છે. દુનિયાના લગભગ બધાં જ દર્શનોએ 'કર્મ' ના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે.

**વૈદિક દર્શનમાં કહ્યું છે -**

**यथा धेनुसहस्रेषु वत्सो विन्दति मातरम् ।**

**तथा शुभाशुभं कर्म कर्तारमधिगच्छति ॥**

જેમ હજારો ગાયોમાં પણ વાછરડું તેની માતાને જાણે છે, તેમ પૂર્વકૃત કર્મ કર્તાને અનુસરે છે.

**ઈતિહાસમાં કહ્યું છે -**

**ग्रहा रोगा विषं स्तेनो, राजानः शकुनास्तथा ।**

**पीडयन्ति नरं पश्चात्, पीडितं पूर्वकर्मणा ॥**

ગ્રહ, રોગ, ઝેર, ચોર, રાજા, શુકન આ બધા તો માણસને પછી પીડે છે. એને પહેલા પીડે છે એનું જ પૂર્વકૃત કર્મ.

**આગમમાં કહ્યું છે -**

**कडाण कम्माण ण मोक्खु अत्थि**

જે કર્મો કર્યા છે, તેનું ફળ ભોગવ્યા વિના છુટકારો નથી.

**ત્રિપિટકમાં કહ્યું છે -**

**कम्मं कण्हं कण्हविपाकं**

**कम्मं सुक्कं सुक्कविपाकं**

કાળા કર્મનું ફળ પણ કાળું હોય છે. ઉજળા કર્મનું ફળ પણ ઉજળું હોય છે. **કુરઆનમાં** કહ્યું છે -

अल्लाह हर जीव को उसकी कमाई का प्रतिफल देगा। निःसन्देह अल्लाह जल्द ही हिसाब लेनेवाला है। जिसने शुभ कार्य किये हो, उनका लाभ उसी के लिये है, एवं जिसने कुकर्म किये है, उनका प्रतिफल भी उसी को भुगतना है।

**બાઈબલમાં** કહ્યું છે -

Kindness leads to spiritual well-being, whereas cruelty immerses a man in the ocean of woes.

દયાળુ માનવ આત્મકલ્યાણ કરે છે, જ્યારે ક્રૂર વ્યક્તિ પોતાના દેહ અને આત્માનું દુઃખોમાં વિસર્જન કરે છે.

I proclaim that the wicked are surely going to be punished, the virtuous are surely to be protected.

મારી આ ઘોષણા છે કે દુષ્ટોને દંડ અવશ્ય મળશે, સદાચારીઓનું સંરક્ષણ પણ અવશ્ય થશે.

એવી **લોકોક્તિ** પણ છે -

**કરે તેવું ભરે**

**વાવે તેવું લણે**

**જૈસી કરની વૈસી ભરની**

આધુનિક વિદ્વાનોમાં બે જાતની માન્યતાઓ છે. એક માન્યતા અનુસારે વિશ્વસંચાલન માટે માત્ર કલ્પનાઓ અને તર્કો કરીને તે તે વિદ્વાનો અટકી ગયા છે. કદાગ્રહના કારણે તેઓ પ્રાચીન શાસ્ત્રોનું શરણ લઈ શકે તેમ નથી, અને વૈજ્ઞાનિક રીતે તેઓ કોઈ વજૂદવાળું બીજું કારણ રજુ કરી શકે તેમ નથી. માટે લાંબા લાંબા નિરાધાર અનુમાનો, નિબંધો, કલ્પનાઓ વગેરે કરે છે અને પ્રાચીન દર્શનોને અંધશ્રદ્ધાળું કહીને તેમના પર શક્ય એટલો વધુ કીચડ ઉછાળે છે.

બીજી માન્યતાને અનુસરનારા વિદ્વાનો ઉચ્ચ શિક્ષણ પામ્યા છે, તો સાથે સાથે જ મધ્યસ્થ પણ છે. વૈજ્ઞાનિક અધ્યયનોની અધુરાશ જોઈને તેમણે પ્રાચીન દર્શનો ઉપર પણ દષ્ટિપાત કર્યો છે, તો સાથે સાથે પોતે પણ આત્મા, પરલોક, કર્મ વગેરે તત્ત્વો પર પ્રાયોગિક સંશોધન કર્યું છે. આ સંશોધનના તારણરૂપે તેમણે તે તે તત્ત્વોનો સ્વીકાર ઘોષિત પણ કર્યા છે.

એક પુસ્તક છે – Reincarnation. Trutz Hardo નામના એક વિદેશી વિદ્વાન એના લેખક છે. તેમાં એવા બાળકોની સત્યઘટનાઓના ઉલ્લેખ છે, જેમને પોતાના પૂર્વજન્મોની સ્મૃતિ થઈ છે. જર્મનીનો પીટર, સ્વિટ્ઝરલેન્ડની ઈનિસ, ડેન્માર્કની મારિયા, ઈંગ્લેંડનો નિકોલા, લોવાની રોમી, ઈઝરાયલનો ડુઝ, તુર્કીનો નેકાટી, ભારતનો મુનેશ અને પ્રકાશ, શ્રીલંકાનો વિજેરત્ન, થાઈલેન્ડનો થિયાન્ગ, દક્ષિણ આફ્રિકાની જોઈ... આ બધાં જ બાળકો એમના પૂર્વજન્મોની સ્મૃતિ ધરાવે છે. પ્રો. સ્ટીવન્સન વગેરે અનેક વિદ્વાનોએ આવા અનેક કેસોમાં સંશોધન કરી કરીને

તેમને સત્યરૂપે પ્રમાણિક કર્યા છે.

કેટલાક કેસોમાં તો બાળકો તે જ પરિવારમાં પુનર્જન્મ પામ્યા હતાં. જેમકે ફ્લોરિડાનો રેન્ડી, કેનેડાનો વિલિયમ અને ઈંગ્લેંડનો કેલી. કેટલાક બાળકો આશ્ચર્યજનક રીતે વિદેશી ભાષાઓ બોલવા લાગ્યા હતાં. જેમ કે અમેરિકાનો રોબિન તિબેટી ભાષા બોલતો હતો. ઈલિનોઈસની છ વર્ષની બાળકી ઊંઘમાં ફ્રેન્ચ ભાષા બોલતી હતી. (પુસ્તક પ્રકાશક - Jaico Publishing house, 121, Mahatma Gandhi Road, Mumbai - 400 023)

આ પ્રકારની અને અન્ય પ્રકારની અનેક ઘટનાઓ નિયમિત બનતી રહે છે, વૈજ્ઞાનિકો અને વિદ્વાનો દ્વારા એ ઘટનાઓની પરીક્ષા પણ થતી રહે છે. પરિણામે આજે અનેક વિજ્ઞાનીઓ પણ શરીરથી જુદા તત્ત્વને માનતા થયા છે. આ તત્ત્વને જીવ કહો, આત્મા કહો, ચેતન કહો કે Soul કહો. નામ ચાહે ગમે તે આપો, વસ્તુ તો એ જ રહે છે. આ રીતે એક વાર આત્મતત્ત્વની સિદ્ધિ થઈ જાય, પછી આત્મા સંબંધિત પરલોક, પુણ્ય, પાપ વગેરે પણ સિદ્ધ થઈ જાય છે. આ રીતે આધુનિક વિજ્ઞાને પણ 'કર્મ' નો સ્વીકાર કર્યો છે.

આ જન્મમાં કે પૂર્વ જન્મમાં કરેલા શુભ કે અશુભ કાર્યનું ફળ જીવને અમુક સમય પછી મળે, તેમાં વચગાળાના સમયમાં જીવમાં એવું કોઈ તત્ત્વ રહેલું હોવું જોઈએ કે જે તત્ત્વ એ જ જીવને તે તે કાર્યનું ફળ આપે. જો આવું કોઈ તત્ત્વ ન હોય, તો નિયત જીવને નિયત કાર્યનું નિયત ફળ જ મળે, એવું નહીં રહે. એકના કાર્યનું ફળ બીજાને મળે, કે સારા કાર્યનું ફળ ખરાબ મળે -

આવી આવી વિચિત્રતાઓ સર્જાશે. માટે જે ક્ષણે કાર્ય થાય, એ જ ક્ષણે આત્મામાં એવા તત્ત્વનો પ્રવેશ થાય છે, જે કાર્યને અનુસારે શુભ કે અશુભ સ્વભાવ ધારણ કરે છે, અને નિયત સમયે આત્માને શુભ કે અશુભ ફળ આપે છે, એમ માનવું પડે.

હવે પ્રશ્ન થાય કે, એ તત્ત્વ શું છે? શું એ આત્મારૂપ જ છે? કે તેનાથી જુદી કોઈ વસ્તુ છે? જો એ આત્મારૂપ જ હોય, તો એનાથી આત્માને કોઈ ફરક પડશે નહીં. કારણ કે આત્મા તો પહેલા પણ હતો જ. એ તત્ત્વ આત્માથી અલગ વસ્તુ છે, એમ માનવું પડે. આ તત્ત્વ એ જ સૂક્ષ્મ પુદ્ગલરૂપ કર્મ. વિશ્વમાં ઘટતી સુખ-દુઃખની પ્રત્યેક ઘટનાની પાછળ 'કર્મ' કામ કરતું હોય છે. કાજી-પાજી આદિ પ્રત્યેક દશા અને નિંદા-પ્રશંસા આદિ પ્રત્યેક વ્યવહારના મૂળમાં તે આત્માનું પૂર્વકૃત 'કર્મ' હોય છે. માટે જ કહ્યું છે -

## સબ પુદ્ગલ કી બાજી

તત્ત્વજ્ઞાનની પરિભાષામાં કાર્મણ વર્ગણા (Group or Type) ના પુદ્ગલો એ કર્મની પૂર્વ અવસ્થા હોય છે. આ પુદ્ગલો સમગ્ર વિશ્વમાં સર્વત્ર રહેલા હોય છે. જે અવકાશમાં આપણે છીએ, અર્થાત્ શરીરમાં વ્યાપીને રહેલો આપણો આત્મા જે 'સ્પેસ' માં રહેલો છે, એ સ્પેસમાં પણ એ સૂક્ષ્મ પુદ્ગલો રહેલા છે. જ્યારે આત્મા શુભ કાર્ય કે અશુભ કાર્ય કરે છે, ત્યારે આત્મા સાથે જોડાણ પામતા એ પુદ્ગલો શુભ કે અશુભ સ્વભાવવાળા થઈ જાય છે. માત્ર શુભ કે અશુભ કાર્ય પ્રસંગે જ નહીં, પણ વાણી કે વિચાર સમયે પણ આ પ્રક્રિયા ચાલતી રહે છે. આત્મા સાથે એ

પુદ્ગલો જોડાય એટલે એ પુદ્ગલો 'કર્મ' કહેવાય છે. આત્મા અને કર્મના આ સંબંધને 'કર્મબંધ' કહેવાય છે. **ઉપદેશમાલા** નામના ગ્રંથમાં કહ્યું છે -

**जं जं समयं जीवो**

**आविसइ जेण जेण भावेण।**

**सो तम्मि तम्मि समए**

**सुहासुहं बंधए कम्मं॥**

જે જે સમયે જીવ જેવા જેવા ભાવમાં પ્રવેશ કરે છે, તે તે સમયે તે શુભાશુભ કર્મ બાંધે છે.

આ રીતે કર્મબંધની પ્રક્રિયા સતત ચાલું છે. નિયત સમયે તે તે કર્મ તેવા તેવા પ્રકારનું ફળ આપે છે, તેને કર્મનો વિપાક કે ઉદય કહેવાય છે. જેમ એલ.આઈ.સી. વગેરેની પોલિસી નિયત સમયે પાકે છે, તેમ તે તે કર્મ પણ નિયત સમયે પાકે છે = વિપાક પામે છે, અને જીવને તે તે પ્રકારનું ફળ આપે છે. જમા-ઉધારના ચોપડામાં ભૂલ થઈ જાય એ શક્ય છે, કોમ્પ્યુટરમાં વાયરસ લાગી જાય, એ પણ શક્ય છે, પણ કર્મના કોમ્પ્યુટરમાં કોઈ ભૂલ કે વાયરસનો અવકાશ નથી. અહીંની પોલિસથી હજી કદાચ બચી શકાય છે, પણ જે કર્મને આત્મામાં 'ફીડ' કરી દીધું, તેનાથી બચવું શક્ય નથી. વહેલા કે મોડા તે પુદ્ગલ તેનો પ્રભાવ બતાવશે જ. માટે જ કહેવાય છે કે -

**બંધ સમય ચિત્ત ચેતીએ રે**

**ઉદયે શો સંતાપ ?**

કર્મના બંધના સમયે જ ચેતી જજો. કારણ કે કર્મના ઉદય સમયે સંતાપ કરવાથી - રોદણાં રોવાથી કોઈ ફેર પડવાનો નથી.

આ રીતે દુનિયામાં જે કાંઈ પણ થઈ રહ્યું છે, તેના મૂળમાં સૂક્ષ્મ પુદ્ગલરૂપ કર્મ કારણભૂત હોય છે.

## સબ પુદ્ગલ કી બાજી

ગજસુકુમાલ મુનિનું માથું ભડકે બળી રહ્યું છે, છતાં પણ તેમના મુખ પર સમતારસ છલકી રહ્યો છે. કારણ કે એ પુદ્ગલની બાજીને જોઈ રહ્યા છે.

**જન્માન્તરમાં જે કર્યા**
**આ જીવે અપરાધ।**
**ભોગવતા ભલી ભાંત શું**
**શુક્લધ્યાન આસ્વાદ ॥**

પૂર્વ જન્મમાં કરેલા અપરાધો ભોગવવા પડે એ વિશેષતા નથી, એ તો સામાન્ય બીના છે. વિશેષતા છે - એ અપરાધોને ભલી ભાંતથી ભોગવવા. કસાઈ જેવા લોકો ભૂંડને પકડી લાવે છે, એને ઊંધુ લટકાવી દે છે. ને નીચે આગ પેટાવે છે. આગની જ્વાળાઓ ભૂંડને બાળે છે. ભૂંડ જીવતો શેકાઈ રહ્યો છે. એ ભયંકર ચીસો પાડે છે, એની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ જાય છે, એ રડે છે, એ કકળે છે, એ ભાગી છૂટવા માટે મરણિયું બને છે... એ ભોગવે છે, પણ ભલી ભાંતથી નથી ભાગેવતો. માટે આટઆટલું સહન કરવા છતાં એના આત્માનું કોઈ કલ્યાણ થતું નથી. એને પોતાની અને કસાઈની બાજી દેખાય છે, માટે એ

સમતાથી સહન કરી શકતો નથી. ગજસુકુમાલ મુનિ પૂર્ણ સમભાવમાં છે. કારણ કે એમને પુદ્ગલની બાજી દેખાય છે. 'સબ પુદ્ગલ કી બાજી' આ તત્ત્વજ્ઞાનના આલંબને એ ભલી ભાંતથી સહન કરે છે. અને શુક્લધ્યાનની ધારામાં ઉર્ધ્વારોહણ કરે છે... એક બાજુ બાહ્ય અગ્નિ એમના માથાને બાળી રહ્યો છે, તો બીજી બાજુ આંતરિક ધ્યાન-અગ્નિ એમના કર્મોને બાળી રહ્યો છે.

**દ્રવ્યાનળ ધ્યાનાનળે**

**કાયા કર્મ દહંત ।**

કાયા પણ બળી, અને કર્મો પણ બળ્યા. એ મહામુનિ વીતરાગ પણ બન્યા, સર્વજ્ઞ પણ અને મુક્ત પણ. વિશ્વની આ સર્વોત્કૃષ્ણ પદવીઓની પ્રાપ્તિનું રહસ્ય આ જ તત્ત્વજ્ઞાન હતું -

**સબ પુદ્ગલ કી બાજી**

આપણી તકલીફ આ છે, કે આપણે સાક્ષીભાવે જોયા કરવાની બદલે અંતર્ભાવ કરી બેસીએ છીએ. 'પ્રેક્ષક' ની બેઠક છોડીને મંચ પર ઝંપલાવી દઈએ છીએ. કાજી પણ પુદ્ગલ બન્યું અને પાજી પણ... જોયા કરીએ, તો સાક્ષીભાવનું અસીમ સુખ આપણને સ્વાધીન થઈ જાય. હું જ કાજી ને હું જ પાજી-આવી ભ્રમણામાં ઝંપલાવી દઈએ, તો આપણી એ જ દશા થઈ જાય, જે એ ભૂંડની થઈ હતી. સમસ્ત સંસારભ્રમણનો આધાર આ એક જ ભ્રમણા છે. જેનામાં આ ભ્રમણા છે, એનું જ ભ્રમણ છે, જે આ ભ્રમણાથી મુક્ત થઈ જાય છે એ ભ્રમણથી પણ મુક્ત થઈ જાય છે... **ઉપનિષત્ - સર્વસ્વમ્** - માં કહ્યું છે -

## भ्रान्तिमात्रमिदं विश्वं, भ्रान्तिभेदेन भिद्यते

### ભ્રમ એ જ તો ભવભ્રમણ છે.

### ભ્રમ ટળે તો ભ્રમણ ટળે.

ગજસુકુમાલ મુનિનું ભવભ્રમણ ટળી ગયું. કારણ કે એમનો ભ્રમ ટળી ગયો હતો... દ્વારિકાના રાજમહેલમાં જે સોનાના પારણિયે ઝુલતો હતો, એ પણ 'હું' ન હતો. વિરાટ યદુવંશની લાખો યુવતીઓ જેને ખોળે લઈને રમાડવા માટે પડાપડી કરતી હતી, એ પણ 'હું' ન હતો. ત્રિખંડાધિપતિ સ્વયં કૃષ્ણ વાસુદેવ જેને પોતાના ખોળામાંથી અળગો ન'તા કરતા, એ પણ 'હું' ન હતો. પાણી માંગે ને જેને શાહી દૂધ મળતું હતું, એ પણ 'હું' ન હતો. દીક્ષાની માંગણી કરી ત્યારે જેને રાજ્યાભિષેકનું પ્રલોભન અપાયું હતું, એ પણ 'હું' ન હતો અને.... અત્યારે જેનું માથું સળગી રહ્યું છે, એ પણ 'હું' નથી.

### સબ પુદ્ગલ કી બાજી

કાજી પણ એ... પાજી પણ એ. હું તો માત્ર આત્મા, શુદ્ધ આત્મા. પરિવર્તનોથી પરિતાપ અનુભવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો નથી થતો, કારણ કે એ પરિવર્તનો પુદ્ગલના છે, મારા નથી. કથા પણ પુદ્ગલની, પાત્રો પણ પુદ્ગલના, ઘટના પણ પુદ્ગલની... મારું શું? કશું જ નહીં. હું તો એક પ્રેક્ષક. માત્ર પ્રેક્ષક. **જ્ઞાનસાર**માં કહ્યું છે -

**पश्यन्नेव परद्रव्य - नाटकं प्रतिपाटकम् ।**

**भवचक्रपुरस्थोऽपि, नामूढः परिखिद्यति ॥**

સંસાર એક એવું નગર છે, કે જેની ગલીએ ગલીએ પુદ્ગલનું નાટક ચાલી રહ્યું છે. આ નાટકમાં હોનારતોનો પાર નથી, ઘટના અને દુર્ઘટનાનો અંત નથી. પણ જ્ઞાનીને એનાથી કોઈ ફરક પડતો નથી. કારણ એ જ... એ માત્ર જોયા કરે છે, ને જ્યાં શુદ્ધ સાક્ષીભાવ છે, ત્યાં સુખ સિવાય બીજું કાંઈ હોતું જ નથી.

છેલ્લા પાંચ વર્ષની બધી જ ઘટનાઓ યાદ કરી લો, દશ વર્ષની ઘટનાઓને યાદ કરી લો, પચ્ચીશ વર્ષની ઘટનાઓને યાદ કરી લો... યાદશક્તિ સીમિત છે, તો કલ્પના કરી લો... માત્ર આપણે જોયેલી જ ઘટનાઓ નહીં, દરેક માણસે જોયેલી ઘટનાઓ... સંસારના પ્રત્યેક જીવે જોયેલી, સાંભળેલી કે અનુભવેલી ઘટનાઓ.... માત્ર પચ્ચીશ વર્ષની જ ઘટનાઓ નહીં, પચ્ચીશસો વર્ષની ઘટનાઓ... પચ્ચીશ હજાર વર્ષની ઘટનાઓ... પચ્ચીશ લાખ વર્ષની ઘટનાઓ... પચ્ચીશ કરોડ વર્ષની ઘટનાઓ. માત્ર ગયા પચ્ચીશ કરોડ વર્ષની જ નહીં, આવનારા પચ્ચીશ કરોડ વર્ષની પણ ઘટનાઓ... આ બધી જ ઘટનાઓ પણ તાત્ત્વિક દૃષ્ટિએ શું છે? સિવાય પુદ્ગલોનું નાટક.

## સબ પુદ્ગલ કી બાજી

ભૂતકાળ અને ભવિષ્યકાળની વિશ્વની પચ્ચીશ કરોડ વર્ષની ઘટનાઓ જેમ અધધધ છે, તેમ આપણા એક જ આત્માની ભૂતકાળની સમસ્ત ઘટનાઓ પણ અધધધ છે, કારણ કે આપણી સંસારયાત્રા અનાદિ કાળથી ચાલુ ને ચાલુ છે. અનાદિ કાળ... જેનું કોઈ ઉદ્ગમ બિંદુ જ નથી. મરઘી અને ઈંડાની પરંપરાની જેમ જેનો પ્રવાહ ચાલ્યો જ આવે છે. માત્ર આપણી ઘટનાઓ પણ

કેટલી! એમાં પણ કેટલા ઉતાર-ચઢાવ! 'કાજી ને પાજી' શબ્દોથી તો માત્ર દિશાસૂચન કર્યું છે. બાકી આત્માએ આજ સુધીમાં જે જે શિખરારોહણ કર્યા છે અને જે જે પાતાલપાત અનુભવ્યા છે, તેનું કોઈ વર્ણન થઈ શકે તેમ નથી. **યોગશાસ્ત્ર**માં કહ્યું છે -

**श्रोत्रियः श्वपचः स्वामी पत्तिर्ब्रह्मा कृमिश्च सः।**

**संसारनाट्ये नटवत् संसारी हन्त चेष्टते॥**

વેદપાઠી પણ એ, ને ચંડાળ પણ એ. શેઠ પણ એ અને નોકર પણ એ. બ્રાહ્મણ પણ એ, ને કીડો પણ એ. સંસાર એટલે એક નાટક ને એ એટલે એક નટ.

**વૈરાગ્યશતક**માં કહ્યું છે -

**धी धी धी संसारो, देवो मरिऊण जं तिरि होइ।**

**मरिऊण रायराया, परिपच्चइ णिरयजालाहिं॥**

એક દેદીપ્યમાન દેવ મરે છે, અને વિષ્ટામાં આળોટતી એક ભૂંડણના પેટે જન્મ લે છે. એક રાજ-રાજેશ્વર મરે છે, અને નરકની જ્વાળાઓમાં શેકાય છે.

આટઆટલું અનાદિની સંસારયાત્રામાં ઘટી ચુક્યું છે. જેની તુલનામાં કાજી-પાજીના પરિવર્તનો તો કશું જ નથી. હવે આટલા પરિવર્તનમાં શું ઉંચા-નીચા થવું? અને જે પરિવર્તન થયું ને થાય છે, એ ય મારું ક્યાં છે? એ તો પુદ્ગલોનું છે, તો પછી નાહકનું દુઃખી થવાની જરૂર જ ક્યાં છે? બસ, આટલા જ તત્ત્વજ્ઞાનને આત્મસાત્ કરી લઈએ -

## સબ પુદ્ગલ કી બાજી

કોઈએ આવકાર આપ્યો, તો એમાં મારામાં શું વધી ગયું? કોઈએ જાકારો આપ્યો, તો મારામાં શું ઘટી ગયું? 'પધારો' ની ઘટનામાં પણ હું હું જ હતો, 'નિકળી જા' ની ઘટનામાં પણ હું હું જ હતો. સત્કારની ઘટનામાં પણ હું હું જ હતો, તિરસ્કારની ઘટનામાં પણ હું હું જ હતો. કોઈ પ્રણામ કરતું હતું, તો પણ હું હું જ હતો અને કોઈ લાતો મારતું હતું, તો ય હું હું જ હતો. સમગ્ર સંસારયાત્રામાં આજ સુધીમાં અનંત દુઃખો પણ આવી ગયાં અને અનંત સુખો પણ આવી ગયા. દુઃખોમાં પણ હું હું જ હતો, અને સુખોમાં પણ હું હું જ હતો. દુઃખો મારું કાંઈ બગાડી શક્યા નથી, અને સુખો મારું કાંઈ સુધારી શક્યા નથી. હું આત્મા છું. આત્મામાં બગાડા કે સુધારાનો અવકાશ જ નથી. પુદ્ગલ બગડે છે અને પુદ્ગલ સુધરે છે. દુઃખ પણ પુદ્ગલનું છે અને સુખ પણ પુદ્ગલનું છે. મને ન લેવા, ન દેવા. કારણ એ જ -

## સબ પુદ્ગલ કી બાજી

**ઈષ્ટોપદેશ**માં કહ્યું છે -

**न मे मृत्युः कुतो भीतिः? न मे व्याधिः कुतो व्यथा?।**

**नाहं बालो न वृद्धोऽहं, न युवैतानि पुद्गले ॥**

મારું મૃત્યુ નથી, પછી મને ભય શાનો? રોગ પણ મારો નથી, મને વ્યથા શાની? હું બાળક નથી, હું વૃદ્ધ પણ નથી અને હું યુવાન પણ નથી. આ બધી જ અવસ્થા પુદ્ગલની છે, અને હું તો આત્મા છું. કેવળ આત્મા.

છગન ને મગન એક વાર શેરીમાં સામ-સામે મળ્યા. છગનને જોતાની સાથે જ મગન ઉછળી પડ્યો.. 'અલ્યા છગન! તારા ખેતરમાં કોઈની લાશ પડી છે. મેં એનો ચહેરો જોયો. બિલ્કુલ તારા જેવો જ હતો.'' ''એમ?'' ''હા, ભગવાનના સોગંદ.'' ''તો તો મારી જ લાશ હશે.'' છગન પોક મુકીને રડવા લાગ્યો, ''હાય રે... હું તો મરી ગયો.'' મગન આશ્વાસન આપી રહ્યો છે, પણ આટલી હદની દુર્ઘટના (!) ઘટી ગઈ હોય, ત્યાં કોણ શાંત થાય?

આપણને હસવું આવે છે. દુર્ઘટનાની નહીં, પણ મૂર્ખતાની હદ લાગે છે. પણ દુનિયાના બધા વ્યવહારો પણ તાત્ત્વિક દૃષ્ટિએ મૂર્ખતા નથી તો શું છે? છગન એટલા માટે જ મૂર્ખ છે, કે એ 'પર' માં 'સ્વ' ની ભ્રાન્તિથી દુઃખી થઈ રહ્યો છે. દુનિયા પણ આ ભ્રાન્તિથી જ તો દુઃખી થઈ રહી છે, તો એ મૂર્ખ નહીં? જેમ કોઈની લાશ, એ પોતાની લાશ નથી, એમ કહેવાતી પોતાની લાશ પણ વાસ્તવમાં પોતાની લાશ નથી. જેમ કોઈનું મૃત્યુ એ પોતાનું મૃત્યુ નથી, એમ કહેવાતું પોતાનું મૃત્યુ, એ પણ પોતાનું મૃત્યુ નથી. જગત હસે છે, રડે છે, નાચે છે, શોક કરે છે, દોડે છે, વિલાપ કરે છે, આ બધી જ પ્રવૃત્તિઓ જ્ઞાનીને છગનની મૂર્ખતા જેવી દેખાય છે. નરી મુર્ખતા જેવી. **સમાધિતંત્ર** માં કહ્યું છે -

**पूर्वं दृष्टात्मतत्त्वस्य**

**विभात्युन्मत्तवज्जगत्**

એક વાર જેણે આત્મતત્ત્વને જોઈ લીધું છે, એને પછી આખું વિશ્વ પાગલ જેવું લાગે છે. જેમાં કશું જ 'હું' નથી, ને કશું

ય 'મારું' નથી, ત્યાં 'હું' ને 'મારું' - નો અજપાજપ જાપ ચાલ્યા કરે, એ પાગલપણું નહીં તો બીજું શું છે?

જ્ઞાનીના મનમાં આનાથી વિપરીત રટણ ચાલે છે - 'ન હું, ન મારું' - જે દેખાય છે, એ બધું જ પુદ્ગલ, બધું જ પુદ્ગલનું, તો એમાં 'હું' શું? ને 'મારું' શું?

### સબ પુદ્ગલ કી બાજી

મનની બધી જ ગૂંચો ઉકલી ગઈ છે. કદાચ મન ખુદ જ ઉકલી ગયું છે.... વિક્ષોભ... વિરોધ... વિગ્રહ... વ્યુત્થાન... વિપત્તિ... બધું જ સમાપ્ત થઈ જાય, પછી 'મન'નું વજૂદ જ શું રહેશે?... આત્મપરિણતિના એ અખંડ સામ્રાજ્યમાં મનનું કાર્યક્ષેત્ર જ શું રહેશે? આધિપત્યનો આસામી આત્મા સ્વયં 'સાક્ષી' માત્ર હોય, ત્યારે આત્માને પૂર્ણપણે વશ બનેલું મન શું કરશે? શું કરી શકશે? જીવન્મુક્તિની આ અવસ્થા જ મુક્તિની પરમ દશામાં પરિણમે છે, એ આશયથી હવે અવધૂત ઉપસંહાર કરે છે -

**શુદ્ધ ઉપયોગ ને સમતાધારી,**
**જ્ઞાન ધ્યાન મનોહારી ।**
**કર્મકલંક કું દૂર નિવારી,**
**જીવ વરે શિવનારી ॥૭॥**

**જે શુદ્ધ ઉપયોગ અને સમતાને ધારણ કરે છે, જ્ઞાન અને ધ્યાનના સૌન્દર્યનો જે સ્વામી છે, તે જીવ કર્મ-કલંકને દૂર કરે છે, અને શિવનારીને વરે છે.**

વીતરાગ પરમાત્મા માધુકરી ભિક્ષાચર્યા માટે નીકળ્યા હોય, કોઈએ એમના પાત્રમાં ગુલાબજાંબુ વહોરાવી દીધા હોય, તો એને આરોગતા આરોગતા એમને એ ગુલાબજાંબુ કેવા લાગે ? ગુલાબજાંબુનો આહાર આપણે પણ કરીએ અને કેવળજ્ઞાની પણ કરે, આપણને એ 'સારા' લાગે, કેવળજ્ઞાનીને એ જેવા છે, એવા લાગે.

## શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી

શુદ્ધ ઉપયોગ = જેમાં સારા - નરસાના આરોપણની કોઈ જ ભેળસેળ નથી. કપડાં સફેદ, લાલ કે પીળાં લાગે, ત્યાં સુધી વાંધો નથી, પણ એ સારા કે ખરાબ લાગે, એટલે આપણો ઉપયોગ (બોધ) અશુદ્ધ થઈ ગયો. વસ્તુ પોતે સફેદ કે લાલ હોઈ શકે છે. સારી કે નરસી કદાપિ નહીં. એ તો આપણી કલ્પના છે. જો વસ્તુ પોતે 'સારી' હોત, તો એ બધાને 'સારી' જ લાગત. જો એ વસ્તુ પોતે 'ખરાબ' હોત, તો એ બધાને 'ખરાબ' જ લાગત. પણ એવું થતું નથી. માટે વસ્તુ પોતે તો સારી કે ખરાબ છે જ નહીં. અધ્યાત્મનો એક ઉચ્ચ ગ્રંથ છે - **પ્રશમરતિ.** આ ગ્રંથના એક શ્લોકમાં કહ્યું છે -

**तानेवार्थान् द्विषत - स्तानेवार्थान् प्रलीयमानस्य।**

**निश्चयतोऽस्यानिष्टं, न विद्यते किञ्चिदिष्टं वा॥**

વ્યક્તિ ફરે છે અને સારા-નરસાની વ્યાખ્યાઓ બદલાઈ જાય છે. સમય ફરે છે અને સારા-નરસાની વ્યાખ્યાઓ બદલાઈ જાય છે. એકને શ્રીખંડના નામથી ય મોઢામાં પાણી આવી જાય

છે. અને બીજાને તેની ગંધથી ય ઉબકા આવવા લાગે છે. બે-ચાર વર્ષ પહેલા જે રંગ ગમતો હતો, જે વસ્તુ ગમતી હતી, જે સ્વાદ ગમતો હતો, એમાં હવે એ જ વ્યક્તિને કોઈ જ રુચિ નથી રહી. આના પરથી એક વાસ્તવિકતા સિદ્ધ થાય છે, કે ખરી રીતે કશું સારું પણ નથી, ને કશું ખરાબ પણ નથી. જે વસ્તુ જે નથી, એને એ માનવી એ મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાનથી ઉપયોગ અશુદ્ધ થાય છે. ઉપયોગને શુદ્ધ કરવાની આ શરત છે, આ સારું ને આ ખરાબ આવી માન્યતાઓનો નિકાલ કરી દઈએ.

## શુદ્ધ ઉપયોગ ને સમતાધારી

સર! દારુ પીવાથી શું થાય? પીનુએ ભોળે ભાવે શિક્ષકને પ્રશ્ન કર્યો. શિક્ષકે જવાબ આપ્યો, "જો, સામે બે ટેબલ પડ્યા છે ને, દારુ પીનારને ત્યાં ચાર ટેબલ દેખાય." "પણ સર! ત્યાં તો એક જ ટેબલ છે." સર પાસે આનો જવાબ ન હતો. પણ થોડો વિચાર કરતાં પીનુને જવાબ મળી ગયો.

વસ્તુ જે છે, એમાં જેટલું વધારાનું દેખાય છે, કે સમજાય છે, એ બધું આપણું અજ્ઞાન છે. વસ્તુ તો મીઠી જ હતી. આપણને મીઠી + સારી પણ લાગી. વસ્તુ તો કડવી જ હતી. આપણને કડવી + ખરાબ પણ લાગી. વસ્તુમાં 'સારી'નું મેળવણ કરતાની સાથે આપણામાં રાગ ઉમેરાય છે. 'ખરાબ' નું મેળવણ કરતાની સાથે આપણામાં દ્વેષ ઉમેરાય છે. ને આ રાગ અને દ્વેષની અશુદ્ધિઓ આપણા ઉપયોગને કલુષિત કરી નાખે છે. ઉપયોગ એ શું છે? **जीवो उवओगलक्खणो** - ઉપયોગ એ જીવનું લક્ષણ છે, ઉપયોગ એ જીવ પોતે જ છે. સારા-નરસાના અભિપ્રાયો બાંધીને

રાગ-દ્વેષ કરવા એટલે પોતે જ પોતાનામાં ખાનાખરાબી કરવી. સારા-નરસાના અભિપ્રાયો એક તો અયથાર્થ છે = ખોટા છે + હાનિકારક છે. તો શા માટે આવા અભિપ્રાયો કરવાં? અને આપણા ઉપયોગને અશુદ્ધ કરવો?

જૈન પરિભાષાનો અવ્વલ શબ્દ છે કેવળજ્ઞાન. સર્વજ્ઞતા અને વીતરાગતા - આ બંને ગુણોનો આ વાચક છે. જેમાં ફક્ત જ્ઞાન છે, સારુ - ખરાબની અશુદ્ધિઓ નથી, રાગ-દ્વેષની ભેળસેળ નથી, એનું નામ કેવળજ્ઞાન. ઉપયોગમાંથી ઉપયોગ સિવાયનું બીજું બધું જ જતું રહે એનું નામ કેવળજ્ઞાન, એનું જ નામ વીતરાગતા, એનું જ નામ શુદ્ધ ઉપયોગ. જે શુદ્ધ ઉપયોગનો સ્વામી બને, એને સમતાનું સર્વોત્કૃષ્ટ સુખ સ્વાધીન થઈ જાય છે. નથી ઉપયોગમાં રાગ, નથી દ્વેષ, તો પછી સમતા જ બાકી રહે ને?

## શુદ્ધ ઉપયોગ ને સમતાધારી

રાગ-દ્વેષ, ગમો-અણગમો, ભાવે - ન ભાવે, ચાલે - ન ચાલે, ફાવે - ન ફાવે - આ બધું જ આપણે સુખી થવા માટે કરીએ છીએ, અને વાસ્તવિકતા એ છે કે આ બધું કરી કરીને ખરેખર આપણે સુખથી દૂર જઈએ છીએ, પોતે જ પોતાને દુઃખી કરીએ છીએ. સુખ 'ભાવે' માં પણ નથી અને 'ન ભાવે' માં પણ નથી. સુખ સમતામાં છે. પૂર્ણ સમતામાં. જ્યાં ભાવે ને ન ભાવે - એવો ભેદ જ રહ્યો નથી.... જ્યાં શત્રુ ને મિત્ર - એવો ફેર જ રહ્યો નથી... જ્યાં સારું ને ખરાબ - એવું સંવેદન જ રહ્યું નથી. રહ્યો છે માત્ર શુદ્ધ ઉપયોગ અને સમતા.

શુદ્ધ ઉપયોગ ને સમતાધારી

સદ્ગુરુ આહાર આરોગી રહ્યા છે. સાથે બે શિષ્ય પણ છે. એક ચિરદીક્ષિત અને બીજા નૂતન દીક્ષિત. નૂતન દીક્ષિત નાના છે. ઘણી રીતે નાના. એમણે મોટા શિષ્યને અમુક વસ્તુ આરોગતા જોયા, ને પ્રશ્ન કર્યો, "આ વસ્તુ તમને ભાવે છે?" સદ્ગુરુ આ પ્રશ્ન સાંભળીને જરા હસી પડ્યા. નૂતનદીક્ષિતે આશ્ચર્યથી સદ્ગુરુ સામે જોયું. સદ્ગુરુએ ખુલાસો કર્યો, એ ખાય છે, એની ય એને ખબર નથી. અને તું પૂછે છે "ભાવે છે?" નૂતનદીક્ષિતનું મસ્તક પણ ઝૂકી ગયું, અને અંતર પણ.

શુદ્ધ ઉપયોગ અને સમતાનો આ માર્ગ છે, કે મનને શુભ ઉપયોગમાં એટલું વ્યસ્ત બનાવી દીધું હોય, કે અનિવાર્યપણે જે વિષયો સંપર્કમાં આવતાં હોય, એમનો ખ્યાલ સુદ્ધા ન આવે. **મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ** આ જ વાત ભક્તિયોગના સંદર્ભમાં કહી છે –

**વિષય લગન કી અગની બુઝાવત**

**તુમ ગુણ અનુભવ ધારા ।**

**ભઈ મગનતા પ્રભુ ગુણ રસ કી**

**કુણ કંચન કુણ દારા? ॥**

આત્મા પ્રભુગુણ રસમાં મગ્ન બની જાય, એટલે કંચન પણ નગણ્ય બની જાય છે અને કામિની પણ. શુભ ઉપયોગનો આ અભ્યાસ જ પરંપરાએ શુદ્ધ ઉપયોગમાં લઈ જાય છે, જ્યાં પૂર્ણ સમતા છે. હવે કંચનમાં આસક્તિ તો નથી જ, કંચન અને ધૂળ વચ્ચે કોઈ ફેર પણ નથી. હવે કામિનીનું આકર્ષણ તો નથી જ, કામિની અને કાષ્ઠ-પૂતળી વચ્ચે કોઈ ભેદ પણ નથી. રતિ...

અરતિ... અભિપ્રાય... રુચિ... પસંદ... બધો જ મળ જતો રહ્યો... અને બાકી રહી નિર્મળતા...

## શુદ્ધ ઉપયોગ ને સમતાધારી

શુદ્ધિનો અર્થ શું છે? શુદ્ધ સુવર્ણ એટલે શું? સુવર્ણમાંથી સુવર્ણ સિવાયનું બધું જ જતું રહે, અને બાકી જે બચે એ શુદ્ધ સુવર્ણ. પાણીમાંથી પાણી સિવાયનું બધું જ જતું રહે, એ શુદ્ધ પાણી. ટુંકમાં જે જે વસ્તુ વિજાતીય છે, તે બધી જ દૂર થઈ જાય, એનું નામ શુદ્ધિ. આપણી વાત શુદ્ધ ઉપયોગની છે. ઉપયોગમાંથી સમસ્ત વિજાતીય દ્રવ્યની વિદાય થઈ જાય, અને જે બાકી રહે, એનું નામ શુદ્ધ ઉપયોગ. કંચન કે કામિની પ્રત્યેની તીવ્ર આસક્તિ -એ તો ઉપયોગની અશુદ્ધિ છે જ. રાગ અને દ્વેષના ભાવો એ તો વિજાતીય દ્રવ્ય છે જ. પણ મનમાં ઉઠતા જાત-જાતના વિચારો એ પણ વિજાતીય દ્રવ્ય છે. વિચાર પણ વિજાતીય, મન ખુદ પણ વિજાતીય. **અમૃતવેલ સજ્ઝાય** નામની એક અપ્રતિમ કૃતિ છે, એની એક કડીમાં કહ્યું છે -

**દેહ મન વચન પુદ્ગલ થકી**
**કર્મથી ભિન્ન તુજ રૂપ રે।**
**અક્ષય અનંત છે જીવનું**
**જ્ઞાન-આનંદ સ્વરૂપ રે॥**

દેહ, મન, વચન આ બધું જ પુદ્ગલ છે. કર્મ પણ પુદ્ગલ છે. આ બધું જ વિજાતીય છે, કારણ કે આત્મસ્વરૂપ આ બધાંથી જુદું છે. તદ્દન જુદું. દેહનો ક્ષય થાય છે, આત્મા અક્ષય છે. મન-

વચન-કર્મનો અંત થાય છે, આત્મા અનંત છે. પુદ્ગલ તદ્દન જડ છે, આત્મા જ્ઞાન-આનંદ-સ્વરૂપ છે. સિદ્ધના આત્મામાં જે નથી, એ બધું જ વિજાતીય છે. દેહ, મન, વચન, કર્મ... આમાંથી કશું ય સિદ્ધના આત્મામાં હોતું નથી. એક નાનકડો વિચાર પણ સિદ્ધના આત્મામાં હોતો નથી, માટે એ બધું જ વિજાતીય છે. **સામધિતંત્ર**માં કહ્યું છે -

**यदन्तर्जल्पसम्पृक्त - मुत्प्रेक्षाजालमात्मनः ।**

**मूलं दुःखस्य तन्नाशे, शिष्टमिष्टं परं पदम् ॥**

મનમાં સતત ચાલ્યા કરતો જે બબડાટ... જે સમગ્ર વિચારોની જંજાળ... એ જ સર્વ દુઃખોનું મૂળ છે. એનો નાશ થાય, એટલે પરમ પદ જ બાકી રહે છે. કારણ કે વાસ્તવમાં શુદ્ધ ઉપયોગ એ જ પરમ પદ છે.

## શુદ્ધ ઉપયોગ ને સમતાધારી

સિદ્ધ આત્મામાં રાગ પણ નથી અને દ્વેષ પણ નથી, માત્ર સમભાવ છે, માટે સમભાવ એ આત્માનું સ્વરૂપ છે. રાગ અને દ્વેષ એ વિજાતીય છે. ઉપયોગની શુદ્ધિથી સમભાવનું પ્રાગટ્ય થાય છે. સમભાવના પ્રાગટ્યથી જ્ઞાન અને ધ્યાનની વિશુદ્ધતર દશા પ્રાપ્ત થાય છે.

## શુદ્ધ ઉપયોગ ને સમતાધારી
## જ્ઞાન ધ્યાન મનોહારી

ચાલીશ વર્ષથી બાઈબલ પર પ્રવચન કરતાં એક ફાધર. એક વાર એમની પરીક્ષા કરવા માટે એક યુવાન તેમની પાસે

આવ્યો. એક શબ્દ પણ બોલ્યા વિના એણે એમના ગાલ ઉપર તમતમતો તમાચો લગાવી દીધો. ફાધરે તરત જ બીજો ગાલ ધરી દીધો. પેલાએ બીજા ગાલ પર પણ લાફો ઠોકી દીધો. હવે ફાધરે એને એવો મુક્કો લગાવી દીધો કે એ રીતસર પડી ગયો. બે મિનિટે એને માંડ થોડી કળ વળી. એણે ફાધરને કહ્યું કે "તમને બાઈબલ પચ્યું નથી." "કેમ?" "બાઈબલમાં શું કહ્યું છે?" "કોઈ તમને એક ગાલ પર તમાચો મારે, તો તમારે બીજો ગાલ ધરવો." "તો પછી? તમે આ શું કર્યું?" "બરાબર જ કર્યું ને... કોઈ બીજા ગાલ ઉપર પણ તમાચો મારે, તો શું કરવું, એનો બાઈબલમાં કોઈ જ ખુલાસો નથી."

જ્ઞાન માત્ર માહિતીરૂપ હોય, એ જ્ઞાનની અશુદ્ધ દશા છે. જ્ઞાન આત્મ-પરિણતિરૂપ બની જાય, એ જ્ઞાનની વિશુદ્ધ દશા છે. માહિતી રૂપ જ્ઞાનમાં રાગ પણ હોય છે, અને દ્વેષ પણ હોય છે. આત્મપરિણતિરૂપ જ્ઞાનમાં રાગ-દ્વેષનું સ્થાન જ નથી. શાસ્ત્રકારો કહે છે -

**तज् ज्ञानमेव न भवति**

**यत्र विभाति रागादिगणः।**

**तमसः कुतोऽस्ति शक्तिः**

**दिनकरकिरणाग्रतः स्थातुम्?॥**

તે જ્ઞાન જ નથી, કે જેમાં રાગ, દ્વેષ વગેરે દોષો રહેલા છે. સૂરજ એના કિરણોને પ્રસરાવી રહ્યો હોય, ત્યાં અંધકાર શી રીતે ટકી શકે?

## શુદ્ધ ઉપયોગ ને સમતાધારી
## જ્ઞાન ધ્યાન મનોહારી

માત્ર માહિતી રૂપ જ્ઞાન ભયંકર હોય છે. આત્મપરિણતિરૂપ જ્ઞાન મનોહર હોય છે. જેમ અજ્ઞાનથી આત્માનું કલ્યાણ નથી થતું, તેમ જેમાં માત્ર માહિતી જ છે, એવા જ્ઞાનથી પણ આત્માનું કલ્યાણ થતું નથી. તો પછી અજ્ઞાન અને આ જ્ઞાનમાં શું ફરક રહ્યો? અજ્ઞાન પણ ભયંકર અને આ જ્ઞાન પણ ભયંકર.

એક માણસે પોપટ પાળ્યો હતો. એ પોપટને કોઈ બિલાડી ફાડી ન ખાય, એ માટે એ માણસે પોપટને ખૂબ ખૂબ રટાવી દીધું.... 'બિલ્લી આવે ઉડ જાના.' પોપટે પણ બરાબર યાદ રાખી લીધું. રોજ એ માણસ બે વાર પરીક્ષા પણ લઈ લેતો. પોપટ પટ પટ બોલી જતો, "બિલ્લી આવે ઉડ જાના." એક દિવસ પોપટ ઘરના આંગણામાં ફરતો હતો. એકાએક એની સામે એક બિલાડી આવી ગઈ. બિલાડીને જોતાની સાથે પોપટને પેલું વાક્ય યાદ આવી ગયું. એ જોર જોરથી બોલવા લાગ્યો, "બિલ્લી આવે ઉડ જાના બિલ્લી આવે..." બિલાડી નજીક આવી રહી છે, અને પોપટ પોપટપાઠ કરી રહ્યો છે... "બિલ્લી આવે..." અંતે જે થવાનું હતું એ જ થયું, બિલાડીએ તરાપ મારી દીધી, પોપટને જીવતો જ ફાડી ખાધો. શક્યતા હતી ત્યાં સુધી પોપટ બોલતો રહ્યો, "બિલ્લી આવે..."

માત્ર માહિતીનું જ્ઞાન... માત્ર જાણકારીનું ધ્યાન, એનું આ પરિણામ છે. વાસ્તવમાં આ જ્ઞાન જ નથી. સાચું જ્ઞાન હંમેશા ક્રિયા સહિત હોય છે. બિલાડીને જોતાની સાથે જો પોપટ પાંખો

ફફડાવીને ઉડી જાય, તો 'બિલ્લી આવે ઉડ જાના' આ તેનું જ્ઞાન સાચું. સંસાર અસાર છે... સંસાર અસાર છે... આવું લાખો વાર રટી જાય, પણ જો સંસારનો ત્યાગ ન કરે, સંસારમાં જ બેઠો રહે, તો એ જ્ઞાન નથી પોપટપાઠ છે.

પરમ પાવન **શ્રી આચારાંગ સૂત્ર**માં કહ્યું છે -

**विओसिरे विण्णू अगारबंधणं**

જ્ઞાની એ જે સંસારના બંધનને છોડી દે, અને પરમાત્મકથિત પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરે.

કેટલાંક લોકો મોક્ષમાર્ગના આ રહસ્યને સમજતા નથી, અને એવું માને છે કે 'ક્રિયા તો અભવ્ય (કદી મોક્ષે ન જનાર જીવ) પણ કરે છે, પણ તેનો તો મોક્ષ થતો નથી, માટે ક્રિયા એ મોક્ષનું કારણ નથી. જ્ઞાન એ જ મોક્ષનું કારણ છે.' તેઓ એ વાત ભુલી જાય છે કે આજના બધાં જ જ્ઞાન કરતાં હજારો - લાખોગણું જ્ઞાન અભવ્ય પણ ભણતો હોય છે. ને તો ય તેનો મોક્ષ તો થતો જ નથી.

'તો શું જેમ ક્રિયા મોક્ષનું કારણ નથી, એમ જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી?' આ પ્રશ્નનો જવાબ એ છે કે ક્રિયા પણ મોક્ષનું કારણ છે, અને જ્ઞાન પણ મોક્ષનું કારણ છે. પણ એ કઈ ક્રિયા અને કયું જ્ઞાન એ સમજવું જોઈએ. ૧૪૪૪ ગ્રંથના કર્તા પૂ. **શ્રીહરિભદ્રસૂરિ મહારાજા** ક્રિયા અને જ્ઞાનની પરિભાષાને સ્પષ્ટ કરે છે -

**अत एवागमज्ञस्य, या क्रिया सा क्रियोच्यते।**

**आगमज्ञोऽपि यस्तस्यां, यथाशक्त्या प्रवर्तते॥**

ક્રિયા કઈ સાચી? કે જે જ્ઞાનીની ક્રિયા છે. જ્ઞાન કયું સાચું? કે જેમાં યથાશક્તિ ક્રિયા છે. જ્ઞાન વિનાની ક્રિયા પણ નિષ્ફળ. ક્રિયા વિનાનું જ્ઞાન પણ નિષ્ફળ. જ્ઞાન શુદ્ધોપયોગરૂપ હશે, સમભાવથી યુક્ત હશે, તો એ અવશ્ય ફળશે જ. કારણ કે એવું જ્ઞાન અવશ્ય ક્રિયાસહિત હોય છે.

**શુદ્ધ ઉપયોગ ને સમતાધારી**

**જ્ઞાન ધ્યાન મનોહારી**

જ્ઞાન પછી ધ્યાનની કક્ષા આવે છે. પરમ પાવન **શ્રી સ્થાનાંગ સૂત્ર**માં કહ્યું છે -

**जया सुट्ठु अहीयं भवइ**

**तया सुट्ठु झाणं भवइ ।**

જ્યારે સુંદર અધ્યયન થાય, ત્યારે સુંદર ધ્યાન થાય છે.

કેટલી માર્મિક વાત છે! અજ્ઞાની વ્યક્તિ ધ્યાન કરવા બેસશે, તો સહજ રીતે દુર્ધ્યાન થઈ જશે. એનાથી વિપરીત જો શુદ્ધ જ્ઞાન હશે, તો અનાયાસે પણ સહજ રીતે ધ્યાન થતું રહેશે. **યોગદૃષ્ટિસમુચ્ચય**માં કહ્યું છે -

**ध्यानं च निर्मले बोधे सदैव हि महात्मनाम् ।**

**क्षीणप्रायमलं हेम सदा कल्याणमेव हि॥**

સુવર્ણમાંથી કચરો જતો રહે, એટલે એને ફરી ફરી કોઈ પ્રક્રિયામાંથી પસાર થવું પડતું નથી. એ હંમેશ માટે શુદ્ધ સુવર્ણ જ

રહે છે. એમ જ્ઞાન શુદ્ધ બને, પછી ધ્યાન હંમેશ માટે ચાલુ જ રહે છે. મન ડામાડોળ હોય, એ વ્યુત્થાન દશા છે. મન શુભાલંબન પર સ્થિર હોય, એ ધ્યાન દશા છે. આત્મપરિણતિ પામેલ શુદ્ધ જ્ઞાનની હાજરીમાં મન ડામાડોળ પણ શી રીતે હોઈ શકે? અને અશુભ આલંબન પર સ્થિર પણ કેમ હોઈ શકે? રાગ અને દ્વેષના વાવાઝોડા છે, ત્યાં મન ડામાડોળ છે ને ત્યાં મનનું આલંબન અશુભ છે. જ્ઞાનીને રાગ-દ્વેષ નથી, માટે તેનું મન ડામાડોળ નથી. જ્ઞાનીને રાગ-દ્વેષ નથી, માટે તેનું મન અશુભ આલંબન પર સ્થિર નથી. **અનુભૂતિગીતા**ના શબ્દો છે -

**લોચન આંતર ઉઘડે,**
**પ્રગટે વિશ્વ સ્વભાવ।**
**રાગાદિ અજ્ઞાનીને**
**જ્ઞાનીને સમભાવ॥**

કેવા મજાના અનુસંધાનો થઈ રહ્યા છે...

**શુદ્ધ ઉપયોગ ને સમતાધારી**
**જ્ઞાન ધ્યાન મનોહારી**

શુદ્ધ ઉપયોગ.... સમતા... જ્ઞાન... ધ્યાન આ બધાં જ એક દૃષ્ટિએ પર્યાય શબ્દો છે. કારણ કે આ બધાં જ શબ્દોનું તાત્પર્ય શુદ્ધ આત્મપરિણતિ છે. શુદ્ધિ. બસ... સફાઈ કરો. પછી જે ભીતરમાં બાકી રહેશે, એ સ્વયં શણગાર બની જશે. રાગ કાઢો... દ્વેષ કાઢો... આશા કાઢો... આ બધાં જ કચરાંથી શૂન્ય બની જાઓ. પૂર્ણ બનવા માટે આનાથી વધુ કશું જ કરવાનું રહેતું

નથી. **જ્ઞાનસાર** - ઉપહારમાં કહ્યું છે -

**न शून्यात् परमं पूर्णं**

**नाकिञ्चनात् परो नृपः।**

**न मौनात् परमा भाषा**

**नायोगाद्योग उत्तमः॥**

શૂન્યથી શ્રેષ્ઠ કોઈ પૂર્ણ નથી. અકિંચનથી શ્રેષ્ઠ કોઈ રાજા નથી. મૌનથી શ્રેષ્ઠ કોઈ ભાષા નથી અને અયોગથી શ્રેષ્ઠ કોઈ યોગ નથી.

શૂન્ય. રાગાદિના રસાયણો રવાના થઈ જાય, પછી કર્મો શી રીતે ટકી શકે? રાગાદિ દોષો જ કર્મોના પ્રવેશદ્વાર પણ છે, અને કર્મોના આલંબન પણ. રાગાદિ દોષો રવાના થાય, એટલે કર્મો પાસે એક જ વિકલ્પ બાકી રહે છે - વિદાય લેવાનો.

**કર્મ કલંક કું દૂર નિવારી**

**જીવ વરે શિવનારી**

હીરામાં ડાઘ હોય, એ કલંક છે. જીવમાં કર્મ હોય, એ કલંક છે. રાગાદિ દોષોના શ્લેષ - રસાયણોને આધારે કર્મ-કલંક આત્મા પર રહેલું છે. શ્લેષની વિદાયથી એ કલંક પણ વિદાય લે છે. અને એની સાથે જ આત્મા પરમાત્મા બની જાય છે. આત્મા - કર્મ = પરમાત્મા. પરમ પાવન **શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં** આ જ વાત કરી છે -

**कृत्स्नकर्मक्षयान् मोक्षः।**

સર્વ કર્મના ક્ષયથી મોક્ષ થાય છે. મોક્ષ એ જ શિવ છે. **યોગબિંદુ શ્લોકવાર્તિક - તત્ત્વપ્રેમ**માં કહ્યું છે - **शिवमशिवराहित्यात्** - જ્યાં કોઈ પ્રકારના ઉપદ્રવ નથી, એનું નામ 'શિવ'. મોક્ષમાં જન્મ નથી, રોગ નથી, ઘડપણ નથી, શોક નથી, અકસ્માત્ નથી, મૃત્યુ નથી... માટે એ શિવ છે. 'શિવ' ને જો સામ્રાજ્ય ગણો તો મુક્તિગમન એ રાજ્યાભિષેક છે. 'શિવ' ને જો સરોવર ગણો, તો મુક્તિગમન એ ડુબકી છે. 'શિવ' ને જો સુંદરી ગણો, તો મુક્તિગમન એ સ્વયંવર છે, જેમાં શિવસુંદરી જીવને વરમાળા પહેરાવે છે.

### કર્મ કલંક કું દૂર નિવારી
### જીવ વરે શિવનારી

બધાં જ અશિવ - ઉપદ્રવો ત્યાં સુધી જ છે... કે જ્યાં સુધી શિવપદની પ્રાપ્તિ નથી થઈ. આત્મસ્વભાવની યાત્રા જ્યારે શિવપદને આંબી જાય છે, ત્યારે એ બધાં જ ઉપદ્રવોને ઓળંગી જાય છે... હવે માત્ર શાશ્વત સુખ... હવે કેવળ પરમાનંદ... હવે ફક્ત સ્વરૂપસ્થિતિ... આખી દુનિયાના સુખોનો સરવાળો કરો, તો ય એ એક બિન્દુ માત્ર છે અને શિવપદનું સુખ એ મહાસાગર છે. 'પરભાવ' ના માર્ગે સંસાર છે. 'આત્મસ્વભાવ' ના માર્ગે 'શિવ' છે. 'પરભાવ' ના માર્ગે અનંત દુઃખ છે. 'આત્મ-સ્વભાવ' ના માર્ગે અનંત સુખ છે. જે માર્ગે જવું હોય, એ માર્ગે જવા માટે આપણે સ્વતંત્ર છીએ.

બુદ્ધિમત્તા હોય, તો-કઈ ઘટના કઈ રીતે ઘટવી જોઈએ,

ફલાણાએ શું કરવું જોઈએ ને ઢીકણાએ શું કરવું જોઈએ - એ બધું ભૂલી જાઓ, ને મારે શું કરવું જોઈએ, એનો વિચાર શરૂ કરી દો. આપણે સ્વતંત્ર છીએ. પૂર્ણ સ્વતંત્ર. પણ આપણી જાત પૂરતા. આપણા આત્મા સિવાય બીજા કોઈ પર આપણો અધિકાર નથી. પરતપ્તિ (પારકી પંચાત) કરશું તો દુઃખી થઈશું. આત્મસ્વભાવમાં લીન થઈશું, તો સુખી થઈશું. કોણે શું કરવું, કે કોઈએ શું કરવું જોઈએ, એ આપણે નક્કી કરવાનું જ નથી. આપણે તો એટલું જ નક્કી કરવાનું છે, કે મારે સુખી થવું? કે દુઃખી થવું? વિચારશક્તિ ને વિવેકશક્તિ હોય, તો સાચો નિર્ણય કરવો અને એ નિર્ણયને અનુસરવું તદ્દન સરળ છે.

અનુશાસન હવે અનુભૂતિમાં પરિણમ્યું છે... મનનું ઉન્મનીકરણ થયું છે... અને વનનિકુંજનો એ લતામંડપ શિવસુંદરીનો સ્વયંવરમંડપ બન્યો છે...

**જીવ વરે શિવ નારી**

| | |
|---|---|
| શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલય | પોષ સુદ ૬ |
| શ્રી સાબરમતી જૈન સંઘ | વિ.સં. ૨૦૭૦ |
| રામનગર, અમદાવાદ | |